સ્વામી સચ્ચિદાનન્દ





# મોરિશિયસ અને દુબઈનો પ્રવાસ



# મોરિશિયસ અને દુબઈનો પ્રવાસ

## સ્વામી સચ્ચિદાનંદ

ગુર્જર સાહિત્ય ભવન

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001

MOAURITIUS ANE DUBAI–NO PRAVAS
A Travelogue by Swami Sachchidanand

Published by Gurjar Prakashan,
Ahmedabad: 380 006 (India)

© Swami Sachchidanand

First Published: 2008
This ePub edition: 2015

ISBN: 978-93-5175-073-4

GURJAR PRAKASHAN
Website: www.gurjar.biz
e-mail: goorjar@yahoo.com

eBook by

www.e-Shabda.com

પરિચય થયા પછી ડગલે ને પગલે
જે હંમેશાં ઉપયોગી થતા રહ્યા છે તે
શ્રી ચંદુભાઈ પુરુષોત્તમદાસ પટેલ(સી. પી. પટેલ)ને સપ્રેમ ભેટ.

સચ્ચિદાનન્દ

# ભૂમિકા

અણધાર્યો પ્રવાસ ગોઠવાઈ ગયો. પૂર્વયુરોપના છેલ્લા પ્રવાસ પછી મને લાગવા માંડેલું કે હવે હું વૃદ્ધ થઈ ગયો છું. હવે પ્રવાસ બંધ કરવા જોઈએ, પણ જગદીશભાઈએ પ્રવાસ ગોઠવી જ દીધો. આ પ્રવાસ નાનો, ટૂંકો અને નજીકનો રહ્યો. પહેલાં મોરિશિયસ ગયા અને પછી દુબઈ ગયા. બન્ને પ્રદેશો ટાપુ જેવા નાના, ઓછી વસ્તીવાળા અને અપરાધમુક્ત, શાંત લાગ્યા. પણ પ્રાકૃતિક રીતે અને ધાર્મિક રીતે બન્નેમાં ઘણો તફાવત. મોરિશિયસમાં જ્યાં લીલુંછમ જોવાનું મળે ત્યાં દુબઈમાં રણ જ રણ. મોરિશિયસમાં હિન્દુધર્મની પ્રધાનતા, છે તો દુબઈ ઇસ્લામના રંગે રંગાયેલું છે.

પ્રજાજીવન પર સૌથી મોટી અસર ધર્મની થતી હોય છે. હિન્દુ ધર્મમાં ઘણાં દેવ–દેવીઓ હોવાથી કટ્ટરતા નથી. સૌને હાથ જોડવાની પદ્ધતિ વિકસી છે. બીજી તરફ ઇસ્લામમાં એક જ અલ્લા અને તે પણ નિરાકાર હોવાથી કટ્ટરતા લાગે, પણ સમૃદ્ધિની દૃષ્ટિએ મોરિશિયસ કરતાં દુબઈ ઘણું આગળ. ભારત કરતાં મોરિશિયસનો સામાન્ય માણસ ચારગણું કમાય છે, તો બીજી તરફ દુબઈનો માણસ તો કદાચ દશગણું કમાતો હશે. આ જ કારણસર લોકો દુબઈ જવા પડાપડી કરતા હોય છે. ભારતના અર્થશાસ્ત્રીઓએ–ખાસ કરીને ચરખા અર્થશાસ્ત્રીઓએ દુબઈ જઈને અધ્યયન કરવું જોઈએ કે કશા જ સોર્સ વિના આ પ્રદેશ આટલો બધો સમૃદ્ધ કેવી રીતે થયો અને આપણી પાસે બધા સોર્સ હોવા છતાં પણ દેશ પછાત અને ગરીબ કેમ બન્યો. બન્ને પ્રદેશોમાં કાયદાની વ્યવસ્થા ઘણી સારી. ક્યાંય પોલીસ જ ન દેખાય. બન્ને પ્રદેશમાં પચરંગી અને વિવિધધર્મી વસ્તી હોવા છતાં ક્યાંય કોમવાદ કે કોમી ઝઘડા નહિ. ભારતના રાજકારણીઓએ બન્ને જગ્યાએ જઈને અધ્યયન કરવું જોઈએ કે અહીં કોમવાદ કે કોમી ઝઘડા કેમ નથી.

શું કારણ છે કે આઝાદીની શરૂઆતથી જ અહીં કોમવાદ–કોમી અગ્નિ ભડકતો થયો છે, જે હજી પણ બુઝાતો નથી. મને લાગે છે કે જેમને રાજ કરતાં આવડતું જ નથી તેવા લોકો રાજગાદી પર ચડી બેઠા છે. ભૂલો પર ભૂલો થઈ રહી છે. હવે તો બૉમ્બ–બ્લાસ્ટનો સમય આવી ગયો છે. રોજ ધમાકા થાય છે અને ધમાકા કરનારાઓને નેતાઓ અને મંત્રીઓ હિંમત આપે છે. તેમનાં બે મોઢાં છેઃ એક પ્રજા તરફનું છે, જેના દ્વારા રાતદિવસ બોલ્યા કરે છે કે "હમ આતંકવાદકો ખત્મ કરકે રહેંગે." બીજું આતંકવાદીઓ તરફનું મોઢું છે. બોલે છે કે "ચિંતા ન કરો, તમારો કેસ અમે અમારા ખર્ચે લડી આપીશું." જેનો અર્થ થાય કે આગળ વધો, અમે તમારી પાછળ છીએ. એક જૂનું ગીત કોઈકોઈ વાર સાંભળવા મળે છે, જેમાં કહેવાયું છે કે

*"ઈસ દેશકો રખના મેરે બચ્ચોં સમ્હાલકે."*

આવું કહેનારાનાં બચ્ચાં જ આ દેશને બરબાદ કરી રહ્યાં છે. ક્યાંય શાન્તિ નથી. કાયદો તો લગભગ તૂટી પડ્યો છે. આવી સ્થિતિમાં આ નાનકડું પુસ્તક આપણને સૌને અર્થકારણ અને રાજકારણનું માર્ગદર્શન પૂરું પાડશે તેવી મારી ધારણા છે.

પ્રવાસમાં બધાં પ્રવાસીઓ સારાં, ભલાં અને અનુશાસિત રહ્યાં. સૌના સુમેળથી જ પ્રવાસની સફળતા મળતી હોય છે.

અમારા પ્રવાસમાં સૌથી વધુ મહત્ત્વ હાર્દીબહેન મોઢાને આપવું જોઈએ. આ બહેન પ્રવાસ મૅનેજર તરીકે સાથે આવ્યાં હતાં. તેમણે ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરી, હોટલો સારી રહી, સગવડો સારી રહી, જમવાનું પણ સારું રહ્યું, જેથી તેમને ખૂબખૂબ ધન્યવાદ. શ્રી રાજ ટ્રાવેલ્સનાં શ્રેયાબહેને તેમને કામગીરી સોંપીને સારું જ કર્યું.

પ્રો. સંતોકી મારા રૂમ–પાર્ટનર રહ્યા. તેમણે સારી સેવા કરી. તેમનો આભાર.

કાન્તાબહેન રોજ મારાં કપડાં ધોઈ દેતાં તેથી તેમનો આભાર.

શ્રી અજિત શાહે બધાને કટોરા ભેટ આપ્યા અને પાણીની વ્યવસ્થા તો તેમના માથે જ હોય એટલે તેમનો પણ આભાર.

એ કહેવાની જરૂર નથી કે રાજ ટ્રાવેલ્સે મારી પાસેથી કશો જ ચાર્જ લીધો નહિ. પ્રત્યેક પ્રવાસની માફક આ વખતે પણ હું તો ફ્રી જ

હતો. તેમને ધન્યવાદ.

દશ જ દિવસનો આ ટૂંકો પ્રવાસ ખૂબ રંગે–ચંગે–આનંદે પૂરો થયો તે માટે પરમેશ્વરનો આભાર. છેલ્લા દિવસે દિલ્હીમાં બૉમ્બ ફૂટ્યા અને પાકિસ્તાનમાં પણ પાંચ તારાવાળી આખી હોટલ સળગાવી મૂકી અને તે પછી પણ ધડાકાઓ ચાલ્યા જ કરે છે તે જોઈને ભારે ગ્લાનિ અને ચિંતા થાય છે. એવું લાગે છે કે જાણે સરકારને લકવો લાગી ગયો છે. અયોગ્ય માણસની પ્રથમ નિશાની એ હોય છે કે તે સમય આવ્યે રાજીનામું આપી શકતી નથી. તેને ખુરશી પરથી પગ ખેંચીને પછાડવી પડતી હોય છે. એવું લાગે છે કે આવનારાં વર્ષોમાં આ દેશ બહુ મોટા આંતરિક સંકટમાં ફસાઈ જવાનો છે. દુર્બળ નેતાઓ દેશને સાચવી શકતા નથી. પરમાત્મા જ રક્ષણ કરે.

આ વખતે તો ગૂર્જરના શ્રી મનુભાઈ શાહ પણ તેમનાં પત્ની સાથે અમારા પ્રવાસમાં જોડાયા હતા. અમારે તેમને રાજા–મહારાજા બનાવવા હતા, પણ છેલ્લા દિવસ સુધી મેળ ન પડ્યો. હવે ફરી બીજા પ્રવાસમાં મેળ પડશે તેવી આશા રાખું છું.

પ્રો. ચિમનલાલ ત્રિવેદી હજી પણ મારાં પુસ્તકોનું પ્રૂફ–સંશોધન કરી રહ્યા છે તે આનંદનો વિષય છે. તેમનો આભાર.

અંતમાં પરમકૃપાળુ પરમાત્માનો હાર્દિક આભાર.

સ્વામી સચ્ચિદાનન્દ
તા. 30–9–2008

શ્રી ભક્તિનિકેતન આશ્રમ
દંતાલી–પેટલાદ. જિ. આણંદ–388450
ગુજરાત. ફોનઃ (02697) 252480

# સહપ્રવાસીઓ

1. સ્વામી સચ્ચિદાનંદજી
2. શ્રી જગદીશભાઈ અંબાલાલ પટેલ
3. શ્રીમતી કાંતાબહેન જગદીશભાઈ પટેલ
4. શ્રી જોઈતારામ મણિલાલ પટેલ
5. શ્રીમતી શારદાબહેન મણિલાલ પટેલ
6. શ્રી જયંતીભાઈ ઈશ્વરલાલ પટેલ
7. શ્રીમતી સીતાબહેન જયંતીભાઈ પટેલ
8. શ્રી દશરથલાલ નાથાલાલ પટેલ
9. શ્રીમતી કાંતાબહેન દશરથલાલ પટેલ
10. શ્રી બાબુલાલ મફતલાલ પટેલ
11. શ્રીમતી ધર્મિષ્ઠાબહેન બાબુલાલ પટેલ
12. કુ. નિધિ બાબુલાલ પટેલ
13. શ્રી અજિતકુમાર દેવચંદભાઈ શાહ
14. શ્રી અરવિંદભાઈ જોઈતારામ પટેલ
15. શ્રી દેવચંદભાઈ હરજીવનભાઈ પટેલ
16. શ્રીમતી જયશ્રીબહેન દેવચંદભાઈ પટેલ
17. શ્રીમતી કાંતાબહેન મોહનલાલ પટેલ
18. પ્રો. શ્રી લક્ષ્મીદાસ કલ્યાણજી સંતોકી
19. શ્રી શક્તિસિંહ ધીરુભાઈ ચુડાસમા
20. શ્રી હસમુખભાઈ અમૃતલાલ પટેલ
21. શ્રી અશોક એકનાથ ચવ્હાણ
22. શ્રીમતી મંગલાબહેન અશોકભાઈ ચવ્હાણ
23. શ્રી મનુભાઈ ગોવિંદભાઈ શાહ
24. શ્રીમતી તારાબહેન મનુભાઈ શાહ
25. શ્રી મયૂરસિંહ સુજનસિંહ ચુડાસમા
26. કુ. નિશાબહેન દિનેશભાઈ પટેલ
27. કુ. હાર્દી રૂપેશભાઈ દેસાઈ [Escort]

# મોરિશિયસ અને દુબઈનો પ્રવાસ

*

## સ્વામી સચ્ચિદાનંદ

# 1

"ચલતા રહો, ફરતા રહો–ચરૈવેતિ, ચરૈવેતિ"–આવું જ કાંઈક મારા જીવનમાં પણ થઈ રહ્યું છે. કલ્પનાયે ન હતી અને એક નવો પ્રવાસ ગોઠવાઈ ગયો. મારી સાથે વારંવાર પ્રવાસ કરનારાંઓને પણ પ્રવાસનો રંગ લાગ્યો છે. તેઓ પણ સમજી ગયાં છે કે "જીવ્યા કરતાં જોયું ભલું." શ્રી જગદીશભાઈ 'જગડુશા'એ વાતવાતમાં મોરિશિયસ અને દુબઈનો પ્રવાસ ગોઠવી દીધો અને જોતજોતાંમાં 26 પ્રવાસીઓ થઈ ગયાં. શ્રી રાજ ટ્રાવેલ્સે આ વખતે પણ બધી વ્યવસ્થા સંભાળી. કુશળ અને લાગણીશીલ મૅનેજર શ્રીમતી શ્રેયાબહેને બધું વ્યવસ્થિત ગોઠવી દીધું. જો તમારે સારી રીતે પ્રવાસ કરવો હોય તો પૂરી અને સારી વ્યવસ્થા પ્રથમથી જ કરી દેવી જોઈએ. વ્યવસ્થા જ સફળતાની ચાવી છે. અમારી પૂરી ટીમને સંભાળવા હાર્દીબહેનને સાથે મોકલ્યાં. દસ દિવસના અનુભવે સમજાયું કે હાર્દી ખરેખર કુશળ તો છે જ પણ સાથે–સાથે નમ્ર, વિવેકી, સેવાભાવી અને આળસ–પ્રમાદ વિના દોડીદોડીને કાર્ય કરનાર કાર્યકરી પણ છે. અમારા પ્રવાસની સફળતામાં હાર્દીનો બહુ મોટો યોગ જ કહી શકાય.

તા. 5–9–08ની સાંજે અમે સૌ કોબા આશ્રમમાં ભેગાં થયાં અને શિખંડ–પૂરી જમીને સાંજના છ વાગ્યે અમદાવાદના હવાઈ મથકે પહોંચી ગયાં. જો તમારે વિદેશ જવું હોય તો ત્રણેક કલાક પહેલાં વિમાની મથકે પહોંચી જવું જરૂરી છે. હવે તો આપણું અમદાવાદનું મથક પણ સારું અને ગૌરવ લેવાય તેવું થઈ ગયું છે. ગૌરવ લેવા જેવી વસ્તુ હોય તો જ ગૌરવ લેવાય. ગૌરવ લેવા જેવી વસ્તુ જ ન હોય અને ગૌરવની વાતો કરે તો તે મિથ્યા ગૌરવ કહેવાય. હાર્દી અને બીજા ભાઈઓ બધી વિધિઓ પતાવવા લાગ્યાં. ત્યાં સુધી હું એક બેન્ચ પર બેઠો છું. અવારનવાર પરિચિત માણસો આવે છે અને મળે છે. એક ભાઈ આવ્યા અને બોલ્યા કે "હું તમને ઓળખું છું. તમે વિજાપુરના છો ને?" મેં કહ્યું કે "ના–ના, હું તો દંતાલીનો છું." તો કહે કે "ના–ના" હું તમને વિજાપુરમાં મળ્યો હતો. મારું માથું ઝાટકા નાખતું હતું અને તમે મંતરીને મટાડી દીધું હતું. આજની ઘડી ને કાલનો દાડો, રોગ ગયો તે ગયો." મેં કહ્યું કે "ના–ના, હું કાંઈ મંતર–બંતર કરતો નથી." પણ કોણ માને! આપણે કેટલા બધા ભ્રમમાં જીવીએ છીએ! કોના પર કેવી–કેવી આરોપિત ભ્રમણાઓ સ્થાપી દેતા હોઈએ છીએ!

વિમાનમાં બેસતાં પહેલાં સુરક્ષાજાંચ જરૂરી છે. આતંકવાદીઓના કારણે વિશ્વભરમાં હવે ઘણી કઠોર જાંચ થવા લાગી છે. મેં અનેક વાર જોયું કે આપણાં ભાઈ–બહેનો લાઇનમાં માનતાં નથી. લાઇન તોડીને કેમ આગળ ઘૂસ મારવી તે જાણે કે આપણો સ્વભાવ થઈ ગયો છે. બે–ત્રણ વાર આવા અનુભવો અહીં પણ થયા. અંતે અમે બધાં વિમાનમાં ગોઠવાયાં. સૌ પોતાને અનુકૂળ સીટ નંબરોમાં અદલા–બદલી કરી અને શાન્તિથી બેઠાં છીએ. અમારી એરલાઇન "આરબ અમીરાત" છે, જેનો વિશ્વમાં ઊંચો નંબર છે. એરહોસ્ટેસો માથા પર પાઘડી જેવું બાંધેલી છે. તેઓ કદાચ આરબ કે પછી યુરોપિયન લાગે છે. થોડી જ વારમાં બધાંને ગરમ–ગરમ રૂમાલ આપ્યા. ખાદી જેવા બરછટ રૂમાલથી પોતાના ચહેરા સાફ કરવાના. હાથ વગેરે પણ સાફ કરી શકાય. એક વેંતનું કાપડ પાંચ લીટર પાણી કરતાં પણ વધુ સારું કામ કરે. ચહેરો લૂછવાથી પરસેવો તો લુછાઈ જાય સાથેસાથે સ્ફૂર્તિ પણ આવી જાય, બધાં ઉચ્ચારણો—જાહેરાતો અરબી ભાષામાં થઈ રહ્યાં છે. તમે ભાષા સમજો કે ન સમજો, તેનાં ઉચ્ચારણો સાંભળીને પણ તેના વિશે અભિપ્રાય બાંધી શકો છો. સંસ્કૃતના શ્રવણમાં જે મીઠાશ અને શાલીનતા છે તે ન સમજનારને પણ ગમી જાય તેવી છે. આવું જ તામિલ ભાષાનું છે. તેના જોડાક્ષરોને જે રીતે બોલવામાં આવે છે તે પણ મુગ્ધકારી છે. અરબી ભાષામાં પૌરુષ ઝલકતું દેખાય છે. તેનાં કેટલાંક ઉચ્ચારણો ગળામાંથી બોલાય છે. કેટલીક ભાષાઓ નાકમાંથી વધુ બોલાતી હોય છે.

બરાબર સમયસર અમારા વિમાને રનવે પર દોટ મૂકી. બોઈંગ 777 નવું વિમાન છે. ત્રણસોથી વધુ પ્રવાસીઓ ભરીને તે ઊડી શકે છે. જોતજોતાંમાં વિમાન આકાશમાં ચાલીસ હજાર ફૂટની ઊંચાઈએ પહોંચી ગયું. અહીં બહારનું તાપમાન માઇનસ 40 છે, અર્થાત્ તમે પાંચ જ મિનિટમાં થીજી જાઓ. વિમાન જેટલું વધુ ઊંચે ઊડે તેટલું જ ગુરુત્વાકર્ષણનું દબાણ ઓછું થતું જાય. ગુરુત્વાકર્ષણ ઓછું થવાથી વિમાનનું વજન હલકું થઈ જાય. તેથી ઈંધણની ખપત ઘણી ઓછી થઈ જાય. પ્રવાસીઓને ખબર પણ નથી હોતી કે આટલા ઊંચે વિમાન

ઊડવાથી તેમને થાક નથી લાગતો. આ જ પ્રવાસ જો ધરતી પર કરવાનો હોય તો માણસ થાકી જાય, કારણ કે ધરતી પર ગુરુત્વાકર્ષણ વધારે હોવાથી વજન વધી જાય.

હવે તો આધુનિક વિમાનોમાં પ્રત્યેક સીટની આગળ ટી.વી. સ્ક્રીન હોય છે, જેના પર અનેક ચૅનલો આવતી હોય છે તેમાંની એક ચૅનલ છેઃ વિમાનની સ્થિતિ બતાવનારી, અર્થાત્ વિમાન અત્યારે ક્યાં છે, કેટલી ગતિ છે, કેટલી ઊંચાઈ છે, કેટલું અંતર કાપ્યું, કેટલું બાકી છે, કેટલી સ્પીડ છે, વગેરે બધી વિગતો પળેપળની આવ્યા કરે છે. અમે કચ્છ અને બનાસકાંઠા પરથી પાર થયાં અને હવે કરાંચી નજીક છીએ. રસ્તામાં આવતાં બધાં હવાઈ મથકોને પૂર્વસૂચિત કરીને મંજૂરી લેવી જરૂરી હોય છે, નહિ તો શત્રુવિમાન સમજીને ફૂંકી પણ મારે. લ્યો ત્યારે, હવે ગ્વાદર બંદર આવ્યું. પાકિસ્તાનનું બલૂચિસ્તાનમાં આવેલું આ બીજું મોટું બંદર છે. રશિયા આ બંદર મેળવવા અફઘાનિસ્તાનમાં ઘૂસી આવ્યું હતું. પણ બહાદુર અફઘાનોએ સાત વર્ષ સુધી લડત આપીને અંતે રશિયનોને પાછા ધકેલી દીધા હતા. બલૂચિસ્તાનનું આ ગ્વાદર બંદર બચી ગયું હતું. ગ્વાદરની ચારે તરફ સૂકું રણ છે તે આ સ્ક્રીન પરથી જોઈ શકાય છે. ભારત–પાકિસ્તાનનું યુદ્ધ થાય તો કરાંચી બંદર પર હુમલો કરવા કરતાં ગ્વાદર પર હુમલો કરવો વધુ હિતકારી જણાય છે, કારણ કે જે સુરક્ષા–વ્યવસ્થા કરાંચીમાં છે તે ગ્વાદરમાં નથી. હુમલો હમેશાં કમજોર કડી પર જ કરવાનો હોય. બલૂચિસ્તાનની પ્રજા પણ પાકિસ્તાનથી સંતુષ્ટ નથી. સ્થાયી પ્રજાનો સાથ પણ સફળતામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. અમે ગ્વાદર પાર કર્યું. ઈરાન તરફ ન જતાં ખાડી પાર કરીને સામે જ આવેલા દુબઈ તરફ વળી ગયાં. આ બધો પ્રદેશ સૂકા પર્વતોનો છે. લગભગ અઢી કલાક ઊડીને અમે દુબઈ પહોંચી ગયાં.

દુબઈનું હવાઈ મથક વિશ્વનાં અનેક હવાઈ મથકોની ટક્કર લે તેવું મોટું અને ભવ્ય છે. આપણી પાસે આવું એક પણ હવાઈ મથક નથી. દિલ્હી–મુંબઈ પણ નાનાં લાગે. નાનોસરખો રણનો સુક્કો પ્રદેશ પણ સમૃદ્ધિમાં ક્યાંથી ક્યાં પહોંચી ગયો છે! સમૃદ્ધિ નૉલેજમાંથી આવે છે. નૉલેજ એટલે સાચું ચિંતન. જ્ઞાન–વિજ્ઞાન એ ધન જ છે. રાષ્ટ્રને જ્ઞાન–વિજ્ઞાન તરફ વાળવામાં આવે તો રાષ્ટ્ર ધનાઢ્ય થઈ શકે.

વિમાન ઊભું રહી ગયું. 117 નંબરનો ગેટ છે. પ્રવાસીઓની એક બહુ મોટી કુટેવ હોય છે કે વિમાન પૂરું ઊભું પણ ન રહ્યું હોય અને પ્રવાસીઓ ઊભા થઈ જાય. બધાં ઊભાં થઈ ગયાં, પણ દરવાજો ખોલાય તો આગળ જવાય ને! ઘણો સમય ઊભાં રહીને બધાં થાક્યાં પછી માંડ દરવાજો ખૂલ્યો. અમારે અહીંથી મોરિશિયસ જવાનું છે. હજી ફ્લાઇટને પાંચ–છ કલાકની વાર છે. આટલો સમય કાઢવો ક્યાં? મોરિશિયસ જવાનો ગેટ હતો તેની પાસે જ લૉબીમાં ઘણી ખુરશીઓ હતી અને ઘણાં પ્રવાસીઓ નીચે જમીન પર જ લાંબાં થયાં હતાં. અમે ખુરશીઓ પર ગોઠવાયાં અને ના–ના કહેતાં કેટલાંક નીચે લાંબાં થયાં. ભૂખ છોડે પણ ઊંઘ તો કોઈને પણ ન છોડે. વચ્ચે થોડો રસ્તો રાખીને બન્ને તરફ લોકો આડા–અવળા સૂતા છે. હું તો ખુરશી પર જ ઝોકાં ખાઈ રહ્યો છું. આ દૃષ્ટિએ મુંબઈનું હવાઈ મથક સારું કહેવાય. ત્યાં પ્રવાસીઓને લાંબાં થઈને સૂવા માટે લાંબી ખુરશીઓ પણ મૂકેલી છે.

દુબઈવાળાનું ધ્યાન આ તરફ જાય અને સો–બસો આવી લાંબી ખુરશીઓ ગોઠવે તો પ્રવાસીઓને જમીન પર આળોટવું ન પડે. અગવડો કોઈને ગમતી નથી, સગવડો સૌને ગમે છે, કારણ કે અગવડોથી દુઃખ થાય છે અને સગવડોથી સુખ થાય છે. સગવડો ઊભી કરનાર રાષ્ટ્ર જ પ્રજાને સુખી કરતું હોય છે. અમારે પાંચેક કલાક આવી જ રીતે કાઢવાના છે. હવાઈ મથક પર ખાસ કાંઈ આરબપણું દેખાતું નથી. દાઢી કે બુરખા નહિ જેવા જ દેખાય છે. બે–ત્રણ જગ્યાએ સ્મોકિંગ કક્ષ બનાવેલા છે, જ્યાં લોકો ભેગા થાય છે અને ધુમાડા કાઢે છે. બાકી કોઈ જગ્યાએ ધૂમ્રપાન થતું નથી. ધીરેધીરે લોકો ધૂમ્રપાનવિરોધી થતા જાય છે તે સારી વાત છે.

ખુરશી પર બેઠાંબેઠાં મને ઝપકી આવી ગઈ. જ્યારે આંખ ઊઘડી તો જોયું કે મારી બાજુની ખુરશીમાં એક આધેડ ઉમ્મરના મુસ્લિમ ભાઈ આડા થઈને સૂતા છે. તેમનું અડધું ધડ મારી ખુરશી પર છે અને બાકીના પગ પેલી ખુરશી તરફ છે. મને નવાઈ લાગી. આવી રીતે સુવાય નહિ. પછી તો ભાઈ પણ જાગ્યા. પૂછતાં ખબર પડી કે તેઓ આજમગઢના છે અને મોરિશિયસ જઈ રહ્યા છે. તેમણે વાતચીતમાં કાંઈ રુચિ ન બતાવી. અંતે કપરા કલાકો પૂરા થયા. અમે બધાં વિમાનમાં ગોઠવાયાં. અમારે સતત છ કલાક સુધી આકાશમાં રહેવાનું છે.

ફ્રાંસની બનાવટનું આ એરબસ 330 વિમાન છે. અત્યારે અમેરિકાની બોઇંગ કંપની અને ફ્રાંસની એરબસ કંપની વચ્ચે ભારે સ્પર્ધા છે. મારી દૃષ્ટિએ એરબસનાં વિમાનો વધુ ચઢી જાય છે. વિમાન તો ઊપડ્યું પણ ઊંઘમાં આંખો ઘેરાતી હતી. મારી બાજુમાં પ્રો. સંતોકી બેઠા હતા. એક સીટ ખાલી હતી. તેઓ બીજી સીટ પર ચાલ્યા ગયા. હવે ત્રણ સીટો મારે ભાગે આવી. હું આડો પડીને સૂઈ ગયો. ઘણું સુખ મળ્યું. પણ એરહોસ્ટેસે મને બે વાર જગાડ્યો. તેનો આગ્રહ હતો કે હું કાંઈક ખાઉં, પણ મારે કશું ખાવું ન હતું. 1–2 કલાક પછી ફરી તેણે મને જગાડ્યો. કાંઈક ખાઈ લો. અત્યારે રમજાન મહિનો ચાલે છે. મુસ્લિમો રોજાં રાખે છે. રાત્રે જમે છે. દિવસે પાણી પણ પીતા નથી. કદાચ એ દૃષ્ટિએ મને વારંવાર જગાડતાં હશે. વિમાનમાં ઘણી જગ્યાઓ ખાલી હતી. એટલે મારી માફક જેમને જગ્યા મળી તે બધાં સૂઈ ગયાં. સૂઈ જવાથી સમય જલદી કપાઈ ગયો.

અંતે અમે મોરિશિયસના સર શિવસાગર રામગુલામ હવાઈ મથકે પહોંચી ગયાં. શ્રી શિવસાગર આ દેશના પ્રથમ પ્રધાનમંત્રી હતા. તેઓ ભારતીય (બિહારી) હતા. વિમાનમથક નાનુંસરખું પણ સરસ છે. અહીંનું નાણું રૂપિયો કહેવાય છે. એક ડૉલરના 27 રૂપિયા મળે છે. (આપણા રૂપિયા 45 મળે છે.) શ્રી શિવસાગર 40 વર્ષ પ્રધાનમંત્રી રહ્યા. તેમના અવસાન પછી હવે અત્યારે નવીન રામગુલામ—તેમના પુત્ર પ્રધાનમંત્રી છે. રામગુલામ તેમની અટક છે. અહીં ઘણાની અટકો તેમના દાદાના નામથી ચાલે છે. ઘણાં વર્ષો પહેલાં અહીં રામગુલામ મજૂરી કરવા આવેલા હશે. તેમના વારસદારોની તે જ અટક—સરનેમ થઈ ગઈ.

અમને લેવા માટે બે નાની બસ આવી છે. એક મોટી બસની વ્યવસ્થા થઈ શકી નથી. અહીંથી પૉર્ટ સુધી 50 કિ.મી. જેટલું અંતર છે. એક કલાક તો લાગે જ. અમે વિદાય થયાં.

17–9–08

*

# 2

સવારના દસેક વાગ્યા હશે. અમે પૉર્ટ લુઈ તરફ જઈ રહ્યાં છીએ. ચારે તરફ લીલુંછમ વાતાવરણ છે. શેરડીનાં ખેતરો જ ખેતરો છે. અધધધ! આટલી બધી શેરડી અહીં થાય છે! વળી પાછી સિંચાઈની ખાસ વ્યવસ્થા વિના જ શેરડી થાય છે. અહીં બારે માસ વરસાદ આવે છે. પાંચ–દશ દિવસમાં એકાદ ઝાપટું પડી જાય છે. જમીનમાં પાણી પાંચ–સાત ફૂટે મળી આવે છે. ટ્યૂબવેલ કરો તો 25–30 ફૂટ બહુ થઈ જાય. ક્યાંય કોઈ કોરી જમીન દેખાતી નથી. બધે જ ગીચ ઝાડીઓ અને લીલાંછમ ખેતરો છે.

અમારો ગાઇડ નવીન છે અને ડ્રાઇવર નદીમ છે. હિન્દુ–મુસ્લિમ હોવા છતાં બન્ને ભાઈ જેવા લાગે છે. અહીં હિન્દુ–મુસ્લિમનું રાજકારણ છે જ નહિ તેથી બધાં ભાઈચારાથી રહે છે. નવીનનું ઉચ્ચારણ બિહારી હિન્દી જેવું છે. હું તો થોડું સમજું છું પણ બાકીનાં ખાસ કાંઈ સમજતાં નથી. એટલે મુદ્દાની વાતો હું કહી દઉં છું.

મોરિશિયસને 12 માર્ચ, 1968ના રોજ અંગ્રેજોએ આઝાદી આપી હતી. પૂર્વે કહ્યું તેમ શિવસાગર પ્રથમ પ્રધાનમંત્રી થયા હતા. 40 વર્ષ સુધી પ્રધાનમંત્રી રહીને 85 વર્ષની ઉમ્મરે તેમનું અવસાન થયું. જો તમે ધ્યાનથી જોશો તો દેખાશે કે યોગીઓ કરતાં રાજકારણીઓ વધુ લાંબું જીવતા હોય છે. કારણ શું? યોગીઓ કુદરતવિરોધી ક્રિયાઓ કરતા હોય છે, જેમ કે નેતિ—ધૌતિ—બસ્તિ—ન્યૌલિ વગેરે કુદરતવિરોધી ક્રિયાઓ છે. બીજું કારણ કદાચ એ પણ હોય કે તેઓ એકાંતમાં પુરાઈને જીવન જીવતા હોય છે, જેથી હસી–મજાક અને હળવાપણું મળતાં નથી. કોઈની હૂંફ પણ મળતી નથી. આમ એકાકીપણું વૅક્યુમ સર્જે છે. ત્રીજું કારણ ટેન્શન વિનાનું જીવન જીવતા હોય છે. સંઘર્ષ વિનાના જીવનમાં ટેન્શન હોતું નથી. કદાચ આ ત્રણ મુખ્ય કારણોસર તેઓ લાંબું જીવન જીવી શકતા નથી. ટેન્શનથી હૃદય મજબૂત થાય છે. તમે કેટલું ટેન્શન સહન કરી શકો છો તે મહત્ત્વનું છે.

રાજનેતાઓ સંઘર્ષમય જીવન જીવતા હોય છે તેથી સતત ટેન્શનમાં જીવન જીવે છે. ધીરેધીરે આ ટેન્શન તેમના મનને મજબૂત બનાવે છે. જેમ શ્રમથી શરીર કસાય છે તેમ ટેન્શનથી મન પણ કસાય છે. આથી મન મજબૂત બને છે. તે આઘાત–પ્રત્યાઘાતોને સહન કરી શકે છે. બીજું, મોટા ભાગના લોકો કુદરતવિરોધી જીવન જીવતા નથી હોતા. આવાં બધાં કારણોને લીધે રાજનેતાઓ લાંબું જીવન જીવતા હોય છે. તેમના અવસાન પછી વિશ્વના નેતા અનિરુદ્ધ જગન્નાથ પ્રધાનમંત્રી બન્યા હતા. તેમના પછી અત્યારે નવીનચંદ્ર રામગુલામ પ્રધાનમંત્રી છે.

મોરિશિયસ નાનો ટાપુ છે. 1865 ચો. કિ.મી.નું તેનું ક્ષેત્રફળ છે. ઉત્તર–દક્ષિણ 65 કિ.મી. અને પૂર્વ–પશ્ચિમ 45 કિ.મી.ની લંબાઈ–પહોળાઈ છે. અહીંની કુલ વસ્તી માત્ર 12 લાખ છે. તેમાં પૉર્ટ લૂઈમાં 165000 માણસો રહે છે.

લગભગ એક કરોડ વર્ષથી આ ટાપુ ખાલી પડ્યો હતો. અહીં માણસો રહેતાં જ નહિ એટલે અહીં કોઈ આદિવાસી નથી. જ્યારે અહીં માણસો ન હતાં ત્યારે અહીં ડૂડૂ નામનું પક્ષી રહેતું જે ઊડી ન શકતું. શાહમૃગ જેવું, નાની પાંખોવાળું આ પક્ષી દોડી તો શકતું પણ ઊડી ન શકતું. લાખો વર્ષો સુધી આ ટાપુ નિર્જન પડ્યો રહ્યો. હા, વનરાજિ અને જંગલી પ્રાણીઓથી તે ભરપૂર હતો. સૌથી પહેલાં દશમી શતાબ્દીમાં અહીં આરબો આવ્યા. આરબો વ્યાપાર કરવા નાવડાં લઈને સમુદ્રમાં ચારે તરફ ફરતા રહેતા. જોકે તેમની પહોંચ હિન્દમહાસાગર સુધી જ રહેતી. આરબો અહીં પાણી અને ખોરાક લેવા આવતા. અહીંની નદીઓમાંથી તેઓ પાણી ભરી લેતા અને ડૂડૂ પક્ષી તથા હરણ, વગેરે જાનવરોનો શિકાર કરતા, પણ જાનવરોને મારી ન નાખતા, જીવતાં જ નાવમાં બાંધી દેતા. મારી નાખવાથી તેમનું માંસ થોડા જ દિવસમાં બગડી જતું; કારણ કે ત્યારે ફ્રિઝની શોધ થઈ ન હતી, તેથી પશુ–પક્ષીને ઘાયલ કરીને તેમને જીવતાં જ મોટા નાવડા પર ચઢાવી દેતા.

જરા વિચાર કરો. જીવતું જાનવર દિવસો સુધી મોટી નાવમાં બાંધી રખાતું હોય, તેને ઘાસચારો નાખતા હશે કે નહિ તે કલ્પનાનો વિષય છે. જ્યાં માણસને જ પાણીનાં ફાંફાં હોય ત્યાં આવાં પ્રાણીઓને મીઠું પાણી ક્યાંથી મળે! આ રીતે ભૂખ્યાં–તરસ્યાં પ્રાણીઓમાંથી

જ્યારે જરૂર પડે ત્યારે કલમા પઢીને હલાલ કરવામાં આવતાં. હાશ, બિચારાં નરકથી છૂટ્યાં. હા, હજી ઘણાં બાકી છે. ઘણી વાર ધાર્મિકતા અને ક્રૂરતા બન્ને એકસાથે ચાલતી હોય છે. સામાન્ય ક્રૂરતા કરતાં ધાર્મિક ક્રૂરતા ઘણી ભયંકર હોય છે. હવે અહીં ડૂડૂ પક્ષી બચ્યું નથી. અહીં આવનારા લોકો ખાઈ ગયા. પણ અત્યારે તેને રાષ્ટ્રીય પક્ષી તરીકે માન્યતા મળી છે.

અમે પૉર્ટ લૂઈ તરફ જઈ રહ્યાં છીએ. બન્ને તરફ શેરડી જ શેરડીનાં ખેતરો છે. શેરડી ઘણી સારી છે. લાલ કરણો પણ ઘણી છે. બીજાં પણ ભારત જેવાં વૃક્ષો અને છોડ પણ દેખાય છે.

અહીં કુલ વસ્તીના 52% પ્રજા હિન્દુ છે. 17% પ્રજા ભારતીય મુસ્લિમોની છે. બાકી ક્રિઓલ, ચીના, વગેરે છે. સારી વાત એ છે કે હિન્દુ પ્રજા વહેંચાયેલી નથી. કારણ કે કોમવાદી રાજકારણ નથી. અહીં લગભગ પૂરી પ્રજા ક્રિઓલ ભાષા બોલે છે. આમ તો હિન્દી, ભોજપુરી, અંગ્રેજી, ફ્રૅંચ, વગેરે ભાષાઓ પણ ચાલે છે. સરકારી વહીવટ અંગ્રેજીમાં થાય છે. ક્રિઓલ ભાષા ફ્રૅંચ—આફ્રિકન વગેરેના મિશ્રણથી બની છે, જેને સૌ બોલે છે. પ્રથમ અહીં ફ્રૅંચોનું શાસન હતું. તેઓ આફ્રિકન ગુલામોને માડાગાસ્કર વગેરે સ્થળોએથી લાવતા. ગુલામો પાસે ખેતી કરાવતા. તેમને ફ્રૅંચ બોલતાં આવડતું નહિ તેથી ફ્રૅંચ અને આફ્રિકન ભાષા મળીને ક્રિઓલ ભાષા બની હતી. સામાન્ય રીતે અહીંની પ્રજા પાંચ ભાષાઓ જરૂર જાણતી હોય છેઃ 1. અંગ્રેજી, 2. ક્રિઓલ, 3. ભોજપુરી 4. હિન્દી અને 5. ફ્રૅંચ. આ રીતે આ ટાપુ પર વિવિધતાની સાથે એકતા જોવા મળે છે.

અહીંનું શિક્ષણ છેક સુધી ફ્રી છે. હા, જો તમે પ્રાઇવેટ સંસ્થાઓમાં બાળકોને ભણાવો તો ફી આપવી પડે, બાકી સરકારી શાળા–કૉલેજોમાં ફ્રી શિક્ષણ છે. અહીં કોઈના પણ માટે કશી અનામત નથી. બધાં ક્ષેત્રોમાં બધા એકસરખા છે અને સરખા અધિકાર છે. અનામત નથી એટલે પ્રજામાં એકતા છે. અનામત કરીને એકતા રખાવવી શક્ય નથી રહેતી. તેમાં પણ જ્યારે અનામતનો લાભ રાજકારણના હેતુથી નિશ્ચિત સક્ષમ વર્ગને અપાય તો–તો પ્રજા–પ્રજા વચ્ચે વૈમનસ્ય જાગે જ. ભારતમાં દલિતોને અનામત હતી ત્યાં સુધી ઠીક હતું, પણ પછી અનામતનું રાજકારણ ચાલ્યું. ચૂંટણી આવે કે તરત જ નવી અનામતની લાલચ પણ આવે જ. આ રીતે અનામત વધતી ગઈ અને પ્રજા–પ્રજા વચ્ચે વિદ્વેષ પણ વધતો ગયો. અહીં આવું નથી. સરકાર ડાહી કહેવાય. દેશની એકતા સર્વોચ્ચ મહત્ત્વની વસ્તુ હોવી જોઈએ. એકતા પ્રવચનોથી નહિ, સમાન અને ન્યાયી વ્યવહારથી ચાલતી હોય છે. ભારત ધારે તો પૂરા શિક્ષણને ફ્રી બનાવી શકે છે. અહીં લગભગ 95% લોકો શિક્ષિત છે.

અહીં આર્થિક તંત્રની કરોડરજ્જુ શેરડી છે. અહીં પુષ્કળ શેરડી થાય છે. તેની એકેએક વસ્તુનો ઉપયોગ થાય છે. તેમાંથી ખાંડ તો થાય જ છે, જેની નિકાસ થાય છે. તેમાંથી એથિનોલ પણ બનાવાય છે, જેનો ઉપયોગ પેટ્રોલની જગ્યાએ થાય છે. શેરડીના કૂચામાંથી પૂરા દેશ માટે વીજળી ઉત્પન્ન થાય છે. બધાં જનરેટરો બળતણ તરીકે શેરડીના કૂચા વાપરે છે. શેરડીના ઘાસથી ઢોર પણ જીવે છે. આ રીતે શેરડીનો વ્યાપક ઉપયોગ થવાથી અર્થતંત્રમાં તેનો મોટો ફાળો રહે છે.

શેરડી પછી બીજા નંબરે અર્થતંત્રને સમૃદ્ધ કરનારી બાબત છે ટૂરિઝમ. અહીં પુષ્કળ પ્રવાસીઓ આવે છે. 12 લાખની વસ્તીવાળા આ ટાપુ પર ગયા વર્ષે દશ લાખ પ્રવાસીઓ આવ્યા હતા. પ્રત્યેક પ્રવાસી સરેરાશ દશ હજાર રૂપિયા ખર્ચે તોપણ વર્ષે દહાડે દશ અબજ રૂપિયાની આવક થાય. આ આવક વાહનવ્યવહાર, હોટલો, બજારો વગેરે અનેક ક્ષેત્રોમાં રોજીઓ ઊભી કરે અને પ્રજાના જીવનસ્તરને ઉન્નત બનાવે. વસ્તીના પ્રમાણમાં ભારતમાં પ્રવાસન નજીવું છે. આપણી પાસે બતાવવાનું તો ઘણું છે, પણ પ્રવાસીઓની સગવડ માટે કશું નથી. બીજી તરફ ભારતમાં પ્રવાસીઓને સૌથી વધુ કઠતી વસ્તુ ગંદકી અને છેતરપિંડી છે. એક વાર આવેલો પ્રવાસી હેતુ વિના બીજી વાર આવવાનું નામ ન લે અને તે મિત્રોમાં પ્રચાર પણ એવો કરે કે કોઈને અહીં આવવાનું મન પણ ન થાય. એટલે ભારતમાં પ્રવાસન–પ્રમાણ વસ્તીના પ્રમાણમાં નજીવું જ કહી શકાય. અહીં લગભગ એક નાગરિકે એક પ્રવાસી આવે છે. આ રીતે આપણે ત્યાં પ્રવાસીઓનું પ્રમાણ નહિવત જ કહી શકાય.

ત્રીજા નંબરે ટૅક્સ્ટાઇલ ઉદ્યોગ આવે છે. અહીં ઘણું કાપડ તથા કાપડની વસ્તુઓ બને છે અને નિકાસ થાય છે.

આ દેશના અર્થતંત્રને સમૃદ્ધ કરનારી ચોથી વસ્તુ છે સમુદ્રી જંતુઓ. ચારે તરફ સમુદ્ર હોવાથી પુષ્કળ માછલીઓ, કેકડા, વગેરે થાય છે. ખાસ કરીને મુસ્લિમ વસ્તી આ ધંધામાં લાગેલી છે. આમ તો પૂરો દેશ માંસાહારી છે, હિન્દુઓ પણ માંસાહારી છે, તેથી સમુદ્રી વસ્તુઓનો ભોજનમાં ઘણો ઉપયોગ થાય છે. વળી નિકાસ પણ મોટા પ્રમાણમાં થાય છે.

પાંચમું તત્ત્વ હવે ઉમેરાયું છે, તે છે 'સાઈબર', અર્થાત્ હવે અહીં ઇલેક્ટ્રૉનિક્સ ઉદ્યોગ ઘણી ઝડપથી આગળ વધી રહ્યો છે. ભારતે એક સાઈબર સિટી અહીં બનાવી આપ્યું છે, જેમાંથી ઘણા ટેક્નિશિયનો તૈયાર થઈ રહ્યા છે. આ રીતે મોરિશિયસનું અર્થતંત્ર ઘણું સમૃદ્ધ છે. અહીં પ્રતિવ્યક્તિ સરેરાશ આવક રૂ. 6000/–છે. આપણા દોઢથી બે રૂપિયા બરાબર અહીંનો એક રૂપિયો થાય છે. તે પ્રમાણે અહીં પ્રત્યેક વ્યક્તિની સરેરાશ વાર્ષિક આવક એક લાખ જેવી કહેવાય. આ કારણે બેકારી કે ભિખારી ભાગ્યે જ જોવા મળે છે.

આ ટાપુની ભૂમિ ફળદ્રુપ છે અને વરસાદ બારે માસ થયા કરે છે એટલે ફળ–ફૂલ પણ ઘણાં થાય છે. ફળો તથા ફૂલોની પણ નિર્યાત થાય છે. આ રીતે સારું એવું હૂંડિયામણ પ્રાપ્ત કરી શકાય છે. રાષ્ટ્રની એકએક શક્યતાનો બુદ્ધિપૂર્વક સદુપયોગ કરવામાં આવે તો જ રાષ્ટ્રને સમૃદ્ધ બનાવી શકાય.

અહીં કાયદો અને વ્યવસ્થા સજ્જડ છે. જો તમે ડ્રાઇવિંગ કરવામાં જરા જેટલી ભૂલ કરો તો તત્કાળ 500 રૂપિયાનો દંડ થઈ જાય. પીળો પટ્ટો, સફેદ પટ્ટો, કાપેલો પટ્ટો વગેરેનું પૂરેપૂરું જ્ઞાન હોવું જરૂરી છે. પોલીસ પણ દંડ દેવામાં અને વસૂલ કરવામાં પૂરેપૂરી તત્પર રહેતી હોય છે. જો કોઈ કાગળનો નાનોસરખો ટુકડો પણ રોડ પર ફેંકે તો તેને હજાર રૂપિયાનો દંડ થઈ શકે છે. આ કારણે લોકો ગમે ત્યાં કચરો નાખતા જ નથી, જેથી બધું ચોખ્ખું દેખાય છે. કચરો બાળવાથી ચોખ્ખાઈ નથી આવતી, પણ કચરો ન પાડવાથી ચોખ્ખાઈ આવે છે. કચરો પાડવાની કુટેવ ચાલુ રહે તો હજાર સફાઈ–કામદારો રાખો તોપણ કદી ચોખ્ખાઈ આવવાની જ નહિ. જરૂર છે કચરો પાડવાની કુટેવને બદલવાની, એ માટે જરૂર છે સંસ્કારની. બચપણથી જ આવા સંસ્કારો માતા–પિતા પોતાનાં આચરણોથી પાડે તો જ સ્વચ્છતા રહી શકે. આ દૃષ્ટિએ આપણે સંસ્કારી ન કહેવાઈએ.

આ બાજુ અહીંની યુનિવર્સિટી દેખાય છે. મોરિશિયસમાં એક જ યુનિવર્સિટી છે, જેમાં હજારો વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે.

અમે પૉર્ટ લૂઈમાં પ્રવેશી ચૂક્યાં છીએ. નડિયાદ કે આણંદ જેટલી વસ્તી ધરાવનારું આ શહેર (160000) ઘણી વિશાળ જગ્યામાં ફેલાયેલું છે, એટલે આપણા શહેર જેવી ગીચતા કે સાંકડી ગલીઓ નથી. અમે અનેક ભવ્ય ભવનો જોઈ રહ્યાં છીએ. અહીં પ્રાથમિક શાળામાં હિન્દીનું શિક્ષણ સૌ માટે અનિવાર્ય છે.

આ ટાપુ પર એક બહુ મોટી તકલીફ છે તે છે ટૉર્નેડોની. વર્ષમાં દશેક ટૉર્નેડો જરૂર આવે છે, જેથી ઘણી ઊથલપાથળ થઈ જાય છે. હવે તો સારું છે કે પહેલેથી આગાહી કરી શકાય છે ને સાવધાન થઈ શકાય છે પણ પહેલાં આવી સગવડ ન હતી ત્યારે ઓચિંતો વંટોળિયો આવતો અને ખેદાનમેદાન કરી નાખતો. અહીં લગભગ બધાં જ મકાનો પાકાં બનાવેલાં છે, જેથી તે ટૉર્નેડોની સામે ટકી શકે.

વરસાદના પાણીનો સ્ટૉક કરાય છે અને પછી પીવા માટે ઉપયોગ કરાય છે.

અહીં આ ટાપુને નવ જિલ્લા છે. બીજો એક દૂર ટાપુ આવેલો છે. જે મોરિશિયસનો જ ભાગ છે. તેને 10 જિલ્લા છે. આ ટાપુ પર દશેક લાખ માણસો રહે છે, જ્યારે પેલા દૂરના ટાપુ પર બેત્રણ લાખ માણસો જ રહે છે.

આ કૉમર્શિયલ ક્ષેત્ર છે. અહીં બધી દુકાનો તથા કાર્યાલયો આવેલાં છે. આ ડાબા હાથે જુઓ, અહીં પહેલો ભારતીય મજૂર ઊતર્યો હતો. તેને એગ્રીમેન્ટ દ્વારા લાવવામાં આવતો હતો જેથી બિહારી લોકોએ મજૂરોનું નામ ગિરમીટિયા પાડી દીધું હતું. એગ્રીમેન્ટનું અપભ્રંશ ગિરમીટિયા નામ કહેવાય. ભારતથી જે આવા ગિરમીટિયા લોકોને લઈને પ્રથમ જહાજ આવેલું તે અહીં રોકાયું હતું અને અહીં મજૂરોને ઉતાર્યા હતા તેની સ્મૃતિ છે. 1834માં આ ઘટના ઘટેલી. તેને "અપ્રાવશીઘાટ" કહેવાય છે.

હવે અહીં પ્રેમલગ્નો વધુ થવા લાગ્યાં છે જેથી ન્યાત–જાતની પકડ ઢીલી થઈ ગઈ છે.

હવે અમારી બસ ગામડાંઓમાંથી પસાર થઈ રહી છે. બધાં જ મકાનો રોડને અડીને પણ પાકાં હોય છે. બંગલા જ જોઈ લો. ક્યાંય કોઈ ઝૂંપડું જોવા નથી મળતું. ઘણી ભારતીય સાડીવાળી સ્ત્રીઓ દેખાય છે. હિન્દુ સ્ત્રીઓ માથામાં સેંથો પૂરે છે–સિંદૂરથી પાંથી પૂરે છે. લગભગ પૂરી પ્રજા માંસાહારી છે. હિન્દુઓ પણ ખરા.

અમે અમારા ઉતારે પહોંચી ગયાં. સુંદર જગ્યા છે. હરિયાળી તો કહેવી પડે! આવતાં જ અમારું સ્વાગત ભારતીય પરિવેશમાં કરવામાં આવ્યું. બધાંને શરબત પિવડાવ્યું. બહુ મોટા ક્ષેત્રમાં દૂરદૂર કમરાઓ બનાવેલા છે. અહીં જમવાની પણ સારી વ્યવસ્થા છે. બધાં જમ્યાં અને આરામ કર્યો.

17–9–08

*

તમે વિશ્વના કોઈ પણ ખૂણે જાઓ, તમને જ્યોતિષમાં વિશ્વાસ રાખનારાં માણસો મળી જ રહેશે–ભલે ને વિજ્ઞાન ગમે તેટલું આગળ વધ્યું હોય. એક બહેને આવીને મને પૂછ્યું: “આપ તકદીર બતાતે હૈં?” મેં ના પાડી તો તેને નવાઈ લાગી. તેણે કહ્યું કે “અહીં જેટલા સ્વામીજીઓ આવે છે તે બધા તકદીર બતાવે છે, તમે જ કેમ નથી બતાવતા?” મેં તેને સમજાવ્યું કે “કદી પણ કોઈને હાથ બતાવવો નહિ. તકદીર બતાવનારા સાચા નથી હોતા. તેઓ આશરે બોલે છે, જેમાંથી કેટલુંક બંધબેસતું આવે છે, કેટલુંક નથી આવતું.” મોરિશિયસના પ્રવાસમાં આવી કેટલીયે બહેનો હાથ બતાવવા માગતી હતી. મેં સૌને સમજાવ્યું કે “કાલે શું થવાનું છે તેની કોઈને ખબર નથી. આ તો બધા તુક્કા હોય છે. તેના ચક્કરમાં પડવું નહિ.” મારી વાત તેમની સમજમાં આવી હોય તેવું લાગ્યું. જોકે સ્ત્રીઓને અંધશ્રદ્ધામાંથી છોડાવવી તે બહુ જ દુષ્કર કાર્ય છે.

હજી સૂર્યાસ્ત થવાને ઘણી વાર છે. સમય પસાર કરવા અમે હોટલની નજીકમાં જ આવેલા બીચ પર બેસવા ચાલ્યાં. હોટલનો દરવાજો એક રોડના મોડ પર પડે છે, જેથી વળાંકમાંથી આવતી ગાડી દેખાતી નથી. અકસ્માત થવાની પૂરેપૂરી સંભાવના છે. તેના નિવારણ માટે એક પોલીસ સામેની બાજુએ ઊભો છે, જે ટ્રાફિકનું નિયમન કરે છે. અમે જ્યારે રોડ પાર કરવા લાગ્યાં તો તેણે બધો ટ્રાફિક રોકી દીધો. આનું નામ વ્યવસ્થા કહેવાય. જો આવું ન કર્યું હોય તો જરૂર અકસ્માત થઈ જાત.

અમે બધાં સમુદ્રના કિનારે મૂકેલા લાકડાના બાંકડાઓ પર જુદાં–જુદાં ગોઠવાયાં. સમુદ્રને જોયા કરવો એ પણ જીવનનો લહાવો છે. આ બીચ શાંત છે. બહુ મોટાં મોજાં નથી આવતાં. કિનારો પણ સ્વચ્છ રેતીથી બનેલો છે. કેટલાક ગોરા લોકો સૂર્યસ્નાન કરી રહ્યા છે. ખરેખર તો વિશ્વપ્રવાસ ગોરાઓનો જ હોય છે. આપણે તેમને સમજી શકતા નથી. યુરોપમાં ઘણી જગ્યાએ સૂર્યદર્શન દુર્લભ હોય છે. મારે હમણાં જ બર્લિન જવાનું થયું હતું. ત્યાં વર્ષમાં 50–60 દિવસ જ સૂર્ય દેખાય છે, બાકી વાદળાં જ વાદળાં હોય છે. આ લોકો સૂર્યને જોઈને ગાંડા–ગાંડા થઈ જાય છે. સૂર્યનો તાપ ન મળવાથી તેમને ચામડીનાં ઘણાં દર્દ થઈ આવે છે, એટલે લગભગ બધાં કપડાં કાઢીને ઊંધા–ચત્તા સૂઈને કલાકો સુધી તેઓ સૂર્યતાપથી પોતાનું શરીર શેકતા હોય છે. આપણે આવું દશ્ય જોવા ટેવાયેલાં નથી એટલે આપણને નવાઈ તો લાગે જ છે, સાથેસાથે પશ્ચિમની જીવનપદ્ધતિ પ્રત્યે પણ નફરત થાય છે.

અમે બીચ પર ગયાં ત્યારે મોટા ભાગના ગોરાઓ ચાલ્યા ગયા હતા, તોપણ થોડાક તો હતા જ. અમે જ્યાં બેઠાં હતાં ત્યાં નજીકમાં જ એક પુરુષ અને બે સ્ત્રીઓ નામમાત્રનાં વસ્ત્રો પહેરીને બેઠાં હતાં. તેઓ વારાફરતી ફોટોગ્રાફી કરતાં હતાં. એક પુરુષ અને એક સ્ત્રી આલિંગન–ચુંબન કરતાં અને બીજી સ્ત્રી ફોટો પાડતી. પછી તેનો વારો આવતો. અમે કોઈકોઈ વાર તેમની તરફ ત્રાંસી આંખે જોઈ લેતાં, પણ તેઓ તો પોતાનામાં જ મસ્ત હતાં, જરાય અશાંતિ નહિ. આવું બધું તેમના માટે સહજ હતું, આપણા માટે અસહજ હતું. આને પશ્ચિમની જીવનપદ્ધતિ અથવા સંસ્કૃતિ કહેવાય છે. આવાં હજારો દંપતી કિનારેકિનારે સૂતાં હોય અને તાપથી શરીર શેકતાં હોય. કશી જ અશાંતિ નહિ. કોઈ છેડતી નહિ. કોઈ હોંકારા–દેકારા નહિ. આ લોકોએ નગ્નતાને પચાવી છે, આપણે પચાવી નથી શકતા. જો તમે પાંચ–દશ વાર આવાં દશ્યો જોયા કરો તો પછી તેની અસરથી મુક્ત થઈ જાઓ. એક તરફ આ નગ્નતા કે અર્ધનગ્નતા અને પૂર્ણ શાંતિ અને નિર્વિકારી જીવન છે, તો બીજી તરફ નખશિખ દેહ ઢાંકનારો બુરખો કે બુરખા જેવો પોશાક છે. માત્ર બે આંખો જ તગતગતી હોય તેવું દશ્ય પણ હોય છે. અહીં નગ્નતા કે અર્ધનગ્નતા નથી પણ ‘ઓવર’–આવરણ છે. જો બન્નેની આંતરિક સ્થિતિ માપી શકાય તો આ ‘ઓવર’–આવરણમાં જે વાસનાની જ્વાળાઓ ધગધગતી દેખાશે તે પેલા પક્ષે નહિ દેખાય. જેમજેમ સ્ત્રી વધુ ને વધુ શરીર ઢાંકતી થાય તેમતેમ સમજવું કે અહીં કામલોલુપ પુરુષો વધારે હશે. તેનાથી બચવા તેને આમ કરવું પડતું હશે. મને લાગે છે કે આ બન્ને જીવનના છેડા છે, જે યોગ્ય નથી. જીવન તો–મધ્યમ ન નગ્નતા ન ‘ઓવર’–આવરણ–માં છે, પણ કોણ સમજાવે!

ખુલ્લી વાસના કરતાં ઢાંકેલી—દબાવેલી વાસના વધુ ભયંકર પરિણામ લાવતી હોય છે. પેલા અર્ધનગ્ન લોકોમાં બળાત્કારનું પ્રમાણ નથી અને આ ‘ઓવર’–આવરણમાં છેડતી અને બળાત્કારોની ભરમાર જોવા મળે છે.

હવે સૂર્યાસ્ત થઈ ગયો છે. અમે બધાં બીચ પરથી હોટલ તરફ પાછાં ફરી રહ્યાં છીએ ત્યાં તો વડોદરાવાળા શ્રી દાદુભાઈ પટેલ ઉતાવળાઉતાવળા આવી પહોંચ્યા. હવાઈ મથકથી જ હું તેમને ફોન કરતો હતો પણ કાંઈ મેળ પડતો ન હતો. તેઓ મારા ખાસ પરિચિત છે અને વડોદરામાં વિશ્વજ્યોતિ આશ્રમ સંભાળે–ચલાવે છે. મોટેરામાં પણ તેમનો આશ્રમ છે, જેની ઘણી જમીન પાડોશી સંતે પચાવી પાડી છે. મૂળમાં સ્વામી કૃષ્ણાનંદજીએ આ બન્ને આશ્રમો બાંધેલા, પણ તેઓ તો દેવ થઈ ગયા. તેમના પછી શ્રી દાદુભાઈ જ આ બધું સંભાળે–ચલાવે છે. અહીં મોરિશિયસમાં પણ સ્વામીજીનો આશ્રમ છે, જ્યાં ટ્રસ્ટી તરીકે દાદુભાઈ અવારનવાર આવે છે અને સેવા આપે છે. તેમને 88 વર્ષ થયાં છે, પણ હજી પણ જુવાનને શરમાવે તેવી ચાલે ચાલે છે અને પ્રવૃત્તિઓ કરે છે. તેઓ ખોળતાખોળતા અહીં આવી પહોંચ્યા હતા. અમે બન્ને મળ્યા અને ખૂબ આનંદ થયો. તેઓ મારી સાથે અમારી હોટલમાં આવ્યા અને જમવામાં પણ ભાગ લીધો. મોરિશિયસ વિશે ઘણી વાતો થઈ, તેમાંથી એક વાત નોંધવા જેવી લાગે છે.

અહીં મોરિશિયસની આઝાદી વગર આંદોલને–વગર હિંસાએ મળી હતી. વિશ્વની ઘણી કૉલોનીઓ છૂટી કર્યા પછી અંગ્રેજોને લાગ્યું કે હવે મોરિશિયસને પણ આઝાદી આપી દેવી જોઈએ. તેમણે જનમત કરાવ્યો. શ્રી શિવસાગર રામગુલામનો પક્ષ જીત્યો. અંગ્રેજોએ તેમને પ્રધાનમંત્રી બનાવીને બધો કારોબાર આપી દીધો અને ચાલતા થયા. પકડતાં અને છોડતાં પણ અંગ્રેજો પાસેથી શીખવા જેવું ખરું. અંગ્રેજોના ગયા પછી થોડા જ દિવસોમાં એક ગુંડા જેવા મુસ્લિમના નેતૃત્વમાં મુસ્લિમ પ્રજાએ બળવો કર્યો. મુસ્લિમોમાં એક એવી ગ્રંથિ બેસી ગઈ છે કે હિન્દુ પ્રજા તો નમાલી છે. તે રાજ કરી શકે નહિ. તેમનામાં રાજ કરવાની ક્ષમતા જ નથી. રાજ તો અમે જ કરી શકીએ. અંગ્રેજોના જવાથી જે વૅક્યૂમ થયું છે તેનો લાભ લઈને અત્યારે સત્તા પડાવી લેવી જોઈએ અને ઇસ્લામિક સત્તા સ્થાપિત કરી દેવી જોઈએ. આવું સમજીને તકનો લાભ લેવા બળવો થયો. મોરિશિયસ પાસે સેના કે સક્ષમ પોલીસબળ ન હતું, તેથી બળવાએ વધુ ઉગ્ર રૂપ લીધું. રામગુલામે તરત જ લંડનનો સંપર્ક સાધ્યો. અંગ્રેજોએ તત્કાળ પગલું ભર્યું. વિમાનો ભરીભરીને સૈનિકો મોકલ્યા. જોકે તેમના આવતાં પહેલાં જ હિન્દુ પ્રજાએ પેલા ગુંડા નેતાને ઠાર કર્યો. બળવો દબાવી દેવાયો અને શાંતિ થઈ ગઈ. વાત પૂરી થઈ–ના ના, વાત શરૂ થઈ.

શું ખરેખર હિન્દુ પ્રજા નમાલી છે? 52% હિન્દુ પ્રજા રાજ કરી શકે નહિ અને 17% મુસ્લિમ પ્રજા રાજ કરવાનો દાવો અને સાહસ કરી શકે? વાતમાં કાંઈક તથ્ય તો લાગે જ છે. સાવ ખોટી વાત નથી. પણ હિન્દુ પ્રજાને નમાલી કોણે બનાવી? કોણે તેને કાયર બનાવી? મારી દૃષ્ટિએ વીરતા વિનાની જીવનવ્યવસ્થા આપનારા હજારો સંપ્રદાયોએ આ કામ કર્યું છે અને કરી રહ્યા છે! પ્રજાને કોણ વીરતાનો ઉપદેશ આપે છે? કોઈ નહિ. બધા જ ભાગી છૂટવાનો –પલાયનવાદી–ઉપદેશ આપે છે. પ્રજા નમાલી ન થાય તો બીજું શું થાય? હિન્દુ પ્રજાના કાયાકલ્પની જરૂર છે. તે બળવાન, વીર અને એક બને તો જ તેનું ભવિષ્ય ઉજ્જ્વળ થઈ શકે.

શ્રી દાદુભાઈએ ઘણીઘણી વાતો કરી. આવતી કાલે મારે તેમના આશ્રમમાં જવાનું ગોઠવ્યું અને પછી વિદાય થયા. આખી રાત મને વિચારો આવતા રહ્યાઃ કોણ કરશે આ નમાલી ગણાતી હિન્દુ પ્રજાનો કાયાકલ્પ? છે કોઈ ગુરુ ગોવિંદસિંહજી જે પ્રજાને વીર બનાવે?

18–9–08

*

આજે તા. 7–9–08 છે. આજે મોરિશિયસનો બીજો દિવસ છે. હોટલ સારી હોવાથી બધાં ખુશખુશ છે. સવારે ચા–નાસ્તો કરીને હવે ભ્રમણ કરવાની તૈયારીમાં બસની રાહ જોઈને ઊભાં છીએ. બસ આવી ને અમે વિદાય થયાં.

પૂર્વે કહ્યું તેમ એક કરોડ વર્ષથી આ ટાપુ નિર્જન હતો. અહીં કોઈ માણસ રહેતો ન હતો. દશમી શતાબ્દીમાં આરબ વ્યાપારીઓ પાણી અને ખોરાક માટે આવતા રહ્યા. થોડા દિવસો સુધી નાવો લાંગરીને નદીઓનાં મોઢાંમાંથી મીઠું પાણી તથા પશુઓનો શિકાર કરી અહીંથી વિદાય થઈ જતા. તેમણે આ ટાપુનું નામ ‘દીના બંદર’ રાખ્યું હતું. આરબો સાહસિક અને બુદ્ધિમાન હતા. ઇસ્લામ ધર્મે તેમને એવી જીવનપદ્ધતિ આપી હતી કે તેઓ ગમે ત્યાં જઈ શકતા, ગમે તે ખાઈ શકતા અને ગમે તેની સાથે વિવાહ કરી શકતા. બીજા પક્ષે હિન્દુઓની જીવનપદ્ધતિ એવી હતી કે તેઓ વાતવાતમાં વટલાઈ જતા, અભડાઈ જતા, તેથી સમુદ્રયાત્રા ન કરતા, કોઈની સાથે ભળી ન શકતા, ન કોઈની સાથે રોટીવ્યવહાર કે બેટીવ્યવહાર રાખી શકતા. ઉપરથી તેમને એવું અધ્યાત્મ અપાયું હતું કે અતિસંતોષવૃત્તિથી મહત્ત્વાકાંક્ષા અને સાહસવૃત્તિ ક્ષીણ થઈ ગઈ હતી, તેથી આરબોની માફક તેઓ ભારતબહાર સમુદ્રયાત્રા ન કરતા. ભારતમાં જ સેંકડો રજવાડાં, હજારો જ્ઞાતિઓ અને જાતિઓમાં વિભાજિત, ઊંચનીચના કટ્ટર ભેદોથી પરસ્પર એકતા વિનાના હતા, તેથી તેઓ સમુદ્રમાં આવેલા સેંકડો ટાપુઓને ન તો શોધી શક્યા ન તેનો લાભ લઈ શક્યા.

આરબો અહીં ટકતા નહિ. અન્નજળનું કામ પતાવીને ચાલતા થતા. દશમી શતાબ્દી પછી લગભગ 500 વર્ષ સુધી આ ટાપુ શૂન્ય રહ્યો. પંદરમી શતાબ્દીના અંતમાં પૉર્ચુગીઝનો વાસ્કો દ ગામા ભારત શોધવા નીકળ્યો હતો. તેના સાથીદારોમાંનો એક કમાન્ડર ડીએગો ડીઆસ ચાર જહાજો લઈને અહીં પહોંચી ગયો. (વાસ્કો તો 20–5–1498ના રોજ દક્ષિણભારત પહોંચી ગયો હતો.) એક આરબ પાસેથી ગામાએ ભારત જવાનો નકશો મેળવ્યો હતો, જેના આધારે તે કાલીકટ પહોંચ્યો હતો. મોરિશિયસના ત્રણ મોટા ટાપુઓ હતા. 1. રોડ્રિગ્સ, 2. મોરિશિયસ અને 3. રેનીઅન. આ ત્રણે ટાપુઓને કબજે કર્યા હતા. પૉર્ચુગીઝો અહીં વધારે રહ્યા નહિ. 1507થી 1539 સુધીનાં માત્ર બત્રીસ વર્ષ જ તેઓ અહીં રહ્યા હતા. તેમના પછી હોલૅન્ડના ડચો અહીં આવી પહોંચ્યા. તેઓ 1539થી 1598 સુધીનાં 60 વર્ષ સુધી રહ્યા. વારંવાર ટોર્નેડો આવવાથી તેઓ કંટાળી ગયા હતા. બીજું કે તે સમયે આ ટાપુનું કોઈ આર્થિક કે રાજકીય મહત્ત્વ ન હતું, તેથી ડચો કંટાળીને ચાલ્યા ગયા.

1715માં ફ્રેંચો અહીં આવ્યા. 1735માં તેમણે પૉર્ટ લૂઈની સ્થાપના કરી. તેમણે અહીં શેરડીની ખેતી શરૂ કરી. બાજુના મોટા ટાપુ માડાગાસ્કરથી વહાણો ભરીભરી તેઓ ગુલામો પકડી લાવતા. આરબો જંગલોમાંથી આફ્રિકનોને પકડતા અને ગુલામ તરીકે ફ્રેંચોને વેચતા. ફ્રેંચો મારીમારીને તેમની પાસેથી જંગલો સાફ કરીને ખેતરો બનાવવાનું કામ કરાવતા. આ રીતે અહીં શેરડીનું કામ શરૂ થયું. ફ્રેંચોએ અહીં પહેલી સુગરમિલની સ્થાપના કરી. તેમણે કપાસની ખેતી પણ શરૂ કરાવી. એ યાદ રહે કે બુદ્ધિ ફ્રેંચોની અને મજૂરી કાળા ગુલામોની રહેતી. ફ્રેંચોએ મોરિશિયસને નૌકાયુદ્ધ માટેનું મથક પણ બનાવ્યું. ત્યારે આપણે નૌકાયુદ્ધને મહત્ત્વ આપતા નહિ, તેથી આપણી પાસે બહુ મોટી શક્તિશાળી નૌસેના ન હતી, જ્યારે નાવો દ્વારા વિશ્વના બધા સમુદ્રોને ખૂંદી વળનારા યુરોપિયનો પાસે મોટાંમોટાં તોપોવાળાં યુદ્ધજહાજો હતાં. તે સમયે મદ્રાસ તરફ જે યુદ્ધ થયેલું તેમાં અંગ્રેજો અને ફ્રેંચો સામસામા આવી ગયેલા. અંગ્રેજોનો સેનાપતિ ક્લાઈવ હતો. જે પાછળથી વાઇસરૉય થયો હતો, જ્યારે ફ્રેંચોના પક્ષે જનરલ ડુપ્લે હતો. ડુપ્લેને મદદ કરવા અહીં મોરિશિયસથી નૌસેના મોકલવામાં આવી હતી. બન્ને પક્ષે ઘણા માણસો મરાયા હતા. આ જ સમયે નેપોલિયને વિશ્વયુદ્ધ શરૂ કરી દીધું હતું. તેમાં અંતે તેની હાર થઈ જેના પરિણામે સંધિ થઈ અને મોરિશિયસ અંગ્રેજોને મળ્યું.

1756થી 1763 એમ સાત વર્ષ યુદ્ધ ચાલ્યું હતું. તે પછી અંગ્રેજોના હાથમાં આ ટાપુ આવ્યો. ત્યારે અહીંની વસ્તી માત્ર 800ની હતી. પછી તો 1735 સુધીમાં 33539ની વસ્તી થઈ ગઈ, જેમાં 6386 યુરોપિયનો હતા. ગુલામો લાવવામાં આવ્યા, જેમની સંખ્યા 25154 હતી. અંગ્રેજોના આવ્યા પછી તેમણે જોયું કે આફ્રિકન ગુલામો બરાબર કામ કરતા નથી. મારીમારીને કામ લેવાથી ગુલામો જંગલોમાં ભાગી

જતા. આવી સ્થિતિમાં ખેતી કરવી કઠિન થઈ ગઈ. અંગ્રેજોની નજર ભારત તરફ ગઈ. ત્યારે ભારત પર અંગ્રેજોનું શાસન હતું. શેરડીની ખેતી કરી શકે તેવા મજૂરો શોધવા લાગ્યા. તેમને બિહારમાં શેરડીની ખેતી કરનારા કુશળ મજૂરો મળી આવ્યા. તેમને લલચાવવામાં આવ્યા કે ચાલો, તમને સોનાની ખાણોમાં કામ આપવામાં આવશે. બધી જ જાતના લોકો સાથે એગ્રીમેન્ટ થયું. અહીં આવ્યા પછી ખબર પડી કે સોનું એટલે શેરડીની ખેતી. હવે પાછા તો જવાય તેમ ન હતું તેથી બધા કામે લાગી ગયા અને જોતજોતાંમાં પૂરા ટાપુ પર શેરડી લહેરાવા લાગી. લગભગ 158 વર્ષ સુધી અંગ્રેજોએ આ ટાપુ પર રાજ કર્યું અને 1968માં શિવસાગર રામગુલામના વડપણ નીચે આ ટાપુને સ્વતંત્રતા આપી.

અહીં એક મુદ્દો આપણે સૌએ સમજવા જેવો છે કે અહીં હિંસા કે અહિંસાનું કોઈ આંદોલન થયું ન હતું. અંગ્રેજો પોતે જ ખસી ગયા હતા, એટલે ફલાણા નેતા ન હોત તો દેશને આઝાદી ન મળત એવી ધારણા યોગ્ય નથી. અંગ્રેજો સમજી ગયા હતા કે હવે કૉલોનીઓને છોડવાનો સમય પાકી ગયો છે. ટાપુને આઝાદ કરતાં પહેલાં અંગ્રેજોએ નવી સરકાર સાથે બે સંધિ કરી હતીઃ 1. ગોરાઓને કાઢવા નહિ, જેઓ રહેવા માગે તેમને રહેવા દેવા અને 2. ગોરાઓના હાથમાં જે ખેતરો હોય તે પડાવી લેવાં નહિ, તે તેમની પાસે જ રહેવા દેવાં. મોરિશિયસની સરકાર આ બન્ને વચનો પાળી રહી છે. આજે પણ શેરડીનાં મોટા ભાગનાં ખેતરો ગોરાઓના હાથમાં છે. વચનનું પાલન એ મૉરલનું પ્રતીક છે. મૉરલથી મોટો કોઈ મિત્ર નથી, મૉરલવાળો માણસ અંતે જીતતો હોય છે અને સુખી થતો હોય છે. આપણે પણ રજવાડાં સાથે સંધિ કરી ત્યારે વચનો આપ્યાં હતાં જે ઇન્દિરાબહેનના સમયમાં તોડી નાખવામાં આવ્યાં હતાં. ત્યારે બધાં રજવાડાંને કુલ છ કરોડ જેવાં વર્ષાસન અપાતાં હતાં, જે ક્રમેક્રમે ઓછાં થઈ જતાં હતાં. હવે આજે છ કરોડની કશી જ કિંમત ન કહેવાય. પણ રાજકારણના ખેલમાં સરકાર મૉરલહીન થઈ અને સંધિ તોડીને રાજા–મહારાજાઓના ત્યાગની ઉપેક્ષા કરવામાં આવી હતી. વચનભંગ માટે આપણે શરમાવું જોઈએ.

12–3–1968ના રોજ ટાપુ આઝાદ થઈ ગયો. ત્યારથી અત્યાર સુધી હિન્દુ બહુમતી હોવાથી હિન્દુ પ્રધાનમંત્રી, પ્રમુખ, વગેરે થાય છે, પણ બાકીની પ્રજાને પણ મંત્રીમંડળમાં પૂરતું સ્થાન મળે છે. અત્યારે નવીન રામગુલામની સરકારમાં ત્રણ મુસ્લિમ મંત્રીઓ કામ કરે છે. પૂર્વે કહ્યું તેમ અહીં કોઈની પણ ક્યાંય અનામત નથી. અનામત અંતે તો કોઈનો હક્ક કાપીને કોઈને આપવાની હોય છે. જેનો હક્ક કપાય તેને દુઃખ અને અસંતોષ થાય જ. આ રીતે પોતાનો હક્ક પડાવી લેનાર પ્રત્યે ઈર્ષ્યા–દ્વેષ પણ થાય જ. આથી એકતા જોખમાય છે. જે લોકોને સદીઓથી જાણીકરીને પછાત રખાયા તેમને પ્રાયશ્ચિત્ત નિમિત્તે થોડો સમય અનામત અપાય તો કદાચ ઠીક કહેવાય, પણ જે પોતાના જ કારણે પછાત રહ્યા તેમને અનામત ન હોય–તેમાં પણ જેમણે રાજશાસન ચલાવ્યું તેમને તો અનામત હોય જ નહિ. ભારત સરકારની અનામતનીતિ મતલક્ષી થઈ ગઈ છે, જેનાથી પ્રજા–પ્રજા વચ્ચે ભયંકર ફૂટ પડી રહી છે. દેશની એકતા તૂટી રહી છે. કરુણતા એ છે કે એકતા તોડનારને ઇનામ અપાઈ રહ્યાં છે. આ અસહ્ય સ્થિતિનો લાંબો સમય સ્વીકાર કરી શકાય નહિ. એકતાનો પ્રથમ અને દૃઢ સિદ્ધાંત એ છે કે પૂરી પ્રજા વચ્ચે ભેદભાવ ન કરો, જાત–પાંત–ધર્મના આધારે સગવડ–સુવિધાઓ ન આપો, પણ પૂરા દેશને એક જ એકમ માનીને માત્ર અને માત્ર રાષ્ટ્રવાદના નામે જ સગવડ–સુવિધાઓ આપો. એકતાનો પાઠ આપણે આ ટચૂકડા ટાપુ પાસેથી ભણવા જેવો ખરો.

અમારી બસ ચાલી રહી છે. આજે વરસાદ શરૂ થઈ ગયો છે. પૂર્વે કહ્યું તેમ અહીં આઠ–દશ દિવસના અંતરે બારે માસ વરસાદ રહે છે. અમારે આજે દૂરના સમુદ્રમાં પાણીની નીચે ચાલવા જવાનું છે. જેમ આપણે જમીન પર ચાલીએ તેમ સમુદ્રમાં દશ ફૂટ નીચે ચાલવાનું હોય છે. વરસતા વરસાદે અમે તો સમુદ્રકિનારે પહોંચી ગયાં. સૌએ પોતપોતાનો ચાર્જ ભરવાનો હોવાથી અને ચાર્જ ભારે હોવાથી તથા વરસાદ આવતો હોવાથી ઘણાં તૈયાર ન થયાં. જે થોડાંક તૈયાર થયાં તેમને ખાસ પ્રકારનો પોશાક પહેરાવવામાં આવ્યો. તેમને જે હેટ પહેરાવી તેના છેક ઉપરથી પ્રાણવાયુની નળી નાક સુધી આવે છે. આ પ્રાણવાયુના કારણે પ્રવાસી કલાકો સુધી પાણીમાં રહી શકે છે.

જીવનમાં અનેક તત્ત્વોની સાથે એક તત્ત્વ “એન્જોયમેન્ટ” પણ હોવું જોઈએ. આપણે ત્યાં એન્જોયમેન્ટ નથી. કદાચ તેના પ્રત્યે ઘૃણા છે,

કારણ કે આપણે ત્યાગપ્રધાન જીવનને સ્વીકારીએ છીએ. પશ્ચિમના લોકો ભોગપ્રધાન જીવન જીવે છે. તેમના જીવનમાં કર્તવ્યપરાયણતાની સાથે એન્જોયમેન્ટ પણ મહત્ત્વ ધરાવે છે. હોલિડે તેમનું પ્રદાન છે. આપણે ત્યાં હોલિડે હતા જ નહિ. હોલિડેમાં ભરપૂર આનંદ–પ્રમોદ કરવાનો. આપણે આજે પણ હોલિડેને એન્જોયમેન્ટમાં નથી ઊજવતા. કામ, કામ ને કામ કરતા રહીએ છીએ. આ બન્ને જીવનપદ્ધતિનું અંતર છે.

એન્જોયમેન્ટના ત્રણ પ્રકાર છેઃ 1. પતિ–પત્ની અથવા નર–નારીનાં ભરપૂર સુખો માણવાં. 2. સાહસવૃત્તિની સાથે આનંદ–પ્રમોદ કરવો, જેમાં પર્વતારોહણ, સમુદ્રી રમતો, તૈરાકી, નૌકાચાલન, રેટાલિંગ, સાંઢોની સવારી, અશ્વસવારી, વગેરે. 3. નાટક, ચલચિત્રો, સંગીત, કલાકારો, વગેરે દ્વારા આનંદ મેળવવો. આ ત્રણેમાંથી જે એક પણ આનંદ નથી મેળવતા તેમનું જીવન લુખ્ખું થઈ જતું હોય છે. કદાચ ગરીબીના કારણે કોઈ આવા આનંદ ન મેળવી શકે તોપણ જે શ્રીમંતો છે, પણ ઘરમાં જ ભરાઈ રહે છે, કદી બહાર નીકળતા જ નથી, તેઓ ઘરકૂકડી થઈને અંતે બધું મૂકીને મરી જતા હોય છે. તેવા લોકો દયાને પાત્ર હોય છે.

પતિ–પત્ની ગમે તેટલાં સારાં હોય તોપણ પ્રેમને નવીનતા અને પરિવર્તનની જરૂર રહેતી જ હોય છે. પતિ–પત્ની બન્ને એકમત થઈને આવા પ્રવાસે નીકળી પડે તો તેમના પ્રેમને પ્રોત્સાહન મળતું હોય છે. ઘણા આનંદની સાથે ઘણું જાણવા–જોવા–શીખવાનું પણ મળતું હોય છે. જ્યારે હોલિડે મનાવીને તેઓ પાછાં ફરે છે ત્યારે ફ્રેશ લાગે છે. ધીરે ધીરે હવે આપણે હોલિડેની મહત્તા સમજતા થઈ રહ્યા છીએ. તે કારણે ભારતમાં પણ ટૂરિઝમ વધી રહ્યું છે. ખાસ કરીને ગુજરાતીઓ તથા બંગાળીઓ વધુ પ્રવાસ કરતા હોય છે. રસ્તામાં કૈલાસનાથ ટેમ્પલ આવ્યું. અમારે દર્શન કરવાં હતાં, પણ નવીનનું કહેવું છે કે અહીં પીળી લાઇન હોવાથી બસનું પાર્કિંગ કરી શકાય નહિ. ટ્રાફિકના અહીં ઘણા કડક નિયમ છે. જેથી અકસ્માત થતા નથી.

અમારો ગાઈડ મજાકિયો છે. તેણે એક જોક સંભળાવી કે એક વાર એક સરદારજી, એક હિન્દુ અને એક મુસલમાન એમ ત્રણ મિત્રો એક ઊંચી ઇમારતના છેક ઉપલા માળે હતા ને નીચે આગ લાગી ગઈ. હવે શું કરવું? બચાવ કરનારા લોકો નીચે મોટી ચાદર પકડીને ઊભા રહ્યા અને કહ્યું કે આ ચાદર પર છલાંગ મારો, બચી જશો. હિન્દુએ છલાંગ મારી, પણ લોકોએ ચાદર છોડી દીધી જેથી પછડાઈને હિન્દુ મરી ગયો. હવે વારો મુસલમાનનો હતો. તેણે ચાદર નહિ છોડવાની પૂરેપૂરી ખાતરી માગી અને પછી છલાંગ મારી. લોકોએ ચાદર છોડી દીધી અને મુસલમાન પણ પછડાઈને મરી ગયો. હવે વારી સરદારજીની આવી. વિશ્વાસઘાતી વ્યવહારથી સરદારજી સાવધાન થઈ ગયા હતા. તેમણે કહ્યું કે તમારો ભરોસો નહિ. તમે ચાદર છોડીને જમીન પર બિછાવી દો. લોકોએ તેવું જ કર્યું. પછી સરદારજીએ છલાંગ લગાવી.

આવી કેટલીયે જોક સરદારજીના નામે બોલતા હોય છે. અહીં સરદારોની વસ્તી ઘણી થોડી છે. રસ્તામાં એક ગામડું આવ્યું. ગામ વચ્ચેથી રોડ પસાર થાય છે. મકાનો બધાં પાકાં અને બંગલા જેવાં છે. ક્યાંય કોઈ કાચું મકાન કે ઝૂંપડું નથી. આવાં કેટલાંય ગામો વારંવાર આવતાં રહ્યાં. બધાં જ સમૃદ્ધ ગામો લાગ્યાં. જો રાષ્ટ્રના અર્થતંત્રની દિશા સાચી હોય તો રાષ્ટ્ર સમૃદ્ધ થઈ શકે છે. પણ જો દિશા જ ખોટી હોય તો સોનાની ખાણ પર બેઠેલું રાષ્ટ્ર પણ કંગાળ થઈ શકે છે. ભારતની કંગાલિયત ખોટી દિશાના અર્થતંત્રથી થઈ છે.

આજે પણ મોટા ભાગનાં ખેતરો–ખાસ કરીને શેરડીનાં–ગોરાઓની મિલકત છે. જો ભારતની માફક અહીંની સરકારે પણ ખેડે તેની જમીન કરી હોત તો અત્યારે જે મબલક ઉત્પાદન થાય છે તે ન થઈ શક્યું હોત. ખરેખર તો ખેડે તેની જમીન નહિ પણ ખેડી જાણે તેની જમીન હોવી જોઈએ. બન્ને વચ્ચેનો ભેદ સમજવો જોઈએ. મજૂરોથી મિલ નથી ચાલતી, માલિકથી મિલ ચાલતી હોય છે. જે લોકોએ મજૂરોને રાજી અને સમૃદ્ધ કરવા માલિકોને મારી નાખ્યા તેમણે ખરેખર તો મિલને જ મારી નાખી. મિલ મરતાં જ મજૂરો મરી જતા હોય છે. એટલે અહીં ખેડી જાણે—ખેડાવી જાણે તેની જમીનનો નિયમ હોવાથી પુષ્કળ ઉત્પાદન થાય છે, જેથી ખેડૂત જ નહિ રાષ્ટ્ર પણ સમૃદ્ધ થાય છે.

બધાંએ પૅકેટોમાં લાવેલું લંચ લીધું. કેટલાક સમુદ્રમાં પાણી નીચે ફરી આવ્યા. તેમણે અદ્ભુત વર્ણન કર્યું. અત્યારે અહીંના

ઉપપ્રધાનમંત્રી એક મુસ્લિમ સજ્જન છે. અહીં જુદીજુદી કક્ષાના પોલીસો છે, જેઓ કાયદાનું પાલન સખતાઈથી કરાવે છે. પ્રત્યેક નાગરિકને પરિચયપત્ર હોય છે. હવે અહીં ગાયો રહી નથી એટલે દૂધ ઓસ્ટ્રેલિયાથી આવે છે. ભારતથી પણ દૂધનો પાઉડર મગાવેલો પણ લોકોને અનુકૂળ ન આવ્યો. મોરિશિયસને ઘણા ટાપુઓ છે જેમાં રોડ્રિંગ્સ મોટો છે. એમાં બે લાખ માણસો રહે છે. આઝાદી પહેલાં અહીંથી વિમાનમાર્ગે 2–3 કલાક દૂર આવેલો ડિઓગા—ગાર્સિયા ટાપુ મોરિશિયસનો જ હતો. પણ અંગ્રેજોએ તે મોરિશિયસને આપ્યો નહિ, કારણ કે તે નિર્જન હતો. પાછળથી તે ટાપુ અમેરિકાને ભાડા–પટ્ટે આપી દેવાયો છે. અત્યારે ત્યાં અમેરિકાનો સૌથી મોટો એરબેઝ બની ગયો છે. અફઘાનિસ્તાન પરના વાયુહુમલામાં અહીંથી વિમાનો ઊડતાં અને બૉમ્બવર્ષા કરી આવતાં. જોકે મોરિશિયસે બ્રિટનની કૉર્ટમાં કેસ કર્યો છે કે આ ટાપુ અમારો છે અને અમને મળવો જોઈએ. જોઈએ હવે શું જજમેન્ટ આવે છે!

આ ટાપુ પર પુરુષોની તુલનામાં સ્ત્રીઓનું પ્રમાણ વધારે છે તેથી બૅલેન્સ બની રહે છે. આ સમુદ્રસ્નાનના મહિમામાં એવું કહેવાય છે કે જે સ્નાન કરે છે તેની પંદર વર્ષની ઉમ્મર ઘટીને તે જુવાન જેવો થઈ જાય છે. જે લોકો સ્નાન કરીને આવ્યા તો જોયું કે ઉમ્મર ઘટવાની જગ્યાએ વધી ગઈ લાગે છે, કારણ કે 1200 રૂપિયા ચાર્જ થયો છે. વરસાદ ચાલુ હોવાથી હવે અમે બધાં પાછાં વળ્યાં છીએ. થોડી નિરાશા થઈ, પણ શું થાય? વેધર પર કોઈનું નિયંત્રણ નથી. પ્રવાસમાં આવું પણ થતું હોય છે.

18–9–08

*

અમે ભ્રમણ કરી રહ્યાં છીએ. મોરિશિયસમાં બીજું કાંઈ ન જુઓ અને માત્ર તેની હરિયાળી જુઓ તોપણ પ્રવાસ સફળ થઈ જાય. પૂર્વે કહ્યું તેમ આ દેશ શેરડીનો છે. ઘણા લોકો એમ સમજે છે કે મોરસ પરથી મોરિશિયસ નામ પડ્યું છે, પણ આ વાત સાચી નથી. ખરેખર તો અહીં ડચો આવ્યા તેમના રાજકુમારનું નામ મોરિસ હતું તેથી તેમણે આ ટાપુનું નામ મોરિશિયસ રાખ્યું હતું. પુષ્કળ ખાંડ થતી હોવાથી અને સરકારના ટૅક્સ ઓછા હોવાથી અત્યારે અહીં પાંચ રૂપિયે કિલો ખાંડ મળે છે. પણ જ્યાં જે વસ્તુની બહુતાયત હોય ત્યાં તેનું કોઈ ને કોઈ અનિષ્ટ પણ હોય. અહીં લોકોને ડાયાબિટીસ બહુ થાય છે. વિશ્વમાં ત્રીજા નંબરે સૌથી વધુ ડાયાબિટીસ અહીં થાય છે, તેથી અહીંના લોકો ગળ્યું ખાતાં બહુ જ ડરે છે. હું જ્યારે પ્રસાદમાં કોઈને મીઠાઈ આપું છું ત્યારે તે ખાતો નથી પણ તેને જોયા કરે છે, કારણ કે સૌને ડાયાબિટીસનો ડર લાગે છે. જોકે ગળ્યું ખાવાથી ડાયાબિટીસ નથી થતો, પણ ડાયાબિટીસ થયા પછી ગળ્યું ખવાય નહિ.

અહીં સોળ વર્ષ સુધીનાં બધાં બાળકોને મફત શિક્ષણ છે. બધો જ ખર્ચ સરકાર આપે છે. કોઈ નાતજાત કે ધર્મનો ભેદ નથી. આવી જ રીતે 60 વર્ષ પછી બધાં વૃદ્ધોને ટ્રાવેલિંગ ફ્રી છે. પૂરા દેશમાં કોઈ પણ વૃદ્ધ ગમે ત્યાં આવ–જા કરી શકે છે. સૌના માટે હૉસ્પિટલ પણ ફ્રી છે. આ રીતે આ નાનો દેશ પોતાનાં નાગરિકોને કશા ભેદભાવ વિના ઘણી સગવડો આપે છે. ભેદભાવ નથી એટલે વિભાજન પણ નથી, તેથી એકતા આપોઆપ આવે છે. ભારત આ દેશ પાસેથી બોધપાઠ લઈ શકે છે. એકતાનાં પ્રવચન કે ગીત ગાવાથી એકતા નથી આવતી, ભેદભાવ બંધ કરવાથી એકતા આવે છે.

હવે વરસાદ બંધ થઈ ગયો છે. આકાશ સ્વચ્છ થઈ ગયું છે. બપોર પછી જે નાવડાંનો કાર્યક્રમ હતો તે ચાલુ રાખી શકાશે. અમે બધાંએ એક કાર્યાલયમાં બેસીને લંચ લીધું. સૌએ સ્વચ્છતાનું ધ્યાન રાખ્યું. આવું ધ્યાન જો દેશમાં રખાય તો દેશ ઉજ્જ્વળ થઈ જાય. અમે વરસાદના કારણે કાર્યક્રમ કૅન્સલ કરેલો તેથી આજે નાવો પાછી ચાલી ગઈ હતી. હવે નવી બોટો કરવી પડી. ભાવમાં કડદો કરવો પડ્યો. એક–એક બોટમાં 6–7 માણસો ગોઠવાયાં અને ચાલ્યાં. એન્જિનથી ચાલતી આ બોટો બહુ ગતિથી દોડે છે એટલે ચાલકે મને સાવધાન કર્યો. કહ્યું કે ટોપી ઉતારી લો, નહિ તો ઊડી જશે. તેની વાત સાચી લાગી. મેં તેમ જ કર્યું. પણ જ્યારે બોટ પૂરી સ્પીડમાં સમુદ્ર પર છલાંગો મારી રહી હતી ત્યારે જ ખુદ ચાલકની જ ટોપી ઊડી ગઈ. ઝટ દઈને ચાલકે ટૂંકો વળાંક—યુ–ટર્ન લીધો. સ્પીડ વધુ હોવાથી બોટ વાંકી વળી ગઈ. બધાં પ્રવાસીઓના જીવ તાળવે ચોંટી ગયા. ચીસો પડાઈ ગઈ. પણ અનુભવી ચાલક માટે આ સહજ વાત હતી. તેની ટોપી દરિયામાં તરતી હતી તે લઈને પાછાં હતાં તે જ રસ્તે દોડવા લાગ્યાં.

અડધો કલાક દોડ્યા પછી સમુદ્રના એક નાના સરખા ટાપુ પર અમે બધાં ઊતર્યાં. વનરાજિથી ગીચ આ ટાપુ પણ જોવા જેવો છે. પગપાળા જ પેલી તરફના બીચ તરફ ચાલ્યાં. જોયું તો અસંખ્ય ગોરાં નરનારીઓ સૂર્યસ્નાન કરી રહ્યાં છે. સાથેસાથે કાળા ભાઈઓ પણ સૂર્યસ્નાન કરી રહ્યા છે. આપણાં કોઈ સૂર્યસ્નાન કરતાં દેખાતાં નથી. પશ્ચિમી જીવનપદ્ધતિનો સ્વીકાર જેટલી ઝડપથી કાળા લોકો કરે છે તેટલી ઝડપથી આપણે નથી કરતા, કારણ કે કાળા લોકોને પોતાની ખાસ કોઈ સંસ્કૃતિ જેવું હતું નહિ. તેમને કશું રક્ષણ કરવાનું નથી, તેથી પશ્ચિમી સંસ્કૃતિનો ભય પણ નથી. આમ તો હમણાં સુધી કાળાના પૂર્વજો પણ નગ્નતાભર્યું જીવન જીવતા હતા. ખરો ભય આપણને છે. આપણે જૂનું છોડી શકતા નથી અને નવું સ્વીકાર્યા વિના રહી શકતાં નથી.

અમે સમુદ્રકિનારે ભ્રમણ કરવા લાગ્યાં. ક્યાંય કોઈ પોલીસ નથી. નીરવ શાંતિ છે. ક્રિઓલપ્રજાના થોડાક જુવાનિયાઓ બેસીને ડફ જેવાં વાજિંત્રોની સાથે ગીતોની રમઝટ કરી રહ્યા છે. થોડી વાર ઊભા રહીને સંગીત સાંભળ્યું. કવ્વાલી જેવું સંગીત ધમાધમ થઈ રહ્યું હતું. ઘણાને ખબર નથી પણ કીર્તન અને કવ્વાલી જ્યારે પૂરી રમઝટ મચાવે છે ત્યારે ગાનારનું અંગેઅંગ ક્રિયાન્વિત થઈને ઝૂમી ઊઠે છે. આ દવા છે. તેનાથી હૉર્મોન સુધરે છે અને માણસ રોગમુક્ત બને છે. આ સંગીતયોગ છે, જે પેલા નિષ્ક્રિય—ઉદાસીન યોગ કરતાં વધુ ફાયદો કરે છે. પણ આપણા ભદ્ર ગણાતા માણસો નથી તો મન મૂકીને ગાઈ શકતા કે નથી નાચી શકતા, નિષ્ક્રિય—ગંભીરતાભર્યું જીવન જીવવાની ફરજ પડે છે, જે રોગોને જન્માવે છે. ક્રિઓલ સંગીતમાં આફ્રિકન ટોન સ્પષ્ટ દેખાય છે.

ટાપુ જોઈને ફરી પાછાં બોટોમાં બેઠાં. એક પ્રપાત—ધોધ જોવા જઈ રહ્યાં છીએ. ફરી પાછા અડધો કલાક બોટ ચલાવીને ધોધ આગળ પહોંચ્યાં. મીઠા પાણીની નદીનું આ મુખ છે. પર્વતીય ઊંચાણથી તે સમુદ્રમાં કૂદકો મારે છે. પુષ્કળ પાણી હોવાથી સારો એવો ધોધ બને છે. ધોધને જોવો તે પણ જીવનનો લહાવો છે. પાણી જ્યારે ઊંચાઈએથી પછડાટ ખાય છે ત્યારે સફેદ ફીણ ઉત્પન્ન કરે છે. તેના પર સૂર્યનાં કિરણો પડે ત્યારે મેઘધનુષ થાય છે. આવાં દશ્યો જોઈને આનંદ થાય છે. ધોધ જોઈને અમે પાછાં વળ્યાં. અમારાં ચાર નાવડાં છે અને ચારેમાં ઘોડદોડ જેવી સ્પર્ધા જામી છે. કોઈ નાવડું જ્યારે નજીકથી પસાર થાય છે ત્યારે એકબીજાને જોઈને લોકો કિકિયારી પાડી બેસે છે. પ્રવાસમાં લોકો બધાં દુઃખો ભૂલી ગયા છે. અત્યારે કોઈ ટેન્શન પણ નથી. અમારા પ્રવાસીઓમાં ઊંઝાના ગેન્જી (દશરથલાલ) પણ છે. જેઓ બીજા નાવડામાં બેઠા છે અને તેમનાં પત્ની કાન્તાબહેન પોતાની બહેનપણીઓ સાથે અમારી બોટમાં બેઠાં છે. ગેંજીનું નાવ જ્યારે અમારી નજીકથી આગળ દોડવા લાગ્યું ત્યારે કાન્તાબહેનની બહેનપણી શારદાબહેને લાંબો ટહુકો પાડ્યો, “એ કાન્તા... અહીં આવ!” ખરેખર તેમનો ટહુકો સાંભળીને લાગ્યું કે આ શેઢેથી પેલા શેઢે બેઠેલા માણસને ખેડૂતો જેવી તીવ્ર બૂમો પાડતા તે યાદ આવી ગયું.

બન્ને બાજુ પહાડો છે. પથ્થરોમાં પણ ગીચ જંગલ ઊગ્યું છે. વનરાજિ જ વનરાજિ. સૌકોઈ ખુશ–ખુશ છે. લોકો ખોરાક, વસ્ત્રો વગેરે પાછળ જેટલું ધન ખરચે છે તેટલું ખુશ થવા માટે નથી ખરચતા. ખુશ–ખુશ થાઓ તો સ્વર્ગ અહીં જ છે. અમે બધાં ફરી પાછાં હતાં ત્યાં જ સમુદ્રકિનારે પહોંચી ગયાં. બધાં બસોમાં ગોઠવાયાં. બે બસો હોવાથી હું અવારનવાર બસ બદલું છું, જેથી સૌને આત્મીયતા લાગે. ખેતરો વચ્ચેથી રોડ પસાર થઈ રહ્યો છે. અત્યારે અહીં ખેતીની જમીન 16 લાખ રૂપિયે એકર વેચાય છે. અજિતની પાસે ઘણાં જૂનાં ગીતોની સી.ડી. છે. ચાલુ બસે અવારનવાર મૂકે છે. સૌ પ્રેમથી સાંભળે છે. અહીંના લોકો પણ આ જ હિન્દી ગીતો સાંભળતા હોય છે.

જો તમારે અહીં આ ટાપુ પર વસવાટ કરવો હોય તો અહીંની કન્યાને પરણવું પડે અથવા ત્રણ કરોડનું મૂડીરોકાણ કરો તો અહીંના નાગરિક થઈ શકો. આ કડક નિયમના કારણે વસ્તી બાર લાખે અટકી ગઈ છે, જેથી પ્રજા સુખી છે. આપણે ત્યાં બાંગ્લાદેશીઓ કશું મૂડીરોકાણ કર્યા વિના જ વસી ગયા છે અને દેશની મૂડીને ચૂસી ખાય છે, એટલું જ નહિ, હવે તો આતંકવાદને પણ પ્રોત્સાહન આપે છે, તોપણ મતભૂખી સરકારો કોઈ પગલાં ભરતી નથી, જેથી આ દેશની વફાદાર પ્રજાનું ભવિષ્ય બગડી રહ્યું છે. જૂના રાજનેતાઓએ ભૂલો કરી તેનું પરિણામ અત્યારની વફાદાર પ્રજા ભોગવી રહી છે. હવે અત્યારના ક્ષુદ્રબુદ્ધિ નેતાઓ જે ભૂલો કરી રહ્યા છે તેનું પરિણામ આવનારી પેઢી ભોગવશે. પોતે જ પોતાના પગ પર કુહાડો મારી રહ્યા છે.

બન્ને તરફ ભારતીયોની વસ્તી દેખાય છે. સારાં મકાનો છે. જીવનસ્તર ઉન્નત છે. લગભગ પ્રત્યેક ઘરની આગળ એક નાની દેરી જેવું મંદિર હોય છે જેને ધજાઓ પણ હોય છે. જાણવા મળ્યું કે તે હનુમાનજીની દેરી હોય છે. ઘરના આંગણે હનુમાનજી રાખવાથી પનોતી ઘરમાં આવતી નથી તેવી દઢ માન્યતાના કારણે આ દેરીઓ છે. પનોતીનો ભય સૌને લાગે છે. તેને દૂર કરવાના સાચા ઉપાય ન મળે તો પછી કાલ્પનિક ઉપાયો પણ થતા રહે છે. સત્ય કરતાં કલ્પના વધુ રમણીય હોય છે.

મેં જોયું કે એક રોડનું નામ ટાગોર રોડ લખ્યું છે. અંતે તો સૌની દષ્ટિ ભારત તરફ જ રહેતી હોય છે. જેટલી ચિંતા ભારતના હિન્દુઓને પોતાના ધર્મ વિશે થાય છે તેવી ચિંતા અહીંના હિન્દુઓને નથી થતી, કારણ કે અહીં હિન્દુ પ્રજા ક્ષીયમાણ નથી. કોઈ ધર્મ બીજા ધર્મને દબાવીને ફળતો–ફૂલતો નથી. કોઈ વધે તો કોઈ ઘટે. ભારતમાં હિન્દુઓ ઘટી રહ્યા છે, જે ઘટના તેમના ભવિષ્યને ઝીરો બનાવી રહી છે. અહીં સરકાર સાવધાન છે તેથી તેવી ચિંતા નથી.

ગઈ કાલે શ્રી દાદુભાઈ મને મળવા આવ્યા હતા. તેઓ વહેલા વડોદરા જવાના હતા પણ મને મળવા માટે જ રોકાયા હતા. તેમની ટિકિટ હું લેતો આવ્યો છું તે ગઈ કાલે આપી દીધી હતી. આજે તેમને મળવા તથા આશ્રમ જોવા સ્વામી કૃષ્ણાનંદજીના આશ્રમ “હ્યુમન સર્વિસ”માં આવ્યાં છીએ. ખબર પડી કે દાદુભાઈ તો ક્યાંક દૂર ગયા છે અને મોડી રાત્રે આવવાના છે. થોડી નિરાશા થઈ. પણ આશ્રમના નિયામક આવી ગયા. તેમણે કહ્યું કે ચાલો, તમને આશ્રમ બતાવું. અમે તો આશ્રમ જોવા નીકળ્યા. સૌથી પહેલી નવાઈ તો એ

લાગી કે અહીં એક મોટું ચર્ચ છે. દર રવિવારે પ્રાર્થના થાય છે, જેમાં આશ્રમના અને બહારના ખ્રિસ્તી ભાઈઓ ભાગ લે છે. પૂરા આશ્રમમાં ક્યાંય મંદિર જોવા ન મળ્યું. કદાચ હશે, પણ મારા જોવામાં ન આવ્યું. આ ચર્ચ 1950માં બંધાવ્યું હતું. અહીંના નિર્દેશક શ્રી સૂર્યદેવજી આવી ગયા. તેઓ મને આશ્રમ બતાવી રહ્યા છે. આપણે ત્યાં આશ્રમના ચાર પ્રકાર છેઃ 1. ઋષિઆશ્રમ, 2. સાધુઆશ્રમ, 3. સંતઆશ્રમ અને 4. ગાંધીઆશ્રમ.

ઋષિઓ આશ્રમોમાં રહેતા બાળબચ્ચાં સાથે રહેતા. પઠન–પાઠન, મનન–ચિંતન, લેખન–પ્રવચન વગેરે પ્રવૃત્તિઓથી આશ્રમો ધમધમતા રહેતા. પૂર્ણ સ્વાવલંબી હોવાથી રાજા–મહારાજા કે શ્રીમંતોના દબાણથી મુક્ત રહેતા, જેથી સાચો ધર્મ વ્યાખ્યાબદ્ધ થતો.

ઋષિઓ લુપ્ત થયા અને સાધુઓ આવ્યા. લૌકિક પ્રવૃત્તિ વિનાના માત્ર આધ્યાત્મિક લક્ષ્યોવાળા ધ્યાન–ધારણા અને સાક્ષાત્કારના લક્ષ્યવાળા, માત્ર મોક્ષના જ હેતુવાળા સાધુઓ રહેવા લાગ્યા. આ બધા કાંચન—કામિનીને દૂર રાખતા તેથી તેમના નિર્વાહની જવાબદારી રાજા–મહારાજા–શ્રીમંતો કે ગૃહસ્થોના માથે રહેતી. આ રીતે તેઓ પરાશ્રિત જીવન જીવતા. લોકોને સંસાર છોડીને મોક્ષમાર્ગે વાળવા માટે તેઓ પ્રયત્નશીલ રહેતા. જીવનનો એકમાત્ર હેતુ મોક્ષ જ છે, માટે બધાં કામો છોડીને મોક્ષની સાધનામાં લાગી જવું.

સંતઆશ્રમો પણ હતા. ઋષિઓની માફક સંતો પણ સદ્‌ગૃહસ્થો હતા. પોતાના ઘરને જ આશ્રમ બનાવતા, લોકોને ભક્તિભાવ તથા અધ્યાત્મના માર્ગે વાળવાનો પ્રયત્ન કરતા. કબીર, નાનક, દાદૂ, તુકારામ, નરસિંહ, વગેરે સંતો થયા. ન્યાત–જાતના ભેદ વિના સૌને ભક્તિનો ઉપદેશ આપતા.

આશ્રમોમાં નવી ક્રાન્તિ ગાંધીજીએ કરી. તેમણે સાબરમતી, વર્ધા, વગેરેમાં જે આશ્રમો સ્થાપ્યા અને તે પછી જે ગાંધીઆશ્રમો થયા તે ત્યાગ—વૈરાગ્ય—ભક્તિ કે અધ્યાત્મની વાતોની સાથે–સાથે લોકોના પ્રશ્નોને ઉકેલવાનો પ્રયત્ન પણ કરતા. આશ્રમોનું સંચાલન કાર્યકર્તા કરતા જેમાંના મોટા ભાગના સદ્‌ગૃહસ્થો હતા, ત્યાગી હતા, પણ તેમનો ત્યાગ વાંઝિયો ન હતો. લોકોના બધા પ્રશ્નો ઉકેલાતા હતા. સાબરમતી આશ્રમ રાજકારણથી ધમધમતો. દેશને ગુલામીમાંથી કેમ છોડાવવો અને દેશને કેવી રીતે આઝાદ કરવો તેનું ચિંતનમનન અને ક્રિયાત્મક રૂપ અહીં તૈયાર થતું. અહીંનો એકેએક કાર્યકર્તા સક્રિય રહેતો, સાદાઈથી રહેતો અને ઉપયોગી જીવન જીવતો. પછી તો સાધુ–આશ્રમોમાં પણ ક્રાન્તિ થવા લાગી. મિશનરીનો પ્રભાવ પણ તેમાં પ્રેરણાદાયી રહ્યો. માનવતાવાદી અને સેવાવાદી આશ્રમો થવા લાગ્યા. કોરા ત્યાગ–કોરી આધ્યાત્મિકતાથી કોઈ પ્રશ્ન ઉકેલાતો નથી. પણ, પ્રવૃત્તિમય ત્યાગી જીવન જ લોકોના પ્રશ્નો ઉકેલતું હોય છે.

સ્વામી કૃષ્ણાનંદજીએ આવા જ હેતુ માટે આ આશ્રમ શરૂ કરેલો. ‘હ્યુમન સર્વિસ’ તેનું અંગ્રેજી નામ રાખ્યું અને ‘સ્વામી કૃષ્ણાનંદ સેવા સદન’ ભારતીય નામ રાખ્યું. અહીં વૃદ્ધાશ્રમ છે જેમાં દોઢસો વૃદ્ધો રહેતાં હશે, જેમાંથી કદાચ 100 જેટલાં ખ્રિસ્તી ભાઈબહેનો હશે. ખ્રિસ્તીઓનું આટલું મોટું પ્રમાણ કેમ છે તેવા પ્રશ્નના ઉત્તરમાં શ્રી સૂર્યદેવજીએ કહ્યું કે અહીં ખ્રિસ્તીઓ બહુ જ ગરીબ છે. અમે આશ્રમમાં ફરતાં હતાં ત્યારે વૃદ્ધોને જમવાનો સમય થયો હતો. વૃદ્ધો પોતપોતાનાં પાત્રો લઈને ભોજન લેવા લાઇનમાં ઊભાં હતાં. ભોજન લઈને હૉલનાં ટેબલ–ખુરશી પર બેસીને વૃદ્ધો જમતાં હતાં. એક હિન્દુ પરિવાર તરફથી આજનું ભોજન અપાયુ હતું. તેનું નામ બૉર્ડ પર લખ્યું હતું, એટલું જ નહિ, પરિવાર પોતે જ રસોઈ બનાવીને મોટાં–મોટાં તપેલાં લઈને આવ્યો હતો અને પરિવારનાં ભાઈ–બહેનો ભોજન પીરસતાં હતાં. તેમના ચહેરા પર જે શ્રદ્ધા–ભક્તિ હતી તે જોવા જેવી હતી. ખબર છે—ભોજનમાં શી–શી વાનગીઓ હતી? ચોંકતા નહિ. માછલીની કઢી હતી, બ્રેડ હતી, ભાત, વગેરે હતું. મને નવાઈ લાગી, આશ્રમમાં માછલીની કઢી! ગાંધી આશ્રમમાં માંસાહાર પર પ્રતિબંધ હતો. હા, લસણ–ડુંગળી ખવાતાં. કોઈને માંસાહાર કરવો હોય તો બહાર જઈને કરી શકતો, પણ અહીં તો આશ્રમમાં જ માછલીની કઢી પીરસાય છે! કદાચ કાલે માંસની બીજી વાનગી પણ પીરસાય. શ્રી સૂર્યદેવજીનું કહેવું હતું કે એક તો અમારે ત્યાં ખ્રિસ્તી વૃદ્ધો ઘણાં છે. તેમનો આહાર માંસાહાર છે. તેમને તેમનો સહજ આહાર જ આપવો જોઈએ તેવું સ્વામીજી માનતા હતા. બીજું, અહીંના હિન્દુઓ પણ માંસાહારી જ છે, એટલે ગૌમાંસ સિવાય બીજા માંસાહારનો વિરોધ નથી હોતો. અને ભોજન બનાવીને લાવનાર સદ્‌ગૃહસ્થ પણ માંસાહારી હોય છે. આ બધું અહીં સહજ છે. હા, તમને નવાઈ લાગે, કદાચ આઘાત પણ લાગે, પણ અહીં બધું સહજ છે. મને

લાગે છે કે આહારની આવી સહજતાનો સ્વીકાર કરીને બૌદ્ધ ધર્મ અડધા વિશ્વમાં ફેલાયો હતો. ઇસ્લામ અને ખ્રિસ્તીઓ પણ સરળતાથી ફેલાઈ શક્યા છે. જૈન–વૈષ્ણવ વગેરે ધર્મો કદાચ આહારની ચુસ્તતાના કારણે ફેલાઈ શક્યા નથી.

અમે આશ્રમની ઑફિસ જોઈ, વૃદ્ધાશ્રમના બીજા વિભાગો પણ જોયા. આ આશ્રમ પાસેથી ખ્રિસ્તી મિશનરીઓએ પ્રેરણા લેવી જોઈએ. કોઈનું પણ ધર્મપરિવર્તન કર્યા વિના જ સૌને અહીં રખાય છે. સેવા કરવી હોય તેણે ધર્મપરિવર્તનની શરત રખાય નહિ, પણ મિશનરીઓ આવી શરત સાથે સેવા કરે છે, જેથી સંઘર્ષ—ઝઘડા થાય છે. લગભગ બધાં આદિવાસી ક્ષેત્રોમાં મિશનરીઓ આ જ કામ કરી રહી છે. હવે હિન્દુઓ જાગ્યા છે અને ધર્માંતરનો વિરોધ કરવા લાગ્યા છે તથા લોભ–લાલચથી ધર્માંતરિત થયેલા ભોળા લોકોને પાછા લાવવાની પ્રક્રિયા પણ ચલાવે છે, જેથી કોઈકોઈ વાર કલહ પણ થાય છે. મહત્ત્વનો પ્રશ્ન એ છે કે કોઈએ સેવા કરવી હોય તો જરૂર કરે, પણ ધર્માંતર શા માટે કરે છે? અંગ્રેજોના સમયમાં આટલી બધી ધર્માંતરણની પ્રવૃત્તિ ન હતી. આઝાદી પછી હિન્દુવિરોધી વલણ ધરાવનારી સરકારો આવી. તેમણે મિશનરીઓને ખુલ્લો દોર આપી દીધો છે. આ ધર્માંતરણની અસર રાષ્ટ્રના ભવિષ્ય પર માઠી પડવાની જ છે.

નાગાલૅન્ડ, મિઝોરમ, વગેરે ખ્રિસ્તીબહુલ પ્રદેશો જુદા થવા માગે છે. વર્ષોથી આ પ્રદેશો સળગી રહ્યા છે. લોકોનું માનવું છે કે પૂર્વભારત ક્યારે જુદું થાય તે કહેવાય નહિ. એક તરફ ધર્મના કારણે કાશ્મીર સળગી રહ્યું છે, તો બીજી તરફ પૂર્વભારતના છેવાડાના પ્રદેશો સળગી રહ્યા છે. આ બધો અગ્નિ માત્ર ને માત્ર ધર્મથી જ લાગ્યો છે. શું આવો અગ્નિ પૂરા ભારતમાં લગાડવો છે? શું ભારતને સળગતો ને અશાંત કરવો છે? માનો કે આ પ્રદેશો જુદા ન પણ થાય તોપણ તેમની પાછળ કેટલી બધી સેના રોકવી પડે છે! હું હમણાં ઉડિસામાં હતો તે જ દિવસે આશ્રમમાં પેસીને વિધર્મી ગુંડાઓએ સ્વામી લક્ષ્મણાનંદજીને ગોળીઓ મારીને ઢાળી દીધા હતા. તે દિવસથી ઉડિસાનો આ ભાગ ભડકે બળી રહ્યો છે. વર્ષોથી સ્વામીજી ઉડિસાનાં આદિવાસી ક્ષેત્રોમાં પલાંઠી વાળીને બેઠા હતા. ધર્માંતરિત થયેલા ભોળા આદિવાસીઓને તેઓ પાછા હિન્દુ ધર્મમાં લાવવાની પ્રવૃત્તિ કરતા હતા. તેમના પર પહેલાં પણ હુમલા થઈ ચૂક્યા છે. હવે સરકાર આ હત્યાને બીજા પર ઢોળીને છૂટવા માગે છે.

ધર્મસ્વાતંત્ર્ય જરૂરી છે, પણ રાષ્ટ્રના ભવિષ્યની સુરક્ષા અને અખંડિતતા તેથી પણ વધુ જરૂરી છે. મિશનરીઓ કે બીજા ભલે સેવા કરે, સેવાનો વિરોધ ન હોય, પણ ધર્માંતરણ કર્યા વિના સેવા કરે ને, કોણ ના પાડે છે? જુઓ, આ સ્વ. કૃષ્ણાનંદજીના આશ્રમમાં ખ્રિસ્તી ભાઈઓની સેવા થાય છે. કોઈ શરત નથી. જે લોકો માંસાહારી છે તેમને તેમનો આહાર અપાય છે અને જેઓ શાકાહારી છે તેઓ માંસાહાર વિનાનો આહાર કરે છે. કોઈ સંઘર્ષ જ નથી. મને લાગે છે કે શરત વિનાની આ સાચી સેવા કહેવાય. પ્રત્યેક ખ્રિસ્તી વૃદ્ધના પલંગ પર મધર મૅરીનું ચિત્ર છે. હિન્દુઓના પલંગ પર તેમના ઇષ્ટદેવ છે. કોઈને કોઈ વિરોધ નથી.

સ્વામીજી તો દેવ થઈ ગયા છે. તેમની પ્રતિમા મૂકી છે, તેને વંદન કરીને અમે વિદાય થયાં. આશ્રમ જોવાનો આનંદ થયો. હા, દાદુભાઈને મળી ન શકાયું તેનું દુઃખ થયું.

સ્વામી કૃષ્ણાનંદજી સાથે મારી અવારનવાર મુલાકાત થતી. તેઓ મૂળ રાજસ્થાનના રાજપૂત હતા. આફ્રિકામાં ઘણું ફર્યા પછી મોરિશિયસમાં સ્થિર થયા. રામાયણ અને હનુમાન–ચાલીસાના માધ્યમથી તેઓ ભજનમંડળો ચલાવતા. પ્રતિવર્ષ ઝાંબિયામાં આવું સંમેલન આજે પણ થાય છે. તેમણે માનવતાની ઘણી પ્રવૃત્તિઓ કરી હતી. વડોદરામાં વિશ્વજ્યોતિ આશ્રમ આજે પણ ચાલે છે. મોટેરામાં તેમની પાસે ઘણી જમીન હતી, જે બાજુમાં રહેતા સંતે પચાવી પાડી છે, જેનો કેસ પણ ચાલે છે. શ્રી દાદુભાઈ તેમના ખાસ માણસ હતા. મોરિશિયસ સરકારે સ્વામીજીના માનમાં ટપાલટિકિટ બહાર પાડી હતી. તેમનો સર્વધર્મસમભાવ અને ધાર્મિક સહિષ્ણુતા પ્રેરકતત્ત્વ રહ્યાં છે. અમે આશ્રમમાંથી વિદાય થયાં.

19–8–08

*

# 6

અમે આશ્રમ જોઈને પરત હોટલ જઈ રહ્યાં છીએ. રસ્તામાં આર્યસમાજની સંસ્થા આવી. ત્રણ દિવસથી અહીં વિશ્વભરના આર્યસમાજીઓનું સંમેલન થઈ રહ્યું હતું. આજે જ પૂર્ણાહુતિ થઈ. અહીંના પ્રધાનમંત્રી નવીનચંદ્ર રામગુલામ પણ આવ્યા હતા. મારે પણ જવું હતું, પણ સમય જ ન મળ્યો તેનો વસવસો રહી ગયો.

હિન્દુ પ્રજાના ધાર્મિક ઇતિહાસમાં મહર્ષિ દયાનંદજીએ બહુ મહત્ત્વનો વળાંક આપ્યો હતો. તેમની પદ્ધતિ આક્રમક હતી જે લોકો સહન કરી શકતા નહિ, પણ કોઈની પરવા કર્યા વિના જીવનની છેલ્લી ઘડી સુધી તેઓ પોતાના સિદ્ધાન્તો અને લક્ષ્ય માટે બરાબર મંડ્યા રહ્યા હતા. મારા આરંભના જીવન પર સ્વામી દયાનંદજીનો બહુ મોટો પ્રભાવ હતો. વર્ષો સુધી હું તેમનો અનુયાયી રહ્યો, પણ વૃંદાવનમાં સ્વામી માત્રાનંદજીના સંપર્કથી હું મૂર્તિપૂજાને માનતો–સ્વીકારતો થયો તથા ગાંધીજીના સાહિત્યથી સર્વધર્મસહિષ્ણુભાવવાળો થયો. બધા જ ધર્મોનું ખંડન કરવાથી ખંડન થતું નથી. સૌને સહન કરીને જ સાથે રહી શકાય છે. માત્ર ખંડનાત્મક વૃત્તિથી વિખવાદ જ વધે છે. ગાંધીજીએ મને ઉદારતા આપી. પછી તો ઘણી બાબતોમાં મારે સુધારો કરવો પડ્યો. વેદ ઈશ્વરપ્રણીત ગ્રંથ છે અને તેમાં બધી વિદ્યાઓ છે તેવું હવે મને લાગતું નથી. મારી દૃષ્ટિએ વિશ્વનો કોઈ પણ ગ્રંથ ઈશ્વરપ્રણીત નથી. સૌની સમયમર્યાદા છે. તેમાંથી ઘણું ગ્રહણ કરવા જેવું છે તો કેટલુંક ત્યજી દેવા જેવું પણ છે. શ્રાદ્ધ અને તીર્થોની પણ જરૂર છે. મારી દૃષ્ટિએ હિન્દુ પ્રજાને આજે સર્વોચ્ચ જરૂર છે એકતાની અને બળવાન બનવાની. બધા મતભેદો ભૂલીને બધા હિન્દુઓએ એક થઈને બળવાન થવાની જરૂર છે. માત્ર ખંડનાત્મક પ્રવૃત્તિથી એકતાને હાનિ પહોંચે છે. અસ્તુ. હવે અમારાં લક્ષ્યો એકતા અને વીરતા હોવાં ઘટે. મૂર્તિપૂજા કરો કે ન કરો, એક થઈને રહો અને બહાદુર બનો.

રસ્તામાં એક કાલીમાતાનું મંદિર પણ આવ્યું. હિન્દુ પ્રજા બહુ દેવવાદી છે તે સ્વીકારવું જોઈએ. સાથેસાથે તે મૂળમાં એકેશ્વરવાદી પણ છે. આ બન્નેનો મેળ કરવાની જરૂર છે. બધા દેવો એક જ પરમેશ્વરનાં પ્રતીક છે તેમ સમજીને ઉપાસના કરવી જોઈએ. સ્વામી કૃષ્ણાનંદજીની સફળતાનું એક કારણ રામાયણ અને હનુમાન–ચાલીસાનો પ્રચાર પણ છે. અહીંની પ્રજા બિહારી છે. રામ અને હનુમાન તેમની નસમાં વસેલા છે. તેમને સ્વીકારીને ચાલવાથી પ્રચાર સરળ થયો. લગભગ 50 લાખ તુલસીકૃત રામાયણ વહેંચવામાં આવી હતી અને અહીં ઘરેઘરે હનુમાનજી તો છે જ. પ્રવાહના સામે પૂરે ચાલવા કરતાં પ્રવાહની સાથે ચાલીને તેને વળાંક આપવો હિતાવહ હોય છે. પ્રવાહમાં તણાવું અને તેને વળાંક આપવો તે બન્નેમાં ભેદ છે.

આ ખંડેર જુઓઃ ફ્રાંસિસી લોકોએ અહીં જે પ્રથમ ખાંડ બનાવવાનું કારખાનું સ્થાપેલું તેનું આ ખંડેર છે. વિકાસ પણ ક્રમેક્રમે થતો હોય છે. છલાંગ મારવાથી ફેરફાર થવાની સંભાવના રહે છે. આ ખંડેરમાંથી અત્યારે અનેક આધુનિકતમ ખાંડની ફૅક્ટરીઓ થઈ છે અને કામ કરી રહી છે.

અને આ બાજુ જુઓ, આ કાપડની પહેલી મિલ છે, જેમાં આજે પણ કાપડ તૈયાર થઈ રહ્યું છે. કાપડની મિલોથી અમદાવાદ અને ગુજરાત સમૃદ્ધ થયાં હતાં તે આપણે ભૂલવું ન જોઈએ.

અમારા ડ્રાઇવરનું નામ મહેન્દ્ર મહેશ છે. મહેશ તેની અટક છે. તેનું કહેવું છે કે તે જ્યારે બહુ હરખભેર પોતાના પૂર્વજોની ભૂમિ જોવા માટે ભારત ગયો ત્યારે મુંબઈમાં ફૂટપાથ પર સૂતેલાં હજારો માણસો અને ગરીબી જોઈને આંખમાં આંસુઓની નદી વહેવા લાગેલીઃ "અરેરે... અમારા પૂર્વજોનો આવો દેશ છે? અમે તો અહીં રાજાની માફક રહીએ છીએ!" ફરી જવાનું મન ન થયું. મેં કહ્યું કે ગરીબી અને ફૂટપાથી જીવન કરતાં પણ હવે ભારતમાં એક નવો રાક્ષસ પેદા થયો છે "આતંકવાદ"નો. સરકાર તેને નાથી શકતી નથી. ગમે ત્યારે ગમે ત્યાં ધમાકા કરીને પાંચ–પચીસ નિર્દોષોને મારી નખાય છે. સરકારના કેટલાક મંત્રીઓ આતંકવાદી સંસ્થાઓ અને તેમના હત્યારાઓ પ્રત્યે સહાનુભૂતિ રાખતા હોય તેવી છબિ ઊપસવા માંડી છે. ભગવાન બચાવે ભારતને!

અહીં લોકો આર્થિક રીતે સુખી છે. ઘરકામ કરનારી પણ ભારતના દશ હજાર રૂપિયા મહિને કમાય છે. મહેન્દ્રને લોન લઈને પોતાની ગાડી વસાવવી છે. અહીં બહુ ભ્રષ્ટાચાર નથી, તોપણ લાગવગ તો જોઈએ જ. અહીં મકાનોના ત્રણ પ્રકારનાં વિભાગ છેઃ 1. રહેણાક માટેનું ક્ષેત્ર, 2. વ્યાપાર માટેનું ક્ષેત્ર અને 3. ઉદ્યોગો માટેનું ક્ષેત્ર. આ ત્રણે ક્ષેત્રો જુદાંજુદાં હોવાથી પર્યાવરણ સારું રહે છે. આ ટાપુને હવે એક જ બંદરગાહ છેઃ 'પૉર્ટ લૂઇસ.'

અમે ફરી રહ્યાં છીએ ત્યાં મુંબઈથી આવેલાં કચ્છી ભાઈ–બહેનો મળ્યાં. બધાં આર્યસમાજના સંમેલનમાં આવ્યાં છે. બધાંને શક્તિસિંહ ચૂડાસમાનું જાદરિયું પ્રસાદમાં આપ્યું, ખુશખુશ થઈ ગયાં. ઘણાં ઓળખીતાં નીકળ્યાં તથા પુસ્તકોનાં વાચક પણ નીકળ્યાં.

એક નવો બંગલો થઈ રહ્યો છે. તેની ડિઝાઈન જોઈને આનંદ થાય છે. આવા સરસ બંગલા આવા નાનાસરખા ગામડામાં પણ થાય છે તે તેની સમૃદ્ધિ બતાવે છે.

મોરિશિયસ પર અંગ્રેજોના પહેલાં ફ્રેંચો રાજ કરતા હતા. તેમણે જે–જે નામો ગામો તથા નગરોનાં પાડેલાં તે જ બધાં નામો અંગ્રેજોએ ચાલુ રહેવા દીધાં છે. નામો બદલવાની સંકુચિત મનોવૃત્તિ હલકી રાજનીતિનું પ્રદર્શન જ કહેવાય. પૉર્ટ લૂઈ ફ્રેંચ નામ છે. અમેરિકામાં પણ ઘણાં નામો સ્પૅનિશ અને રેડ ઇન્ડિયનોનાં છે. ખાસ કરીને "સાન્" શબ્દથી શરૂ થતાં બધાં નામ સ્પૅનિશ છે. જેમકે "સાન્ ફ્રાંસિસ્કો" વગેરે.

મોટા ભાગે અહીં લગ્નો રવિવારે જ થતાં હોય છે, કારણ કે તે દિવસે રજા હોય છે. હિન્દુ લોકો મોટા ભાગે મડદાને અગ્નિદાહ આપે છે. કોઈકોઈ દાટે પણ છે. આ એક એવું કબ્રસ્તાન છે કે તેના ત્રણ ભાગ છે. એકમાં હિન્દુ, બીજામાં મુસલમાન અને ત્રીજામાં ખ્રિસ્તી લોકોનો દફનવિધિ થાય છે. કબ્રસ્તાન એક જ છે, માત્ર તેના ત્રણ ભાગ કરાયા છે.

આપણે ભારતીયો પરદેશમાં કશું ખરીદી શકતા નથી, કારણ કે ભારત જેટલું સસ્તું ક્યાંય નથી. અહીં પણ ત્રણથી પાંચગણું મોંઘું લાગે છે. બધાં એક વિશાળ મૉલમાં ગયાં, પણ કશું ખરીદ્યા વિના જ પાછાં આવ્યાં. "અરે! આ વસ્તુ તો ભારતમાં આટલામાં જ મળે છે! અહીં તો આટલા બધા છે! ના રે ના! ન લેવાય!" કહીને બધાં ચાલતાં થાય છે. દુકાનદારો પણ પ્રથમથી જ સમજી જાય છે કે ભારતીયો માત્ર ભાવતાલ જ પૂછે છે, ખરીદતાં નથી. આપણે ત્યાં જે ટીશર્ટ 50–60 રૂપિયામાં મળે છે તે અહીં 1500/–માં મળે છે. કોણ ખરીદે? આ મૉલ કેટલો મોટો છે તેનો અંદાજ તેનાં 36 કાઉન્ટર પરથી આવશે. અમે બધાં બહાર બેઠાં છીએ. સામે જ મોટું પાર્કિંગ છે. આ પશ્ચિમી વ્યવસ્થા છે. પાર્કિંગ તો હોવું જ જોઈએ. ગમે ત્યાં ગાડી પાર્ક ન કરાય. વ્યવસ્થા જ વ્યવસ્થા, તેથી સગવડો અને તેથી સુખ મળે છે.

સામે જ લાંબી પર્વતમાળા છે. તેનાં તીવ્ર ઊંચાં શિખરો છે. એક શિખર તો મોર જેવી કલગી લગાવેલું હોય તેવું લાગે છે. દૃશ્ય બહુ જ રળિયામણું દેખાય છે. મોરિશિયસમાં પાંચ નગરો છે, બાકી બધાં ગામડાં અને કસબાઓ છે. સૌથી વધુ વસ્તીવાળું નગર પૉર્ટ લૂઈ છે. એ રાજધાની પણ છે. જ્યાં ઉદ્યોગ–ધંધા હોય ત્યાં જૉબ હોય. જ્યાં જૉબ હોય ત્યાં વસ્તી હોય. જ્યાં રોજી ત્યાં વસ્તી. કાપડ ઉદ્યોગમાં મુસ્લિમો વધુ રોકાયેલા છે. અંગ્રેજોના સમયમાં શેરડીના ટ્રાન્સપૉર્ટ માટે ટ્રેન હતી, પણ હવે ટ્રેન નથી. બધો ટ્રાન્સપૉર્ટ હવે ટ્રકોથી થાય છે. અમે મુસ્લિમ ક્ષેત્રમાંથી પસાર થઈ રહ્યાં છીએ. કંઈક જુદું જ લાગે છે. ભારતમાં વસ્તી કોમવાર, ધર્મવાર વસી હોય છે, જેમ કે બ્રહ્મપોળ, વાણિયાવાડ, પટેલવાડ, મુસ્લિમ કસબો, ઠાકોરવાસ, પગીવાસ, વગેરે. આ બધાંની રહેણીકરણી અલગઅલગ હતી, હવે કાંઈક એક થઈ રહી છે, તેથી ફ્લૅટોમાં કે સોસાયટીઓમાં સાથે રહેવા લાગ્યાં છે. તોપણ મુસ્લિમોની જીવનવ્યવસ્થા વધુ જુદી પડે છે. મુસ્લિમોમાં પણ શેખ, સૈયદ, પઠાણ, વહોરા, પીંજારા, વગેરેના મહોલ્લા જુદાજુદા હોય છે. બધાં જુદાંજુદાં રહે છે, તેથી જીવનવ્યવસ્થા અને સ્તર પણ જુદાં થઈ જાય છે.

અમે એક બહુ ઊંચો ટેકરો ચઢીને વ્યૂ પૉઇન્ટ પર પહોંચી ગયાં છીએ. અહીંથી બન્ને તરફનું પૉર્ટ લૂઈ દૂરદૂર સુધી દેખાય છે. અહીં કિલ્લો પણ છે, જે નાનો છે પણ મજબૂત છે. નીચે રેસકોર્સ પણ છે. આ કિલ્લો ફ્રેંચ લોકોએ બનાવ્યો હતો. અંદર જવાની ફી 50 રૂપિયા

છે. અમે અંદર ગયાં પણ કશું જોવા જેવું લાગ્યું નહિ, દીવાલો જ હતી.

અહીંથી બૌદ્ધ પૅગોડો દેખાય છે. મસ્જિદ પણ દેખાય છે. પેલું ચર્ચ છે. અમે બધાં વિદાય થયાં અને લોકલ બજારમાં પહોંચી ગયાં. ફૂટપાથ પર ભારતની માફક દુકાનો લગાવી છે. ભાવતાલ થાય છે. પૂરેપૂરું ભારતીય વાતાવરણ છે. ચાલવાની પણ જગ્યા નથી. હા, ચોખ્ખાઈ સારી છે. લોકોએ કાંઈનું કાંઈ ખરીદ્યું. અહીં ડિસ્ટ્રિક્ટ કૉર્ટ અને સુપ્રીમ કૉર્ટ એમ બે કૉર્ટ છે. આ રહ્યાં બ્રિટિશ કાળનાં તેમનાં ભવનો. અને આ નાટ્યગૃહ પણ બ્રિટિશરોએ બનાવેલું છે. આ પાર્લમેન્ટ ભવન છે. 62 સભ્યો બેસીને દેશનું સંચાલન કરે છે. અહીં કોઈ પ્રકારની અનામત નથી. સૌકોઈ મુક્ત રીતે ચૂંટાઈને આવે છે, તેથી ન્યાતજાત કે ધર્મના વિખવાદ નથી. માત્ર દોઢેક લાખની વસ્તીવાળા આ શહેરમાં પાર્કિંગનો બહુ મોટો પ્રશ્ન છે. વાહનો ઘણાં છે, ક્યાં ઊભાં રાખવાં તે પ્રશ્ન છે. અમે બધાં પગપાળાં શહેરમાં ફરી રહ્યાં છીએ. બપોર થઈ ચૂક્યા છે. એક બગીચામાં બેસીને બધાંએ લંચ લીધું. બેસવાની સારી વ્યવસ્થા છે. ફ્રેંચ ગવર્નર લૂઈના નામ પરથી આ બંદરનું નામ પૉર્ટ લૂઈ પડ્યું છે. 158 વર્ષ સુધી રાજ કરવા છતાં અંગ્રેજોએ આ નામ બદલ્યું નથી. એક ચોકમાં એક ફ્રેંચ નાવિકનું ભવ્ય પૂતળું મૂકેલું છે, જેને વર્ષોથી અંગ્રેજોએ રહેવા દીધું છે. અહીં કવિ, લોકનેતા, રાજનેતા, કલાકારો, વગેરેનાં ઘણાં પૂતળાં મૂકેલાં છે.

ટ્રાફિક ઘણો હોવાથી રોડની સામે જવા માટે ભોંયરામાં સબવે બનાવ્યો છે. અમે બધાં ભોંયરામાં ઊતર્યાં. નીચે તો ખાસી બધી દુકાનો છે. ભારતીય લાડુ વગેરે પકવાનો પણ વેચાય છે. પેલા છેડે નીકળ્યાં. બહુ મોટું શાકમાર્કેટ છે. નાની–નાની કૅબિનો જેવી ઘણી દુકાનોમાં ચીજવસ્તુઓ વેચાય છે. બજાર જોઈને અમે પાછાં ફરતાં હતાં ત્યાં એક માણસ આવ્યો. તેણે કહ્યું, “સ્વામીજી, એક દુઃખદ સમાચાર દેના હૈ. દાદુભાઈ કા દેહાન્ત હો ગયા હૈ.” આ માણસ ગઈ કાલે દાદુભાઈ સાથે મને મળવા આવ્યો હતો. સમાચાર સાંભળીને હું તો સ્તબ્ધ જ રહી ગયોઃ અરે, ગઈ કાલે તો તે સાજા સારા હતા! જુવાનને શરમાવે તેવી ચાલે ચાલતા હતા અને ઓચિંતાનું શું થઈ ગયું? ભાઈનું કહેવું હતું કે રાત્રે તેઓ આવ્યા, જમીને સૂઈ ગયા. સવારે જોયું તો દેહમાં પ્રાણ ન હતા. હૃદય બંધ પડી ગયું.

ઓહ, મૃત્યુ કેવું છાનાં પગલે આવે છે! જોકે આવું મૃત્યુ માણસને રિબાવતું નથી. કોઈની સેવા લેવી પડતી નથી એ સારું કહેવાય, પણ માણસને વ્યવસ્થા કરવાનો સમય મળતો નથી. મોટી જવાબદારી સાથે જીવતા માણસનું આવું ઓચિંતું મૃત્યુ થાય તો પાછળ વૅક્યૂમ થઈ જાય છે, અવ્યવસ્થા ઊભી થઈ શકે છે. શ્રી દાદુભાઈની ઉમ્મર 88 વર્ષની હતી તોપણ તેમનું આરોગ્ય ઘણું સારું હતું. બધા કાર્યક્રમો બંધ રાખીને એક બસ લઈને થોડાંક પ્રવાસીઓ સાથે હું તેમના આશ્રમે પહોંચી ગયો. આશ્રમ 19–20 કિ.મી. દૂર લાગ્યો. આશ્રમમાં ખબર પડી કે તેમના મૃતદેહને હવાઈ મથકે લઈ જવામાં આવ્યો છે. પહેલી ફ્લાઈટથી તે બેંગ્લોર જશે અને ત્યાંથી મુંબઈ—વડોદરા જશે. અમે વંદન કરીને પાછાં ફર્યાં.

શ્રી જગદીશભાઈને મેં સૂચના આપી કે “માનો કે પ્રવાસમાં મારું પણ આવું થાય તો મારા દેહને ભારત ન લઈ જશો. અહીં જ કોઈ હૉસ્પિટલને આપી દેજો. કદાચ હૉસ્પિટલને જરૂર ન હોય તો અહીંના સ્મશાનમાં વિધિ પતાવી દેજો.” બધા કહે કે ના–ના, એવું થતું હશે?” મેં કહ્યું કે “આ થયું એ કેવું? કોઈને ક્યાં ખબર હતી કે દાદુભાઈ આવી રીતે વિદાય થઈ જશે?”

સ્વામી કૃષ્ણાનંદજીના વિકાસમાં દાદુભાઈનો મોટો સાથ હતો. આફ્રિકાનાં ઘોર જંગલોમાં સ્વામીજીને લઈને દાદુભાઈ જીપનું જાતે ડ્રાઇવિંગ કરીને ફરતા, આશ્રમો સંભાળતા અને ચલાવતા. તેઓ કુશળ વહીવટકર્તા અને સજ્જન હતા. ગઈ કાલે જ મારી સાથે વાત કરી હતી કે મોટેરામાં સંતે અમારી જમીન પડાવી લીધી છે તે પાછી મેળવવા પ્રયત્નો કરવાના છે. તેમની આશા અધૂરી રહી ગઈ. કેટલાયની જમીનો પચાવી પાડનારા પણ એક દિવસ ઓચિંતા આવી જ રીતે વિદાય થશે–હા, જમીન સાથે નહિ જાય, અહીં જ રહી જશે. કદાચ બીજો કોઈ તેને બથાવી પાડવા ફાંફાં મારશે. માણસ જમીનને ખાઈ નહિ શકે–હા, જમીન માણસને ખાઈ જશે.

20–9–08

*

જીવનની એક લાઇન હોય છે. એટલે તો લોકો કહેતા હોય છે કે માણસની લાઇન સારી છે અથવા કહેતા હોય છે કે આની આઉટલાઇન છે. લાઇનના આધારે માણસનું મૂલ્ય થતું હોય છે. એક કરોડનો અને બીજો કોડીનો બનતો હોય છે. સારી–ખોટી લાઇન થવામાં ધંધાની બહુ મોટી અસર થતી હોય છે. જે ધંધામાં વ્યક્તિને નીચે ઢળવાનો ઢાળ હોય છે ત્યાં લાઇનને સાચવવી કઠિન હોય છે. ઢાળ જ એવો હોય કે તમારે ન દોડવું હોય તોપણ ઢાળ તમને દોડાવે. કદાચ ગાઇડની લાઇન પણ એવી જ કહેવાય. આ લાઇનમાં રોજ નવાંનવાં પ્રવાસીઓ સંપર્કમાં આવે. તેમાંથી કેટલાક લાઇન વિનાના પણ હોઈ શકે છે. આવા માણસો જ પેલાને પણ લાઇનથી બહાર ખેંચી શકે છે–ખાસ કરીને સ્ત્રીઓને, કારણ કે ગાઇડલાઇનમાં સ્ત્રીઓ ઘણી હોય છે.

આવી જ અમારી એક ગાઇડ છે. છે તો ખ્રિસ્તી પણ લગ્ન કર્યાં છે મુસ્લિમ સાથે, તે મર્યાદા બહારની બહુ જ છૂટ લે છે. અહીં એક સારી વસ્તુ છે કે પતિ–પત્ની જુદાજુદા ધર્મો પાળીને પણ સાથે રહી શકે છે. પ્રશ્ન બાળકોનો થાય છે. તેમને કયો ધર્મ આપવો? માનો કે બાપનો? બેમાંથી જે જબરું હોય તે પોતાની ઇચ્છા પૂરી કરી લેતું હોય છે. અમારી ગાઇડ રોજાં રાખતી નથી. તેના વ્યવહારથી પ્રવાસીઓ ખુશ નથી. આવી મર્યાદાહીન સ્ત્રીઓ પોતાનું ઘર સાચવી શકતી નથી. તેમનો સંસાર સુખી નથી હોતો. તેમનામાં બે પૈસા કમાવાની તો ક્ષમતા હોય છે, પણ પતિને સાચવવાની ક્ષમતા નથી હોતી. સચવાયેલી સ્ત્રી જ પતિને સાચવી શકતી હોય છે. જે સ્ત્રીએ પતિને સાચવી લીધો તેણે કરોડોનો ખજાનો સાચવી લીધો. ઉત્તમ પતિને ખોઈને કોઈ સ્ત્રી લાખો રૂપિયા કમાઈ લે તોપણ શું?

ચા–નાસ્તો કરીને અમે ફરવા નીકળ્યાં છીએ. આજે અમારે લાંબી ટૂર કરવાની છે. આ ઇસ્કોનનું શ્રીકૃષ્ણમંદિર છે. ચોટીવાળા સાધુઓ કૂદીકૂદીને હરેકૃષ્ણની ધૂન મચાવે છે. વારંવાર તાળીઓ પાડીપાડીને કૂદવાથી આરોગ્ય સારું રહે છે. એક તરફ વ્યાયામ થાય છે તો બીજી તરફ પ્રભુભજન પણ થાય છે. હરેકૃષ્ણવાળા ધ્યાન–સમાધિ પર ભાર નથી મૂકતા, કીર્તન પર ભાર મૂકે છે. કીર્તન કરવાથી પણ મનની એકાગ્રતા થાય છે. પ્રશ્ન મનની ચંચળતાનો નથી, તે તો કુદરત–સહજ છે જ, જરૂરી પણ છે. પ્રશ્ન છે પ્રશ્નો ઉકેલવાનો. તમારી સાધનાથી સ્વ–પરના કયા પ્રશ્નો ઉકેલાય છે? કે પછી પ્રશ્નો ઊભા થાય છે?

આ જુઓ, પ્રધાનમંત્રીનું કાર્યાલય છે. એક પણ ચોકીદાર નથી. કોઈ ભય નથી, કારણ કે અહીં આતંકવાદ આવ્યો નથી. અહીં બીજાં પણ મહત્ત્વનાં કાર્યાલયો છે. ચારે તરફ રામરાજ્ય છે. આ ભારતીય હાઈકમિશનરનું કાર્યાલય છે. સૌએ તાળીઓ પાડીને વધાવી લીધું.

બસ ચાલી રહી છે. એક પછી એક ગામડાં આવે છે, પણ ક્યાંય ઉકરડો કે કચરાનો ઢગલો દેખાતો નથી. આ પણ ભારતીયો છે અને આપણે પણ ભારતીયો છીએ. આપણે ઉકરડા અને કચરાના ઢગલા કેમ કરીએ છીએ? આમની પાસેથી આટલું શીખીએ તોપણ બસ.

અમારો ડ્રાઇવર નદીમ મુસલમાન છે, પણ બહુ ભલો માણસ છે. તેનું કહેવું છે કે મારે બે છોકરા છે. મારી ઇચ્છા એક દીકરીની છે; પણ જો દીકરી કરું તો તેને ભણાવવાનો ખર્ચ ક્યાંથી લાવું? જોકે શિક્ષણ તો મફત છે, પણ તેને યોગ્ય બનાવવા ઘણો ખર્ચ કરવો પડે, તેથી બર્થકંટ્રોલ કર્યો છે. નદીમની વાત સાંભળીને નવાઈ લાગી. સામાન્ય રીતે ભારતમાં એવી છાપ છે કે મુસ્લિમો સંતતિનિયમન નથી કરતા તેથી છોકરાંની મોટી લંગાર લાગી જાય છે. નદીમની માફક તેમને યોગ્ય બનાવવાની ચિંતા નથી હોતી. બધું ભગવાન પર છોડી દે છે. સરકાર પણ મતબૅન્ક સમજીને તેમને કશું કહેતી નથી. અત્યારે ભારતમાં 90 જિલ્લાઓમાં મુસ્લિમોની બહુમતી થઈ ગઈ છે. કેન્દ્રસરકારે તેમને પુરસ્કારના રૂપમાં 35 અબજ ફાળવ્યા છે. આવનારાં વર્ષોમાં આ જિલ્લાઓની સંખ્યા વધવાની છે. કદાચ પૂરું ભારત તેમની બહુમતીનું ક્ષેત્ર થઈ જાય. કાંઈ નવાઈ નહિ. શિક્ષણ, સંસ્કાર અને યોગ્યતા વિનાનાં આ બાળકો શું કરશે? બીજું કાંઈ નહિ, રાજ કરશે. હા, રાજ કરશે–"બે બસ"વાળા ફરી પાછા ટૅક્સ ભરતા થઈ જશે, કારણ કે તેઓ ઘટી રહ્યા છે. તેમને 5–10 વર્ષ તો દેખાય છે પણ 25–50 વર્ષ દેખાતાં નથી. શું થાય? નેતાઓ જ એવા મળ્યા છે, જેમને લાંબું દેખાતું નથી.

નદીમનું કહેવું છે કે વિશ્વભરમાં ક્યાંય શાંતિ હોય તો તે અહીં મોરિશિયસમાં છે. અમારા દેશની સીમા કોઈથી મળતી નથી એટલે

સીમાડા સળગતા નથી અને આંતરિક કોઈ વિખવાદ નથી એટલે શાંતિ જ શાંતિ છે. સફળ રાજનેતાઓનું આ પરિણામ છે. જેને રાજ જ કરતાં ન આવડે તેને આપણે રાજની લગામ સોંપીને ચારે તરફ અશાંતિ કરી બેઠા છીએ. જેને ડ્રાઇવિંગ જ ન આવડતું હોય તેને સ્ટિયરિંગ ન સોંપાય. પણ પહેલેથી જ આવું થઈ ગયું છે.

અમે એક એવી ફેક્ટરી જોઈ રહ્યાં છીએ જ્યાં 12–13–14મી શતાબ્દીમાં જે જહાજો બનતાં હતાં તેમનાં હૂબહૂ મૉડલ બનાવવામાં આવી રહ્યાં છે. વિશ્વમાં શક્તિમાપક ત્રણ રસ્તાઓ રહ્યા છેઃ 1. ભૂમિમાર્ગ, 2. સમુદ્રમાર્ગ અને 3. આકાશમાર્ગ.

સૌપ્રથમ ગ્રીકો સિકંદરના નેતૃત્વમાં દૂરદૂર સુધી ભૂમિમાર્ગે ફરી વળ્યા. ભૂમિમાર્ગની શક્તિ મોંગોલોએ બનાવી. નાના બટકા ઘોડા લઈને લાખોનાં ધાડાં છેક યુરોપ અને ભારત સુધી વારંવાર ફરી વળતાં અને બધાંને ધમરોળી નાખતાં.

તે પછી ઓટોમન સામ્રાજ્યના તુર્કો ઘણી જમીન પર ફરી અંદરના ભાગ સુધી આવ્યા અને લૂંટફાટ કરીને મંદિરો–મૂર્તિઓ તોડીને હાહાકાર મચાવતા રહ્યા. આ કાળ દરમિયાન ભારતના શાસકો ખૈબર–બોલન પાર કરીને પેલી તરફ ન ગયા. આક્રમણને રોકવાનો સાચો રસ્તો પ્રથમ અને સચોટ આક્રમણ જ છે, જે ન કરાયું, તેથી ભારતને વારંવાર હુમલા સહન કરવા પડતા રહ્યા. મહમદ ગજનવીએ 16 વાર ભારત પર આક્રમણ કર્યાં પણ ભારતે સામે એક પણ વાર આક્રમણ ન કર્યું. આ તેની ઉદારતા કે શાંતિપ્રિયતા નહિ, કમજોરી હતી.

સમુદ્રી માર્ગની પહેલી શક્તિ આરબોએ બતાવી. ઇસ્લામના ઉદય પછી આરબો નાવો લઈને નીકળી પડ્યા. તેઓ સારા વ્યાપારી અને સારા યોદ્ધાઓ પણ હતા. તેમની પાસે સાહસ અને મહત્ત્વાકાંક્ષા પણ હતાં. મહમદ બિન કાસમે નૌસેના લઈને સિંધ પર આક્રમણ કર્યું. આ પહેલાંનાં આક્રમણો માત્ર લૂંટફાટ માટે રહેતાં, પણ સિંધ પરનું આક્રમણ સત્તા સ્થાપિત કરવા માટે પણ હતું. ભારત પર આ પહેલું સફળ ઇસ્લામિક આક્રમણ હતું. વર્ષો સુધી આરબોએ સિન્ધ પર રાજ્ય કર્યું, જેના પરિણામે વેશ અને લિપિમાં પરિવર્તન થયું. તે પછી પૉર્ચુગીઝો, વાસ્કો દ ગામાના નેતૃત્વમાં મોટાંમોટાં વહાણો લઈને નીકળી પડ્યા અને દક્ષિણભારતમાં સત્તા સ્થાપિત કરી. તેમના પછી ડચો, પછી ફ્રેંચો અને પછી અંગ્રેજો આવ્યા. આ બધી ગોરી પ્રજા વિશ્વભરમાં ફરી વળી ત્યારે ભારત શું કરતું હતું? જરા શાંતિથી પોતાની જાતને પ્રશ્ન પૂછો. ત્યારે આપણે સમુદ્રથી અભડાતા હતા અને સમુદ્રપ્રવાસ કરનારને દંડ આપતા હતા. હા, આપણે હિમાલય–યાત્રાને મહત્ત્વ આપતા હતા. જ્યાં યોગીઓ ધ્યાનસમાધિ કરતા હતા અને લોકોને પલાંઠી વાળવાનો ઉપદેશ આપતા હતા. દેશમાં સાહસ નહિ, પલાંઠી પૂજાતી હતી.

છેલ્લે શક્તિનું પ્રતીક આકાશમાર્ગ થયો. ગોરી પ્રજાએ વિમાનો બનાવ્યાં. વિશ્વનો નકશો બદલાઈ ગયો. રાઇટ બંધુઓથી શરૂ થયેલી આ યાત્રા સિવિલ અને સેનાના ક્ષેત્રમાં કલ્પનાતીત આગળ વધી ગઈ છે. આપણે હજી ન તો સિવિલ પ્રવાસનું મોટું વિમાન બનાવ્યું છે, ન તો લડાકુ વિમાનો બનાવ્યાં છે. બન્નેમાં હજી પણ આપણે પરાશ્રિત છીએ. હા, અંતરીક્ષનાં મિસાઈલ બનાવ્યાં છે. હવે તમે જ નક્કી કરો કે જે સમયે જે માર્ગની સર્વોચ્ચતા ચાલતી હતી ત્યારે આપણે ક્યાં હતા? ક્યાં છીએ?

મને ઘણાં વર્ષોથી થયા કરતું હતું કે ગામા, કોલંબસ, જેમ્સ કૂક વગેરે સમુદ્રી નાવિકો કેવાં જહાજો લઈને નીકળ્યા હશે! ગામા પાસે એવાં તો કેવાં જહાજો હતાં કે તેણે જોતજોતાંમાં ભારતનો સમુદ્રકિનારો પોતાના નિયંત્રણમાં લઈ લીધો. દિલ્હીના બાદશાહો પણ પૉર્ચુગીઝોની પરવાનગી પછી જ સમુદ્રયાત્રા કરી શકતા. આવી શક્તિ આપનારાં તેમનાં વહાણો કેવાં હશે! આજે તેનું સમાધાન થયું.

અમે જે ફેક્ટરી જોઈ રહ્યા છીએ તેમાં 1 ફૂટથી માંડીને 5–7 ફૂટ લાંબાં જૂનાં ઐતિહાસિક જહાજોનાં હૂબહૂ મૉડલ તૈયાર થઈ રહ્યાં છે. લગભગ બધું કામ હાથકારીગરીથી થાય છે. કેટલાય કારીગરો હથોડી અને લાકડાની પટ્ટીઓથી જહાજો બનાવી રહ્યા છે. 1 સઢથી માંડીને 10–20–25–50 સઢવાળાં તોતિંગ જહાજો બનાવવામાં આવતાં હતાં. આ જુઓ, આ ગામાનાં જહાજો. આપણે સમજતા હોઈશું કે આપણા ખારવા જેવાં જહાજ હશે, પણ ના–ના, આ તો બસો ફૂટ લાંબાં અને ચાર માળવાળાં તોતિંગ જહાજો છે, જેમાં એક એકમાં 30–30 તોપો ફિટ કરેલી છે. ત્રીજા માળે ગોઠવેલી તોપોને જરૂર પડે ત્યારે બારીઓ ખોલીને નાળચાં ખુલ્લાં કરી શકાય છે. પ્રત્યેક તોપ 2થી 5 કિ.મી. દૂર ગોળો ફેંકે છે. પ્રત્યેક જહાજ પર 100થી 200 માણસોને રહેવાની વ્યવસ્થા છે. પ્રત્યેક જહાજનો એક કૅપ્ટન હોય છે.

બધા કૅપ્ટનોનો એક સરકૅપ્ટન—એડમિરલ હોય છે. આ શક્તિનો પૂંજ છે. ગમે ત્યાં ગમે ત્યારે યુદ્ધ કરીને વિજય મેળવી શકે છે. આટલાં મોટાં અને આવાં શક્તિશાળી જહાજોની મારી કલ્પના ન હતી. આ જહાજો જોયા પછી થાય છે કે ખરેખર આ ગોરી પ્રજા વિશ્વ–સમુદ્રને ધમરોળતી હતી તે યોગ્ય જ હતું.

આપણી પાસે આ જહાજોની તુલનામાં બહુ જ સામાન્ય કક્ષાનાં જહાજો હતાં, જે થોડો માલસામાન અને થોડાંક માણસોને આઘાંપાછાં કરતાં હતાં. તેવું કરનારા ખારવાઓનું સ્થાન ધર્મ તથા સમાજમાં ઘણું નીચું હતું, એટલે ધર્મ–સમાજ અને રાજસત્તાનું તેમને પીઠબળ ન હતું. તેથી આપણે વાસ્કો દ ગામા કે કોલંબસ પેદા ન કરી શક્યા. પરિણામે જ આપણે વિશ્વના ખાલી ટાપુઓ કબજે ન કરી શક્યા અને કૉલોનીઓ સ્થાપિત ન કરી શક્યા. હા, દશમી શતાબ્દીની આસપાસ દક્ષિણના ચૌલો, પાંડ્યો, વગેરે દ્રવિડો પૂર્વ તરફ ગયા હતા અને ત્યાં જાવા, સુમાત્રા, બોર્નિઓ, ઇન્ડોનેશિયા, બાલી, કંબોડિયા, વગેરે દેશોમાં સત્તા સ્થાપી હતી. પણ એવું લાગે છે કે આ પ્રવાસ પાછળથી અટકી ગયો. તે બધા ત્યાં રહી ગયા. માતૃભૂમિથી સંપર્ક તૂટી ગયો, તેપણ તેમણે હિન્દુ ધર્મ અને દ્રવિડ સંસ્કૃતિને જીવંત રાખ્યાં. તેમણે અનેક મંદિરો બંધાવ્યાં જેમાંનાં કેટલાંક તો આજે પણ વિશ્વપ્રસિદ્ધ છે. પણ બૌદ્ધોની આંધી આગળ હિન્દુઓ અને ઇસ્લામની આંધી આગળ બૌદ્ધો ટકી શક્યા નહિ. હવે પૂર્વ એશિયામાં કાં તો ઇસ્લામ છે, કાં પછી બૌદ્ધો છે. હિન્દુઓ નામમાત્રના જ રહી ગયા છે. કેમ? બોધપાઠ લે છે કોઈ? નશો ઊતરે તો ને!

અમારાં સહપ્રવાસીઓને આ જહાજનાં મૉડલ જોવામાં રસ ન પડ્યો. તેઓ આ બધાંને રમકડાં જ સમજતાં રહ્યાં, પણ મને રસ પડ્યો. હું ધારીધારીને જહાજોની બનાવટ જોતો રહ્યો અને સમજવા પ્રયત્ન કરતો રહ્યો. ખોટી ખુદબડાઈ કરીને કોઈ મહાન ન થઈ શકે. વાસ્તવિકતાને સ્વીકારવી અને તેને સુધારવાથી મહાન થવાય. જરૂર છે લોકોને કાલ્પનિક મહાનતાના નશામાંથી છોડાવવાની. કેટલાક આવા નશાખોરો આજે પણ એવું માને છે કે બધું અમારી પાસે જ હતું, પશ્ચિમે અમારી ચોરી કરીને આ બધું મેળવ્યું છે, વગેરે.

અમે બધાં બહાર નીકળ્યાં, બસમાં ગોઠવાયાં અને ચાલતાં થયાં. જહાજોનાં મૉડલ તો સૌને ગમ્યાં, પણ તેની કિંમત ઘણી ભારે હતી. ડૉલરવાળા જ ખરીદી શકે, એટલે કોઈએ કશું ખરીદ્યું નહિ.

અહીં સૌથી વધુ ઉચ્ચશિક્ષણ ચીની પ્રજા લે છે, સૌથી ઓછું મુસ્લિમો લે છે. પહેલાં આવાં પાકાં મકાનો ન હતાં, ઝૂંપડાં હતાં. છત પર શેરડીનું ઘાસ નાખવામાં આવતું, પણ જ્યારે ટોર્નેડો આવતો ત્યારે બધું ઊડી જતું. ફરીથી પાછું ઝૂંપડું બનાવાતું. જ્યારે અહીં કાપડની મિલો આવી અને બીજા ઉદ્યોગો આવ્યા ત્યારે લોકોની કમાણી વધી, એટલે પાકાં મકાનો થવા લાગ્યાં. હવે એક પણ ઝૂંપડું જોવા નથી મળતું. ઉદ્યોગો વિના પ્રજા ઊંચી ન આવી શકે. ઉદ્યોગો મૂડીરોકાણથી થતા હોય છે, મૂડીરોકાણ કાયદાની વ્યવસ્થાથી થતું હોય છે. જો સજ્જડ કાયદાની વ્યવસ્થા ન હોય તો કોઈ મૂડીરોકાણ ન કરે અને તો જીવનસ્તરમાં સુધારો ન કરી શકાય.

એવું કહેવાય છે કે જે લોકો મિલમાં કામ કરતા તેમને તરત જ કન્યા મળી જતી, પણ જે લોકો ખેતરોમાં કાળી મજૂરી કરતા તેમને જલદી કન્યા મળતી નહિ. પણ હવે વાત બદલાઈ ગઈ છે. નદીમનું કહેવું છે કે કાપડમિલમાં કામ કરનારને હવે જલદી કોઈ કન્યા આપતું નથી, કારણ કે ક્યારે મિલ બંધ થઈ જાય તે કહેવાય નહિ. બીજું કારણ એ કે કાપડમિલોમાં ઘણી સ્ત્રીઓ પણ કામ કરે છે, એટલે ખાનગીમાં કોઈની સાથે તેમનું લફરું ચાલતું હોય છે. આવી સંભાવનાથી પણ કન્યા આપતાં લોકો ખચકાય છે. નદીમને કાશ્મીર આવવું છે પણ હિંસાની વાતો સાંભળીને ઢીલો પડી જાય છે. તેનું કહેવું છે કે પશુઓ માટે, પક્ષીઓ માટે, હવા માટે, નદી માટે ક્યાંય પાસપૉર્ટ નથી હોતો, માત્ર માણસ માટે જ હોય છે. મેં કહ્યું કે આ પાસપૉર્ટ પદ્ધતિ પશ્ચિમની છે, આપણી નથી. ગોરાઓ ક્યાં પાસપૉર્ટ લઈને ભારત આવ્યા હતા?

અમે ઔદ્યોગિક ક્ષેત્રમાં ફરી રહ્યાં છીએ. અહીં ઘણીબધી ફૅક્ટરીઓ છે. અને આ શ્રીમંતોનું ક્ષેત્ર છે. અહીં જમીન બહુ મોંઘી છે તેથી શ્રીમંતો જ રહી શકે છે. અહીં ઘણી ઠંડક રહે છે. ઉનાળામાં પણ ગરમી નથી લાગતી. અમે આગળ વધ્યાં અને એક શાંત જ્વાળામુખી આગળ આવીને ઊભાં રહ્યાં. બધાં નીચે ઊતર્યાં. ગરમી–તાપ ઘણો લાગે છે. ગેંજી મને છત્રી ઓઢાડે છે. પણ મોટા ભાગે તે

પોતાના જ ઉપર છત્રી ઓઢી લે છે. ચાણક્યનું કહેવું છે કે છત્રી અને પંખો પોતાના હાથમાં જ રાખવાં. બીજાના હાથમાં હશે તો તે પોતે જ તેનો લાભ લઈ લેશે.

અમે જ્વાળામુખીના કિનારે લગાવેલા પાઇપોના સહારે જ્વાળામુખીનો ઊંડો ખાડો જોઈ રહ્યાં છીએ. અત્યારે તો હવે ખાડામાં ગીચ વનરાજિ ઊગી નીકળી છે. જ્વાળામુખી શાંત થઈ ગયો છે. પેલો હિન્દમહાસાગર દેખાય છે. અહીંના ડ્રાઇવરોને લાઇસન્સ આપતાં જ સમજાવવામાં આવે છે કે હૉર્ન વગાડાય નહિ, તેનાથી કર્ણ–પોલ્યુશન થાય છે. ઇમર્જન્સી હોય ત્યારે જ હૉર્ન વગાડાય, તેથી અહીં હૉર્ન વગાડતા નથી. નદીમે કહ્યું, બધે જ ટૉઇલેટ વ્યવસ્થા હોય છે, તેથી ક્યાંય કોઈ ખુલ્લામાં એકી–બેકી કરતું નથી.

આ ક્યુ પાઇપ ટાઉન છે. એવું કહેવાય છે કે ફ્રેંચો અહીં આવીને પાઇપ (હોકલી) પીતા, તેથી આને ક્યુ પાઇપ ટાઉન કહેવાય છે. અહીં પુષ્કળ ફૂલો થાય છે, શાકભાજી પણ ઘણાં થાય છે, જેને કાર્ગો વિમાન દ્વારા યુરોપ–અમેરિકા મોકલવામાં આવે છે. ખેડૂતો સમૃદ્ધ બને છે.

21–9–08

*

સૃષ્ટિરચનાના બે પ્રકાર છેઃ 1. કુદરતે રચેલી અને 2. મનુષ્યે રચેલી. માત્ર કુદરતે રચેલી સૃષ્ટિમાં પશુ–પક્ષી, જીવજંતુઓ જીવન ગુજારતાં હોય છે. જોકે તેમાં પણ કેટલાંક પોતાનું નજીવું નિર્માણ કરતાં હોય છે, પણ માનવનું નિર્માણ તો કલ્પનાતીત થવા લાગ્યું છે. હવે તે માત્ર કુદરતી નિર્માણથી સંતુષ્ટ નથી. સગવડોની અપેક્ષાઓ વધ્યા જ કરતી હોય છે અને સગવડો માટે સતત વિકાસ કરતા જ રહેવું પડતું હોય છે. માણસની સર્વ–પ્રાથમિક આવશ્યકતા હવા છે, જે કુદરત–સહજ તેને મળે છે. જોકે માણસે તેમાં ભારે પોલ્યુશન કરી મૂક્યું છે. પણ વગર ખર્ચે સૌને હવા મળી રહે છે. બીજી આવશ્યકતા જળની છે. પહેલાં માણસ પશુની માફક જળ પીતો. જેમ વાનરો જળનો સંગ્રહ નથી કરી શકતા તેમ કદાચ માણસનું પણ હશે, તેથી તો તે નદી–સરોવરના કિનારે વસતો હતો. પણ પછી જળના ક્ષેત્રમાં તેણે પ્રગતિ કરી અને હવે ક્યાંથી ક્યાં પહોંચી ગયો છે! રણમાં પણ ભરપૂર પાણી પ્રાપ્ત કરીને ઇઝરાયેલ સારી રીતે જીવે છે, જ્યારે બીજી તરફ કેટલીક પ્રજાઓ નદીકિનારે રહીને પણ તરસી મરે છે, કારણ કે તેઓ માનવસૃષ્ટિ રચી શકતા નથી. જો તેઓ માનવસૃષ્ટિ રચી શકે તો નદી અને વરસાદના જળનો સંગ્રહ કરી શકે, રસોડા સુધી નળ દ્વારા જળ લાવી શકે.

પૂર્વે કહ્યું તેમ મોરિશિયસમાં લગભગ બારે મહિના અવારનવાર વરસાદ હોય છે, એટલે અહીં પાણીની તકલીફ નથી, તોપણ જે કાંઈ પાણી છે તેનો સંગ્રહ કરી ઉપયોગ તો કરવો જ જોઈએ. અમે એક એવા જળાશયના કિનારે પહોંચ્યાં છીએ, જે માણસોએ બનાવ્યું છે. બંધ બાંધીને વરસાદના જળને રોકીને એક મોટું જળાશય તૈયાર કરાયું છે. પર્વતીય ક્ષેત્રોમાં કેટલીક જગ્યાઓ એવી હોય છે કે જ્યાં બંધ બાંધવાથી આપોઆપ વિશાળ જળાશય તૈયાર થઈ જતું હોય છે. અહીં પણ આવું જ કરાયું છે. દૂરદૂર સુધી સમુદ્ર જેવું પાણી જ પાણી દેખાય છે. વળી પાછું આ જળ શુદ્ધ રહે તે માટે અહીં આજુબાજુ માણસને રહેવા પર પ્રતિબંધ મૂક્યો છે, કારણ કે માણસથી મોટો પર્યાવરણનો બીજો કોઈ શત્રુ નથી. એટલે આ નિર્જન પ્રદેશ છે. અહીં વનરાજિ પુષ્કળ છે. તેમાં એક ખાસ પ્રકારનાં સીધાં વૃક્ષો થાય છે, જેના વીજળીના તાર માટેના થાંભલા બને છે. આ બધા થાંભલા તેના જ છે, જે વર્ષો સુધી સડ્યા વિના ટોર્નેડોમાં પણ અડીખમ ઊભા રહે છે. પૂર્વે કહ્યું તેમ અહીં ટોર્નેડો (વંટોળિયા) ઘણા આવે છે. જીવનમાં પણ આવા ટોર્નેડો આવતા જ હોય છે. બધા અડીખમ ઊભા રહી શકતા નથી. ઘણા ધરાશાયી થઈ જતા હોય છે. કેટલાક ફરીથી કોઈનો ટેકો મેળવીને ઊભા થઈ જતા હોય છે, તો કેટલાક કાયમ માટે ધૂળ ચાટતા જ રહી જતા હોય છે. ટોર્નેડો વિનાનું જીવન એ જીવન જ નથી. હવે આ તળાવનું પાણી પીવાના તથા ખેતીના કામમાં લેવાય છે.

હવે અમે ગંગાતળાવના કિનારે પહોંચ્યાં છીએ. આ તળાવને પહેલાં પરીતળાવ કહેવાતું હતું, પણ પછી હિન્દુ પ્રજાએ તેને ગંગાતળાવ બનાવી દીધું. આ ટાપુ પર હિન્દુઓ આવ્યા–એમ કહો કે લાવવામાં આવ્યા. તેમની સાથે જ તેમની સંસ્કૃતિ પણ આવી. હિન્દુઓને ગંગા તો જોઈએ જ, કારણ કે ગંગા વિના અસ્થિવિસર્જન ક્યાં કરાય? ગંગાજી હિન્દુ સંસ્કૃતિ સાથે વણાઈ ગયેલી નદી છે, એટલે લોકોએ આ તળાવને "ગંગાતળાવ" બનાવી દીધું. ચાલો, હવે ભારત જવાની જરૂર નહિ. અહીં જ બધી વિધિઓ થઈ જાય છે. 1970માં ઇંદિરાબહેન અહીં આવ્યાં હતાં. પોતાની સાથે તેઓ ગંગાજળ પણ લાવ્યાં હતાં. તેમણે તે જળ આ તળાવમાં પધરાવ્યું ત્યારથી આ ગંગાતળાવનો મહિમા વધી ગયો. રામગુલામ આર્યસમાજી હતા અને નહેરુજી લગભગ નાસ્તિક હતા, તોપણ બન્ને લોકહૃદયને જાણતા હતા. લોકહૃદયને જાણે તે જ નેતા થઈ શકે. કેવળ તર્કોથી ધર્મ નથી ચાલતો, તેને ભાવનાઓ જોઈએ. અત્યારે આ ગંગાતળાવ અહીંની ગંગાજી જ થઈ ગયું છે. હજારો નહિ, લાખો માણસો પ્રતિવર્ષ અહીં આવે છે. ખાસ કરીને શિવરાત્રીના દિવસે તો ત્રણથી પાંચ લાખ શ્રદ્ધાળુઓ ભેગાં થાય છે. એમ કહો ને કે બધા હિન્દુઓ આવે છે. બાર લાખની કુલ વસ્તીમાંથી આટલી વસ્તી એક જ દિવસે અહીં આવે તે નાની વાત કહેવાય નહિ. ઘણા લોકો પગપાળા આવે છે. અહીં પણ કાવડિયા લોકો જળ ચઢાવવા કાવડ લઈને આવતા હોય છે.

અમારી બસ ઊભી રહી. સામે જ 108 ફૂટ ઊંચું શિવજીનું ભવ્ય પૂતળું છે. કોણ કહે છે કે પ્રતિમાની અસર નથી થતી? થાય જ છે. અમે બધાં ઊતરીને વિશાળ મેદાનમાં સ્થપાયેલી આ પ્રતિમાની આગળ ગયાં. આટલી મોટી અને આવી ભવ્ય પ્રતિમા શિવજીની મેં આજ

સુધી જોઈ નથી. બૌદ્ધ કાળમાં બુદ્ધની તો હજારો પ્રતિમાઓનું નિર્માણ થયું હતું. મોટા ભાગે તે પર્વતોને કંડારીને પર્વતોમાં થયું હતું. જેમ કે અફઘાનિસ્તાનના બામિયાન પ્રદેશમાં ભગવાન બુદ્ધની વિશ્વની સૌથી ઊંચી ભવ્ય પ્રતિમાઓ કંડારાઈ હતી. વિશ્વના ટૂરિઝમને ખેંચી લાવી લોકોને રોજી આપતી હતી, પણ તેને, તાલિબાનોના શાસનકાળમાં તોપના ગોળા મારીમારીને તોડી નખાઈ, કારણ કે તે ઇસ્લામ વિરુદ્ધ હતી તેવું કહેવાયું. ગરીબડું ભારત જોતું જ રહી ગયું. આ તો સારું થયું કે અમેરિકાએ દખલ કરી અને તાલિબાનોને કાઢી મૂક્યા. જો પૂરા વિશ્વ ઉપર તાલિબાની ઇસ્લામ ફરી વળે તો શું થાય? આવી અને આટલી અસહિષ્ણુતા ધર્મના નામે કરનારને લોકો સ્વીકારે નહિ.

રાજસ્થાનથી ખાસ ઘડવૈયાઓને અહીં બોલાવેલા અને તેમણે આ પ્રતિમાનું નિર્માણ કર્યું છે. પ્રતિમા ખરેખર અદ્‌ભુત છે. મારા મગજમાં વિચાર સ્ફુર્યોઃ આપણે સરદાર વલ્લભભાઈની આવી પ્રતિમા બનાવીને મૂકી હોય તો? દિલ્હીવાળા તો કદાચ ન મૂકવા દે. સરદારસાહેબનું તૈલચિત્ર પણ પાર્લમેન્ટ લૉબીમાં અટલબિહારી બાજપેયીના પ્રધાનમંત્રીકાળમાં મુકાયેલું. તે પહેલાં આટલા મહાન નેતાનું તૈલચિત્ર મૂકવાનું પણ કોઈને યાદ આવ્યું ન હતું. યાદ કરાવે તેવા કોઈ ગુજરાતી નેતા પણ ક્યાં હતા? “જી હજૂર... જી હજૂર” કરનારા આ કામ કરવા તૈયાર ન જ હોય. મને લાગે છે કે દિલ્હીમાં જ્યાં સુધી સરદારસાહેબને સમજનારી સરકાર ન આવે ત્યાં સુધી ગુજરાતી પ્રજાએ ગાંધીનગર કે પછી કરમસદમાં આવી ભવ્ય પ્રતિમા મૂકવી જોઈએ. મારી દૃષ્ટિએ સરદારસાહેબની ઊંચાઈ જેટલી કોઈની પણ ઊંચાઈ ન હતી. તેમણે એક પણ ભૂલ કરી ન હતી, જ્યારે બીજા મહાન ગણાતા નેતાઓએ પારાવાર ભૂલો કરી હતી, જેનાં પરિણામ આજે આપણે ભોગવી રહ્યાં છીએ અને આગળ ભોગવવાનાં છીએ.

શિવજીની ભવ્ય પ્રતિમાની આગળ વિશાળ પાકો ચોક છે જ્યાં શિવરાત્રીએ માણસો ઊભરાય છે. પછી તેને ફરતી એક નહેર છે, જેમાં પાણી ભર્યું છે અને કમળ ઉગાડ્યાં છે. વાતાવરણ સુંદર લાગે છે. ભારતની કોઈ પરશુરામ કંપનીએ ત્રણ વર્ષની મહેનત કરીને આ પ્રતિમા બનાવી છે. ગુજરાતની પ્રજા—ખાસ કરીને પટેલો વગરજોઈતાં હજારો મંદિરો પાછળ ગાંડા થયા છે. ભલે થયા. પણ આવી કોઈ ભવ્ય પ્રતિમા સરદાર સાહેબની ઊભી કરવા તૈયાર થાય તો તેમની વારસદારી ધન્ય થઈ જાય. યાદ રહે, સરદારસાહેબે પટેલોને ભવ્ય ગૌરવ આપ્યું. એમના પહેલાં (અને પછી પણ) પાટીદારોમાં આવી કોઈ ભવ્યાતિભવ્ય વિભૂતિ થઈ સાંભળી નથી. દિલ્હી સરદારસાહેબને યાદ ન કરે કે ભુલાવી દેવા માગે તો ભલે તેમ કરે, પણ ગુજરાતે તો તેમને સવાયો જવાબ આપવો જોઈએ. હજાર પ્રયત્નો કરીને પણ સરદારસાહેબને ભુલાવી શકાશે નહિ તેવી પ્રતીતિ આપણે કરાવવી જ જોઈએ.

શિવજીની પ્રતિમા જોઈને અમે બધાં નજીકના મંદિરમાં ગયાં. ત્યાં વિશાળ શિવલિંગની પૂજા કરી. પૂજારીઓએ વેદમંત્રો બોલીને પૂજા કરાવી. એક પૂજારી ત્રિશૂળ જેવા બીબાથી બધાંને તિલક કરે છે. ઘણા ગોરા માણસો પણ આવ્યા છે. તેઓ પણ કુતૂહલવશ પૂજા તથા પ્રતિમાઓ જોઈ રહ્યા છે. પૂજારીએ તેમને પણ તિલકની છાપ છાપી. બધાંએ તિલક કરાવ્યાં. આ પ્રજા સંકુચિત નથી, જિજ્ઞાસુ છે, બધું જાણવા-સમજવા માગે છે, પણ કોઈ સમજાવનાર હોય તો ને? એક ગોરી બહેને એક કચ્છી ભાઈને પૂછ્યું કે “આ ત્રિશૂળ જેવું તિલક કેમ કર્યું?” તો તે ગલ્લાંતલ્લાં કરવા લાગ્યા. મને બોલાવીને પૂછ્યું કે આ ત્રિશૂળનો શો અર્થ છે? મેં સમજાવ્યું કે જીવનમાં દુઃખોના ત્રણ પ્રકાર છેઃ 1. આધિ 2. વ્યાધિ અને 3. ઉપાધિ. આ ત્રણ દુઃખોનો નાશ કરે તેને ત્રિશૂળ કહેવાય. ભગવાન શિવ આ ત્રણે દુઃખોના હર્તા છે તેથી ત્રિશૂળ રાખે છે અને તેનું પ્રતીક બનાવીને આ તિલક બનાવ્યું છે. પછી મેં ત્રણેનું થોડું વિવેચન કર્યું.

1. આધિ એટલે આંધી, તોફાન, ટોર્નેડો, ધરતીકંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વગેરે દુઃખો આવે તેને આધિ કહેવાય.

2. વ્યાધિ—આરોગ્ય બગડે. જાતજાતના રોગો થાય તેને વ્યાધિ કહેવાય.

3. ઉપાધિ—તમે જરાય દોષી ન હો, પણ બીજાના દોષના કારણે તમારા પર દોષ આવે, કલંક લાગે તેને ઉપાધિ કહેવાય. ઘણી વાર નિર્દોષ પણ માર્યો જતો હોય છે, તેને ઉપાધિ કહેવાય.

આમ, આ ત્રણ પ્રકારના દોષોથી જે દુઃખો આવે છે તેનાથી શિવજી રક્ષણ કરે છે તે બતાવવા આ ત્રિશૂળનું તિલક કર્યું છે. પેલી ગોરી બાઈ તો ખુશખુશ થઈ ગઈ. કહે કે મીનિંગ બહુ સારો છે. તે તો વિદાય થઈ, પણ કચ્છી ભાઈઓનું ટોળું આવી ગયું, કહે કે “આ ગોરા

લોકો કેમ અર્ધનગ્ન થઈને સમુદ્રકિનારે પડ્યા હોય છે? આપણે કેમ આવું નથી કરતાં?" મેં કહ્યું કે "તેનાં બે કારણો છે. આપણે સૂર્યસ્નાનની જરૂર જ નથી. બારે મહિના સૂર્ય તપે છે. અને બીજું, જો આપણે આ ગોરાઓની માફક લંગોટીભેર થઈ જઈએ તો બેડોળ લાગીએ, કારણ કે જેવાં આ ગોરા લોકોનાં કસાયેલાં ઘાટીલાં શરીર છે તેવાં આપણાં નથી. આપણામાંથી ઘણાં પેટાળાં—દુંદાળાં અને ચરબીના થપેડાવાળાં છે. તેઓ તો ઢાંકેલાં જ સારાં લાગે.

મારી વાત સાંભળીને પેલા ભાઈએ પોતાની પત્ની સામે જોયું, જે બાજુમાં જ ઊભાં હતાં અને ભારે શરીરવાળાં હતાં. પેલા બોલ્યા, "એમ કહોને કે આપણે તો પીપડાં જ પીપડાં થઈ ગયા છીએ." બધાં હસી પડ્યાં. આ વાસ્તવિકતા છે. અમારી સાથે બેત્રણ નાની દીકરીઓ પણ છે. તેમને જોઈને પેલા ભાઈ બોલ્યા, 'જુઓ કેવું પાતળું શરીર છે અને એકાદ બાળક પછી આ પીપડું થઈ જશે.'

આપણે એટલું તો માનવું પડશે કે આરોગ્યની દૃષ્ટિએ આ ગોરા લોકો આપણા કરતાં વધુ સારા હોય છે. મોટા ભાગનાં બધાં જ કાંઈ ને કાંઈ વ્યાયામ કરતાં હોય છે. તરતાં હોય છે, લપસતાં હોય છે, પર્વતો ચઢતાં હોય છે, અને હવે તો 'યોગા' પણ કરતાં હોય છે. આ લોકો કટ્ટર આત્મવાદી નથી. દેહવાદી છે. દેહ એક વાસ્તવિકતા છે. તેના આરોગ્યથી જ વ્યક્તિ સુખી થતી હોય છે. દેહની ઉપેક્ષા કરનારા, હાડપિંજર જેવા શરીરવાળા ગમે તેટલું "આત્મા... આત્મા"નું રટણ કરે તેથી કાંઈ વળતું નથી. એક પ્રકારની ભ્રમણા જ કહેવાય. એટલું યાદ રહે કે અધ્યાત્મ નામનું કોઈ સુખ હોતું નથી, પણ અવસ્થા હોય છે. તમે આવી પડેલાં સુખદુઃખોને કેવી રીતે કેવી મનઃસ્થિતિથી ભોગવો છો તેની અવસ્થા હોય છે. સુખદુઃખ તો સંસારમાંથી, વસ્તુઓમાંથી, સંબંધોમાંથી આવતાં હોય છે. એક દોહરો કદાચ કબીરનો છે, યાદ રાખવા જેવો છેઃ

*દેહ ધરે કો દંડ હૈ, સબ કાહુ કો હોય,*
*જ્ઞાની કાટે જ્ઞાન સે, મૂરખ કાટે રોય.*

ઉત્તમ શરીરનું સૌષ્ઠવ હોવાથી આ ગોરાં નર–નારીઓ તાપ શેકે છે. આ પણ આરોગ્ય માટેની જ સાધના છે. તેમાં થોડી નગ્નતા તો છે, પણ અશ્લીલતા નથી. આવી અર્ધનગ્ન સ્થિતિમાં પણ તેઓ શાંતિથી પડ્યાંપડ્યાં તાપ શેકી રહ્યાં છે, જરા પણ વિચલિત નથી થતાં, કોઈના દેહને ધારીધારીને તાકીતાકીને જોતાં પણ નથી. એ તેમના મનની સ્વસ્થતાની નિશાની કહી શકાય. આપણે તન અને મન બન્ને રીતે દુર્બળ છીએ એ ભૂલવું ન જોઈએ.

અહીં નાનાંમોટાં ઘણાં મંદિરો અને ઘણા દેવો છે. આ બધું ગોરા લોકોની સમજમાં ઉતારવું એ કપરું કામ છે. તેઓ ધારીધારીને બધા દેવોને જુએ છે, કશું સમજાતું નથી, તેથી પ્રશ્નાર્થક ચહેરે વિદાય થાય છે. મને લાગે છે કે હિન્દુ ધર્મનાં દેવ–દેવીઓ, વાહનો, શસ્ત્રો, વગેરે પર માહિતીપ્રદ પુસ્તક લખવું જોઈએ, કારણ કે આ બધામાં ઘણું પ્રેરણાસ્પદ તત્ત્વ પણ છે.

અહીંના પૂજારીએ લાંબું પ્રવચન આપ્યું. જેમાં આ સ્થાનની ચમત્કારની પણ વાતો સંભળાવી. તેમને કોણ સમજાવે કે જ્યારે કોઈ ચોરી કરવા આવે છે ત્યારે અથવા કોઈ મૂર્તિભંજક આવે છે ત્યારે કોઈ ચમત્કાર થતો નથી–કેમ?

પૂજારીનું કહેવું છે કે જ્યારે અહીં પ્રતિમાની પ્રતિષ્ઠા થઈ હતી ત્યારે ગંગાતળાવનું જળ છેક અહીં મૂર્તિના ગળા સુધી આવ્યું હતું, વગેરે. એટલું તો માનવું પડશે કે જ્યાં ચમત્કારની વાતો હોય છે ત્યાં જ લોકોનાં ટોળાં ભેગાં થતાં હોય છે. જ્યાં ચમત્કારો નથી થતા ત્યાં ટોળાં નથી ઊભરાતાં, થોડાંક માણસો જ દેખાતાં હોય છે.

અહીં શિવરાત્રિનો બહુ મોટો મેળો ભરાય છે. 5–6 લાખ માણસો ભેગાં થાય છે. સૌને પ્રસાદ જમાડવામાં આવે છે. લોકોને મેળો ગમતો હોય છે. અહીંનો આ કુંભમેળો જ કહી શકાય.

અહીં જ નજીક જ એક ઊંચું પર્વતશિખર છે. તેના પર પણ મંદિર છે. અમે તો કોઈએ હિંમત ન કરી, પણ અજિત અને સંતોકી છેક ઉપર જઈને દર્શન કરી આવ્યા. લોકોને તળેટીનાં મંદિરોમાં દર્શન કરવા કરતાં શિખરોનાં મંદિરમાં દર્શન કરવાનું વધુ આકર્ષણ રહેતું

હોય છે.

દર્શન કરીને અમે બધાં વિદાય થયાં. થોડે જ દૂર એક એવી જગ્યા છે જ્યાં બાંકડા અને ટેબલ ફિટ કરેલાં છે. પ્રવાસીઓ ત્યાં બેસીને નાસ્તો વગેરે કરી શકે. અમે બધાંએ ત્યાં લંચ લીધું. બધાંને મજા આવી ગઈ. ચારે તરફ ગીચ વનરાજિ જોતાંજોતાં અમે વિદાય થયાં.

ફરતાંફરતાં અમે એવી જગ્યાએ આવ્યાં જ્યાં કોઈ ગોરા ખેડૂતનું વિશાળ કૃષિક્ષેત્ર છે. સેંકડો એકર જમીનમાં આ ગોરા ભાઈએ પાકા રોડ બનાવીને ખેતીની સાથેસાથે લોકોને જોવાની પણ એટલી–બધી સામગ્રી ગોઠવી છે કે રોજનાં સેંકડો પ્રવાસીઓ અહીં આવે છે અને ટિકિટ ખરીદીને બધું જુએ છે. પૈસા કમાતાં તો આ ગોરાઓને જ આવડે એમ કહેવું પડે. આ સ્થળની બે વિશેષતાઓ છે. પ્રથમ તો ફ્રેંચો કાળા ગુલામોને કામ લેવા માટે મારઝૂડ કરતા ત્યારે ત્રાસીને ભાગી છૂટતા અને અહીં આવીને સંતાઈ જતા. અહીં તેમને કંદ–મૂળ–શિકાર, વગેરે બધું મળી રહેતું. તેઓ ત્યાં સુધી અહીં સંતાઈને રહ્યા કે જ્યાં સુધી ગુલામીને કાયદાથી નાબૂદ ન કરી દીધી. જ્યારે ગુલામી ગેરકાયદે થઈ ગઈ ત્યારે તેઓ બહાર નીકળ્યા અને લોકો સાથે હળીમળીને રહેવા લાગ્યા. આજે મોરિશિયસમાં જે થોડીક કાળી પ્રજા દેખાય છે તે આવા ગુલામોનાં સંતાનો છે.

બીજું, આરબ વ્યાપારીઓ પીવાનું મીઠું પાણી લેવા અહીં નાવો ઊભી રાખતા. તેઓ પાણી લેતા અને શિકાર કરીને પશુઓ પણ નાવોમાં ભરતા.

અમે આખો પહાડ ઊતર્યાં. ગોરા ખેડૂતે નીચે સેંકડો એકરમાં ખેતરો બનાવ્યાં છે, જેમાં લગભગ બધી ખેતી કરવામાં આવી છે. ખેતી ઘણી સારી છે અને મબલક ઊપજ આપે તેવી છે. આમાં મજૂરકામ તો આજે પણ બિનગોરા મજૂરો જ કરે છે. આ જોઈને કહી શકાય કે "ખેડે તેની જમીન નહિ, પણ ખેડી જાણે તેની જમીન." જો આ બધી જમીન મજૂરોમાં વહેંચી દેવામાં આવે તો અત્યારે જે મબલક પાક ઉત્પન્ન થાય છે તે ન થાય. ગોરા ખેડૂતે ફળ–ફળાદિ માટે પણ ઘણી જમીન ફાળવી છે. શાકભાજી પણ પુષ્કળ થાય છે. શેરડીની તો વાત જ શી કરવી! અમે એક એવા ટેકરા પર પહોંચી ગયાં જ્યાં સામે જ ત્રણ જળધોધને પડતા જોઈ શકાય છે. આ ધોધ જોવા માટે લોકો આવે છે. ઘણા સમય સુધી જળધોધ જોયા કર્યા અને ફોટા પડાવ્યા. જળ તો સહજ રીતે જ આકર્ષક હોય છે. તેમાં પણ જ્યારે તેનો ધોધ પડે કે ફુવારા ઊડે, ઇન્દ્રધનુષ્ય થાય ત્યારે તો પછી કહેવું જ શું!

અહીં એક બીજું પણ આકર્ષણ છે. તે છે સાત રંગવાળી માટી. ખેતરોની જમીનમાં એક જગ્યાએ જ્વાળામુખીમાંથી નીકળેલો માટીનો એક ભાગ એવો છે કે તેમાં માટીના સાત રંગ દેખાય છે, અર્થાત્ જુદાજુદા રંગની સાત પ્રકારની માટી દેખાય છે. આમાં કશું ઊગતું નથી, પૈસા ઊગે છે, કારણ કે આ સપ્તરંગી માટી જોવા લોકો આવે છે. આ વિશાળ એસ્ટેટનો માલિક ગોરો છે. સરકારે તેની પાસેથી જમીન પડાવી નથી લીધી, રહેવા દીધી છે. ગોરાએ તેમાં પુષ્કળ ઉત્પાદન કરીને રાષ્ટ્રને સમૃદ્ધ કર્યું છે અને હા, પોતે પણ સમૃદ્ધ થયો છે. અહીં ભલે ટિકિટ લેવાતી હોય, પણ સામે રોડ વગેરે બનાવીને સગવડો પણ સારી આપી છે.

અમે ફરી પાછાં બસમાં બેસીને વિદાય થયાં. સાંજના પાંચેક વાગ્યા છે. નિશાળ છૂટી છે. બધાં છોકરાં કાળાં છે તે પરથી જણાય છે કે અહીં કાળી પ્રજા રહેતી હશે. ડાબી બાજુ સમુદ્ર દેખાય છે. સમુદ્રમાં કેટલાયે નાનાનાના ટાપુઓ છે, જે નિર્જન પણ ગીચ વનરાજિવાળા છે. રોડની બન્ને બાજુએ જે માણસો બેઠાં કે ઊભાં છે તે બધાં પણ કાળાં છે. હવે હાઈસ્કૂલના છોકરાઓ આવી રહ્યા છે. તેઓ પણ કાળા જ છે. અહીં સમુદ્રના પાણીમાંથી મીઠું પકવવા માટે બનાવેલી ક્યારીઓ છે. આ ચર્ચ ફ્રેંચ બનાવટનું છે. તે ઘણું મજબૂત દેખાય છે.

બધે ફરીને પાછાં હોટલમાં આવ્યાં અને જમીને સૂઈ ગયાં.

22–9–08

*

આજે તા. 10–9–2008 છે. મોરિશિયસના પ્રવાસનો છેલ્લો દિવસ છે. આજે કોઈ કાર્યક્રમ નથી. છેક રાત્રે દુબઈ જવાનું છે. આ દિવસ વધારાનો રહ્યો. ગઈ કાલે દુબઈ જવાની ફ્લાઈટ નહિ હોય તેથી કદાચ આ વધારાનો દિવસ રખાયો હશે. અગિયાર વાગ્યે હોટલ ખાલી કરીને મારે માટે એક રૂમ રાખીને બધાં આડાંઅવળાં થઈ ગયાં. આમ તો આ હોટલ એટલી મોટી જમીન પર ફેલાયેલી છે કે ગમે ત્યાં બેસીને પણ દિવસ પસાર કરી શકાય તેમ છે.

રેડિયો પર સમાચાર આવ્યા કે ઈરાન તથા દુબઈમાં ધરતીકંપ થયો છે. બધાંનાં મન ઊંચાં થાય તે સ્વાભાવિક છે. લોકો દુઃખો અને આપત્તિથી બચવા માગતા હોય છે, પણ સંપૂર્ણ રીતે કોઈનાથી બચી શકાતું નથી. સાંજ પડી ચૂકી છે. અમે બધાં વિદાય થયાં. વરસાદ શરૂ થઈ ગયો છે. અમે હવાઈ મથક પર બધી વિધિ પતાવીને વિદાય થયાં અને 6 કલાકની ઉડાન કરીને દુબઈ પહોંચી ગયાં. બધી વિધિ પતાવીને અમે બહાર નીકળ્યાં, પણ હજી અમારી બસ આવી નથી. ઘણો સમય ઊભાં રહેવું પડ્યું. પ્રથમ તો આ હવાઈ મથક ઘણું વિશાળ અને ઘણું ભવ્ય છે. આને 200થી 300 તો ગેટ છે. અમને વિઝા આપનારાં 36 બૂથ હતાં. બધા જ કર્મચારીઓ આરબ પોશાકમાં હતા. આરબ પોશાક રાષ્ટ્રીય પોશાક છે. શેખથી માંડીને બધા તે પહેરે છે. સામાન આવવાની ટ્રેકો પણ ઘણી છે અને કશા અવાજ વિના ચાલ્યા કરે છે. અમે અમારા સામાન પર ભગવી પટ્ટી લગાવીએ છીએ, જેથી તરત જ અમારો સામાન ઓળખાઈ જાય છે. આ પદ્ધતિથી સારો લાભ થાય છે. અંતે અમારી સુંદર બસ આવી અને બધાં વિદાય થયાં. અત્યારે અહીં સવારના છ વાગ્યા છે. વાતાવરણમાં અત્યારથી જ ઉષ્મા છે. હવે મોરિશિયસ જેવી વનરાજિ જોવા નહિ મળે. બધે રણ જ રણ છે. બન્ને વચ્ચે ઘણું અંતર છે.

હાર્દીબહેને સૂચના આપી કે અત્યારે આપણે સૌ હોટલ પર જઈશું અને નાહીધોઈને, ચા–નાસ્તો કરીને ફરવા નીકળી જઈશું. હાર્દીબહેનનું અમને ઘણું સુખ છે. તેઓ હોશિયાર અને લાગણીશીલ વ્યવસ્થાપક છે. બધું કામ દોડીદોડીને કરે છે. તેમનાથી બધાં રાજી છે. કોઈ પણ ટૂરની સફળતામાં મૅનેજર મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

આ મુસ્લિમ કંટ્રી છે. રમજાન મહિનો ચાલતો હોવાથી મોટા ભાગના મુસ્લિમો રોજાં રાખે છે. ઇસ્લામના પાંચ સ્તંભ છે તેમાંનો એક સ્તંભ રોજાનો પણ છે. બાકીના ચાર આ પ્રમાણે છેઃ 1. નમાજ, 2. હજ, 3. જકાત અને 4. ખેરાત. કદાચ ભૂલ થતી હોય તો સુધારી લેવાની. જેટલી ચુસ્તતાથી મુસ્લિમો ધર્મનું પાલન કરે છે તેટલી ચુસ્તતા બીજા કોઈ ધર્મમાં જોવા નહિ મળે. નેકી અને બદી બધા જ સમાજોમાં થોડાઘણા અંશે રહેતી હોય છે, પણ જો કોઈ સાચી રીતે ઇસ્લામને પાળે તો તે કદી બદી કરી શકે નહિ, નેકી જ નેકી કરતો રહે. બદી થવાનાં બે ક્ષેત્રો છેઃ 1. સ્ત્રી અને 2.પૈસો. ઇસ્લામમાં પરસ્ત્રી અને પરપુરુષને હરામ કહ્યાં છે અને તેની સજા મોત કહી છે. તોપણ આ બદીનું પ્રમાણ ઓછું નથી. તેનાથી ઘણાં અનિષ્ટો થાય છે.

ઇસ્લામ બ્રહ્મચર્યનો ઉપદેશ નથી આપતો. લગ્નજીવન ફરજિયાત છે. આધ્યાત્મિક વિકાસમાં લગ્નજીવન બાધક નથી તેમ તે માને છે. ઘણા ઉચ્ચ કક્ષાના સૂફી સંતો થયા છે જેઓ બધા ઋષિઓની માફક લગ્ન–જીવનવાળા હતા. કામવાસના એક ભયંકર આંધી છે. તે ભલભલાને હચમચાવીને ઉખાડી ફેંકે છે. તેનો નિરોધ કરવો એ તેનો સાચો ઉપાય નથી, પણ તેને કુદરત–સહજ માર્ગ આપવો એ જ તેનો સાચો ઉપાય છે. પુરુષ સ્ત્રીને અને સ્ત્રી પુરુષને આ આંધીથી બચાવી શકે છે–જો બન્ને એકબીજાનાં સહયોગી બને તો. આ સિવાય આ આંધીથી બચવાનો કોઈ પણ સફળ અને હિતકારી ઉપાય નથી. ઇસ્લામે કુદરતી જીવનપ્રક્રિયાનો સ્વીકાર કરીને તેને પ્રોત્સાહન આપીને માનવસમાજ પર મોટો ઉપકાર કર્યો છે. જે લોકોએ નર–નારીના આ કુદરત–સહજ સહકારનો વિરોધ કરીને એકાકી જીવન જીવવાનો ઉપદેશ આપ્યો છે તેમણે લોકોને ગેરમાર્ગે દોર્યાં છે. કુદરતવિરોધી જીવન જીવવું એ મોટામાં મોટો ગેરમાર્ગ છે.

પૂર્વે કહ્યું તેમ અત્યારે રમજાન મહિનાનાં રોજાં ચાલતાં હોવાથી બજારમાં ક્યાંય ખાવા–પીવાની વસ્તુઓ ન મળે. તમે રોજાં ન રાખ્યાં હોય તોપણ તમારાથી જાહેરમાં ખાણીપીણી કરી શકાય નહિ. ધર્મ પ્રજાને જીવનપદ્ધતિ આપે છે. કેટલીક વાર તે સારી હોય, તો કેટલીક

વાર સારી ન પણ હોય. પણ ધાર્મિક ક્ષેત્રમાં જલદી સુધારો કરી શકાય નહિ. ધાર્મિક ક્ષેત્રની રૂઢિઓ ઘરેડ બની જતી હોય છે.

સવારના પહોરમાં મજૂરો–કારીગરો, વગેરે પોતપોતાના કામે જઈ રહ્યા છે. અત્યારે દુબઈમાં પુષ્કળ કામ નીકળ્યું છે. ખાસ કરીને બાંધકામ ઘણાં થઈ રહ્યાં છે, એટલે બહારથી ઘણા મજૂર–કારીગરો અહીં આવે છે અને રોજી મેળવે છે. પ્રત્યેક કારીગર કે મજૂર નિશ્ચિત પ્રકારનો ગણવેશ પહેરીને કામ પર જાય છે, જેથી ખબર પડે કે આ કઈ કંપનીનો માણસ છે.

આ બનિયા સ્ક્વૅર છે. ઘણાને ખબર નહિ હોય પણ આરબો જ્યારે આદિવાસી જેવી સ્થિતિમાં હતા ત્યારે ભારતના વ્યાપારીઓ દુબઈ, મસ્કત, એડન, વગેરે સ્થળોએ વ્યાપાર કરતા, ધોતિયું અને કાળી ટોપી પહેરતા. તેમને આરબો બનિયા કહેતા. બનિયા એટલે ઉપદ્રવ વિનાની સીધી–સાદી ગરીબ બાપડી પ્રજા. આરબોને તેમનું નિરુપદ્રવી રૂપ બહુ ગમતું તેથી બનિયા રોડ અને બનિયા ચોક એમ બે નામ આપ્યાં છે. આજે પણ જૂના આરબો ભારતીય વ્યાપારીઓને માનથી જુએ છે અને કહે છે કે અમને ઊંટ–ગધેડામાંથી મર્સિડીઝ સુધી પહોંચાડનારા તમે છો. અહેસાન માનનાર ઉત્તમ પ્રજા હોય છે અને અહેસાનને ભૂલી જનારી અધમ પ્રજા હોય છે.

ફરી પાછા પીળો પોશાક પહેરેલા કામદારોનાં ટોળાં આવ્યાં છે. સરદારજીઓ જુદા પડે છે.

અમારી બસમાં વિમાનની માફક એવો કૅમેરા લાગેલો છે જે આગળ તથા પાછળની સ્થિતિ સ્ક્રીન પર બતાવે છે, એટલે ડ્રાઇવિંગ સરળ થઈ જાય છે. હવે “આવવા દો, આવવા દો” એવી બૂમો પાડનારા કંડક્ટરની જરૂર રહેતી નથી. ડ્રાઇવર પોતે જ સ્ક્રીન પર બધી પરિસ્થિતિ દશ્ય દ્વારા જોઈ શકે છે.

અમે રીજન્ટ હોટલમાં પહોંચી ગયાં. ચા–નાસ્તો કર્યો. અમારો ગાઇડ આવી ગયો છે. તેણે સૂચના આપી કે અહીં સરકારી મકાનો, પોલીસો, આરબો, મહિલાઓ, વગેરે કોઈની પણ ફોટોગ્રાફી કરવી નહિ. સખત પ્રતિબંધ છે. ગમે ત્યાં થૂંકવાનું નહિ, કચરો નાખવાનો નહિ. અત્યારે રમજાન હોવાથી જાહેરમાં પાણી પીવું નહિ. પીવું જ હોય તો મને જણાવશો તો બસના પડદા બંધ કરીને તમને પાણી પીવાની સગવડ કરી આપીશું. ધર્મને શતપ્રતિશત તાર્કિક નથી બનાવી શકાતો. જે લોકો માત્ર બુદ્ધિના જ આધારે જીવનવ્યવસ્થા કરવા મથે છે તેઓ કાં તો સફળ નથી રહેતા કાં પછી સ્થિર નથી હોતા.

દુબઈને એક ક્રીક (ખાડી) બે ભાગમાં વહેંચે છે. એકનું નામ બરદુબઈ અને બીજાનું નામ ડેરાદુબઈ છે. આમ તો આરબ અમીરાતમાં સાત રાજ્યો આવ્યાં છે, પણ તેમાં ત્રણ મુખ્ય છેઃ 1. અબુધાબી, 2. દુબઈ અને 3. શારજાહ.

અત્યારે પણ આ સાત રાજ્યોના પોતપોતાના અલગ શેખ—રાજા છે. સાત રાજાઓ રાજ કરે છે, જેમાંથી એક પ્રમુખ બને છે. સૌનાં પોતપોતાનાં કાયદા અને વ્યવસ્થા છે. અત્યારે અબુધાબીના શેખ પ્રમુખ છે. તેમનું શેખ ખલીફા બીન અલનિહાન એવું નામ છે, જેનો અર્થ આવો થાય છેઃ શેખ એટલે રાજા—રૉયલ ફૅમિલીનો માણસ. બધા લોકો પોતાને શેખ લખી શકે નહિ. રૉયલ હોય તે જ લખે. ખલીફા તેમનું પોતાનું નામ છે. બીન એટલે કે તેનો દીકરો, અર્થાત્ બાપનું નામ. જેમ કે વાસ્કો દ ગામા એટલે કે ગામાનો દીકરો. અલનિહાન એટલે કે નિહાન વંશનો છે. આ તેની અટક અથવા સરનેમ કહી શકાય. જેમ પ્રાચીનકાળમાં કાત્યાયન, વાત્સ્યાયન, વગેરે નામોથી પોતાની ઓળખ આપતા. આ તેમનાં ગોત્રનામ રહેતાં. આવું જ શેખોના નામનું છેલ્લું નામ તેમનું ગોત્રનામ છે.

દુબઈના રાજા ઉપપ્રમુખ છે અને દુબઈના રાજા પણ છે. તેમનું નામ આ પ્રમાણે છેઃ શેખ મહમ્મદ બીન રાશીદ અલ મક્તુમ. આમને મક્તુમગોત્રના કહી શકાય. તેઓ પ્રધાનમંત્રી પણ છે. આ રીતે તેમની પાસે ત્રણ હોદ્દાઓ છે. શેખ–રાજા, ઉપપ્રમુખ અને પ્રધાનમંત્રી. મોટા ભાગના પ્રવાસીઓ માને છે કે દુબઈ જ મુખ્ય દેશ છે. પણ ખરેખર સાત રજવાડાં મળીને આરબ અમીરાત બન્યું છે. દુબઈના શેખના પૂર્વજો અરબસ્તાનની સીમા પર રણમાં આદિવાસીની જેમ રહેતા હતા, ત્યાંથી ઊંટ–ગધેડાં લઈને અહીં આવ્યા હતા અને અહીં રહેવાનું શરૂ કરેલું. તે પછી આ પ્રદેશનો વિકાસ થયો અને આજે તેઓ માલામાલ થઈ ગયા છે. શેખો અને આરબો માને છે કે “ખુદાએ કોઈને નથી આપ્યું તે તેલ અમને આપ્યું છે.”

ખરેખર તો રાજ કરતાં શીખવું હોય તો આ આરબો પાસેથી શીખવું જોઈએ. આ સૂકા રણમાં જ્યાં અનાજ નથી, પાણી નથી–કશું જ નથી ત્યાં આટલી બધી સમૃદ્ધિ કેવી રીતે મેળવી તે પણ શીખવા–સમજવા જેવું છે. તેનાં કેટલાંક મહત્ત્વનાં કારણો આવાં છેઃ

1. આ દેશમાં ઇન્કમટૅક્સ નથી. તમે જેટલું કમાઓ તે બધું જ તમારું છે. સરકારને કશું જ આપવાનું નહિ. ઇન્કમટૅક્સ ન હોવાથી અહીં કાળું નાણું છે જ નહિ. દરોડા નથી. વ્યાપારીઓને કશી જ પજવણી નથી એટલે વ્યાપારીઓ મન મૂકીને વ્યાપાર કરે છે.

2. સેલ્સટૅક્સ જેવા બીજા ટૅક્સ પણ નથી. ગમે ત્યાંથી માલ લાવો અને વેચો, કોઈ જ દખલગીરી નહિ.

3. વ્યાપારી અને ઉદ્યોગપતિને સુરક્ષા જોઈએ–પોતાની અને મૂડીની. જ્યાં આ બન્ને હોય ત્યાં જ વ્યાપાર–ઉદ્યોગ ખીલી શકે. અહીં ક્રાઇમ રેશિયો ઝીરો છે. ચોરી, લૂંટફાટ–કશું જ થતું નથી. સોનાની દુકાનો બંધ કર્યા વિના લોકો નમાજ પઢવા જાય છે. આવી જ રીતે ખંડણી ઉઘરાવનારા કે સોપારી લેનારા અહીં રહી શકતા નથી તેથી સૌને શાંતિ છે. અમારાં પ્રવાસીઓ કહે છે કે આનું નામ જ રામરાજ્ય કહેવાય.

4. વાતાવરણને બગાડનારું રાજકારણ નથી. સામસામા પક્ષો જ નથી. ભલે રાજાશાહી હોય પણ લોકશાહીનાં જે દૂષણો આપણે ત્યાં પ્રગટ્યાં છે તે નથી તેથી પ્રજામાં શાંતિ રહે છે, ભાઈચારો રહે છે.

5. મીડિયા પર સખત કંટ્રોલ છે. સ્વતંત્રતાના નામે અહીં મીડિયાને ગમે તેવું બોલવાનો હક્ક નથી, તેથી પ્રજામાં વગરજોઈતી ગરમી આવતી નથી.

આરબો પાસેથી રાજ કરવાની મોટી શિખામણ તો એ લેવાની છે કે આરબ અમીરાતમાં માત્ર 17% જ આરબો છે. બાકીની 83% પ્રજા બહારની છે, પણ વર્ષો સુધી આરબોનું જ શાસન રહે તેવી વ્યવસ્થા કરી છે. અહીં ભારત–પાકિસ્તાન–બાંગ્લાદેશ, વગેરે દેશોમાંથી હજારો લોકો આવે છે. તેમને કામ કરવાની પરમિટ આપવામાં આવે છે. પરમિટ પૂરી થયા પછી પોતાના દેશ પાછું જવું પડે છે અને ફરીથી પરમિટ મેળવીને પાછા આવી શકાય છે. કોઈ ગમે તેટલાં વર્ષો સુધી અહીં રહે તોપણ કદી પણ અહીંનો નાગરિક થઈ શકતો નથી. હા, કમાઓ, ખાઓ, આનંદ કરો અને પછી પોતાને દેશ ચાલ્યા જાઓ. આ કારણે 17% આરબ પ્રજા જ રાજ કરે છે. તેમને ભવિષ્યની કોઈ ચિંતા નથી. આ ખરી બુદ્ધિમત્તા કહેવાય.

આપણે ત્યાં આઝાદી માટે લડનારો, કુરબાન થનારો વર્ગ દિનપ્રતિદિન ઘટી રહ્યો છે અને શાસનનાં સૂત્રો તેના હાથમાંથી છૂટી રહ્યાં છે. આઝાદીની લડતમાં જેમનું ખાસ મહત્ત્વનું કશું પ્રદાન ન હતું તેવા લોકોના હાથમાં સત્તાનાં સૂત્રો સરકી રહ્યાં છે. ઉપરથી બાંગ્લાદેશના ઘૂસણખોરો વગેરે અહીં ઘૂસી આવે છે. લાખોની સંખ્યામાં આવેલાં આ વગર બોલાવ્યાં મહેમાનોને રેશનકાર્ડ, નાગરિકતા, વગેરે કાઢી આપવામાં આવે છે. આ રીતે સત્તાનું બૅલેન્સ બગડી રહ્યું છે. ડાહ્યા માણસોને ચિંતા થાય છે કે ભવિષ્યમાં અમારું અને આ દેશનું શું થશે? આવી ચિંતા અહીંના આરબોને નથી, કારણ કે સત્તાનાં સૂત્રો તેમના હાથમાં જ રહેવાનાં છે. અહીં કોઈની ઘૂસણખોરી શક્ય નથી, સહ્ય નથી.

આ દેશમાં ધર્મપ્રચાર કે ધર્માંતરની સખત મનાઈ છે. હિન્દુઓ કહે છે કે જો દેવ–દેવીઓનાં ચિત્રોવાળું પાર્સલ વગેરે આવે તો આ લોકો તોડી નાખે છે. ઇસ્લામ સિવાયના કોઈ ધર્મપ્રચારક અહીં આવીને પ્રચાર કરી શકતા નથી. હા, પોતાના મંદિરમાં કથા–પ્રવચન કરી શકે, બહાર ખુલ્લામાં નહિ.

એક વાર એક સદ્ગૃહસ્થ અહીં ભગવાં કપડાં પહેરીને આવેલા. શારજાહના હવાઈ મથકે તેમને રોકી દીધા અને કહ્યું કે સાદાં કપડાં પહેરો તો જ અંદર જવા દઈએ. પેલો પણ અડી ગયો કે જવા દેવો હોય તો આ જ વસ્ત્રોમાં જવા દો, નહિ તો હું પાછો ચાલ્યો જઈશ. તે સજ્જનનો દીકરો આવ્યો અને તેમને સમજાવીને બજારમાંથી નવાં કપડાં લાવીને પહેરાવીને પછી માંડ લઈ જવાયા. આવી કડક વ્યવસ્થા છે. આ કારણે કોઈનું પણ ધર્માંતર થઈ શકતું નથી. આપણે ત્યાં આપણે ધર્માંતરની પૂરેપૂરી છૂટ જ નહિ—ઉપરથી સગવડો પણ કરી

આપી છે. પ્રતિવર્ષ હજારો–લાખો માણસો ધર્માંતર કરીને હિન્દુ પ્રજાની ટકાવારી ઘટાડે છે. ધર્માંતરમાંથી સમાજાન્તર અને સમાજાન્તરમાંથી રાષ્ટ્રાન્તર થતું હોય છે. પાકિસ્તાન તેનું દૃષ્ટાંત છે.

માનો કે તમે દલિતો અને આદિવાસીઓ વગેરેનું ધર્માંતરણ કરશો પછી શું થશે? આ દેશના ટુકડા જ થશે. ચોખ્ખી વાત છે. છતાં આ બધું થઈ રહ્યું છે. ઘણી જગ્યાએ અત્યારથી જ વર્ગવિગ્રહ—અશાંતિ થવા લાગી છે. ક્યાં જશે આ બધું? આપણને રાજ કરતાં નથી આવડતું તેની આ નિશાની છે. આપણે પોતે જ ભવિષ્યના ભારતના ટુકડા કરવાનું કામ કરી રહ્યા છીએ. પ્રચારમાધ્યમો ધૂમ પ્રચાર કરી રહ્યાં છે તે તો સમજ્યા, પણ ખુદ સરકારનું 9595 શૉર્ટવેવ રેડિયો સ્ટેશન ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે ભાડે અપાયું છે. આ તે કેવી વાત કહેવાય? ઑલ ઇન્ડિયાનું શૉર્ટવેવ સ્ટેશન ધર્માંતરના કામમાં લાગ્યું છે. આરબો ડાહ્યા છે. તેમણે ભવિષ્યનો ખતરો જોઈને પ્રથમથી જ ધર્મપ્રચાર પર પ્રતિબંધ મૂકી દીધો છે, જેથી ભવિષ્ય બગડે નહિ. આપણે ભવિષ્યને અંધકારમય બનાવી દીધું છે. જ્યાંજ્યાં ધર્માંતરણ થયું છે ત્યાં અત્યારથી અશાંતિ અને વિગ્રહ જોવા મળે છે.

શેખે જોયું કે હું તો માલામાલ થયો, આવનારી પ્રજા પણ માલામાલ થઈ, પણ મારા આરબોનું શું? તેઓ તો બિચારા હતા તેવા ને તેવા જ રહી જશે, તેથી તેમણે કાયદો કર્યો કે બહારથી આવનાર વ્યાપારી કે ઉદ્યોગપતિએ 51% ભાગીદારી અહીંના કોઈ આરબની રાખવી પડશે. પણ સાથેસાથે એ પણ કર્યું કે ભલે 51% ભાગીદારી હોય, પણ આરબને તો માત્ર ઉચ્ચક 30–40 હજાર દીનાર જ આપી દેવાના. તેની કોઈ દખલ રહેશે નહિ. આ રીતે પ્રત્યેક પેઢીમાં મૂળ આરબને ભાગીદાર બનાવવો પડે. તેને 30–40 હજાર દીનાર આપી દેવાના, બાકીની કમાણી તમારી, પછી ભલે તે લાખોની હોય. આરબ જો બેત્રણ પેઢીઓમાં ભાગીદાર થાય તો વધુ આવક થાય. આ રીતે આરબોને પણ સુખી કરી દીધા. લગભગ આવો જ કાયદો આપણા કાશ્મીરમાં છે. પણ તેમને આવું કરતાં આવડતું નથી તેથી લાભ મેળવી શકતા નથી. ઉપરથી કાયદાની સ્થિતિ બહુ જ બગડેલી હોવાથી વ્યાપારી તો શું પ્રવાસીઓ પણ કાશ્મીર જતાં ડરે છે, જેથી કાશ્મીરીઓની આવક ઘટી ગઈ છે. આ તો પોતે જ પોતાના પગ પર કુહાડો મારવાની વાત થઈ.

શેખે કાયદો કર્યો કે જે કોઈ આરબ લગ્ન કરશે તેને સરકાર તરફથી વીલા મળશે. વીલા એટલે બંગલો. આવા તૈયાર ભવ્ય બંગલા સામે જોયા, ખાલી પડ્યા છે. જેમજેમ આરબો લગ્નો કરશે તેમતેમ ભરાતા જશે. પણ આ નિયમ માત્ર પ્રથમ લગ્ન માટે જ, બીજાં, ત્રીજાં કે ચોથાં લગ્ન માટે નથી. આ રીતે આરબો સુખી થાય છે.

શેખે કાયદો કર્યો કે જે કોઈ આરબ કન્યા આરબ સિવાયના બીજા કોઈ મુસલમાન સાથે લગ્ન કરશે તો તેની નાગરિકતા સમાપ્ત થઈ જશે, અર્થાત્ તેને આરબ તરીકેના હક્કો નહિ મળે. આ નિયમથી આરબ કન્યાઓ આરબ બહાર લગ્નો કરતી નથી. જોયો ને પોતાની કન્યાઓને સાચવવાનો ઉપાય? ત્રણથી પાંચ ટકા કન્યાઓ વિધર્મીઓને પરણે છે. આપણે આપણી કન્યાઓને સાચવી શકતા નથી, એટલું જ નહિ, આવાં ધર્માંતર લગ્નોનો બચાવ અને પ્રોત્સાહન આપનારા આપણા જ ભાઈઓ આગળ આવતા હોય છે. વળી પાછું આ બધું “વન વે” થાય છે. આપણી કન્યાઓ તો ધર્માંતર લગ્ન કરે છે, પણ બીજા ધર્મની કન્યાઓ કાં તો ધર્માંતર લગ્ન કરતી નથી, કરી શકતી નથી, કાં પછી આપણે સ્વીકારી નથી શકતા. બોલો, હવે ભવિષ્ય કેવું હશે?

અહીંના પુરુષો આરબ સિવાયના મુસલમાનોની કન્યા સાથે લગ્ન કરે તો તેમની નાગરિકતા છીનવાઈ જતી નથી, પણ આવનારી કન્યાને પાંચ વર્ષ પછી નાગરિકતા મળે છે. અહીંના આરબો પ્રથમ લગ્ન આરબ કન્યા સાથે કરે છે, પછી બીજાં—ત્રીજાં—ચોથાં લગ્ન ભારતના હૈદરાબાદ શહેરમાંથી કન્યા લાવીને કરે છે. ઘણી વાર 60–65 વર્ષનો આરબ હૈદરાબાદમાંથી 14–15 વર્ષની કન્યાને બેગમ બનાવીને લઈ આવે છે. કન્યાનો બાપ ધનના લોભથી કન્યા આપવા તૈયાર થઈ જાય છે. જ્યારે હૈદરાબાદમાં કોઈ આરબ ઊતરે છે તો દલાલો તેને ઘેરી વળે છે. થોડા જ સમયમાં તેને મનગમતી કન્યા મળી રહે છે. આ રીતે જોઈએ તો એક તરફ તેને પ્રચુર ધન વગર–મહેનતે મળે છે અને બીજી તરફ પ્રચુર કામભોગ પણ મળી રહે છે.

અહીં એક એવી માન્યતા ચાલે છે કે જો લાંબો સમય યૌવન ટકાવવું હોય તો નાની કન્યા સાથે યૌનસંબંધ કરવો. આ માન્યતા સાચી

હોય કે ખોટી પણ આરબો યૌનસુખમાં જલસા કરે છે. આપણે ઊલટા છીએ. પ્રથમ તો યૌનસુખને આપણે પાપ માની લીધું છે. વ્રતો આપીને તેનાથી દૂર રહેવાનો ઉપદેશ અપાય છે. આત્મા અને મોક્ષના નામે કેટલાંયને સાધુ–સાધ્વી બનાવી દેવાય છે. વળી કેટલાક તો પતિ–પત્નીને ભાઈ–બહેન થઈ જવાના નિયમ પણ આપે છે. આવાં એક ભાઈ–બહેન થયેલાં પતિ–પત્ની મારે ત્યાં દંતાલી આવેલાં. મેં તેમને પૂછ્યું કે ભાઈ–બહેનનો સંબંધ વધુ પવિત્ર કે પતિ–પત્નીનો સંબંધ વધુ પવિત્ર? બન્ને મૂંઝાયાં. મેં સમજાવ્યું કે પતિ–પત્નીના સંબંધ જેવો બીજો કોઈ સંબંધ નથી. તેમાં જે ઓથ, હૂંફ, એકતા અને પવિત્રતા છે તે બીજે ક્યાંય નથી. પરમેશ્વરે એકબીજાની એકતા માટે આ સંબંધ રાખ્યો છે. તે પાપ નથી. તેને પાપ માનવું એ જ મોટું પાપ છે. પેલી સ્ત્રીને મેં કહ્યું કે જો તારે પતિને જ ભાઈ બનાવવો હોય તો પછી પતિને છોડીને ભાઈને ત્યાં જ રહેવા ચાલી જા ને!

કેવા–કેવા કુદરતવિરોધી અને માનવજીવનને દુ:ખી કરનારા નિયમો લોકો આપે છે! આરબો આવું માનતા નથી. હા, ગોરી પ્રજાની માફક તેઓ સ્વચ્છંદી પણ નથી. પહેલાં નિકાહ કરો પછી ભોગ ભોગવો. આરબો પડછંદ હોય છે, એટલે જ્યારે અહીંની રેડીમેડ કપડાંની દુકાનમાં કોઈ કપડાં ખરીદવા જાય છે ત્યારે દુકાનદાર પ્રશ્ન પૂછે છે કે આરબ સાઇઝ ડ્રેસ જોઈએ કે ભારતીય સાઇઝ? બન્નેની સાઈઝમાં ભારે ફરક છે. ભોગો ભોગવવા છતાં પણ તેઓ દૂબળા–પાતળા, કંગાળ લાગતા નથી. બીજી તરફ આપણા બ્રહ્મચારીઓ બિચારા ફિક્કા, નિસ્તેજ, દૂબળા, ઇચ્છાશક્તિ વિનાના અને અલ્પજીવી દેખાય છે. મૂળમાંથી જ પ્રજાને કુદરતવિરોધી જીવન આપીને ગુમરાહ કરવામાં આવી છે. કોણ સમજાવે કે આવી રીતે આ લોકને બગાડીને પરલોક સાધી ન શકાય. કેટલાક અત્યંત સુખી આરબો તો ચારથી પણ આગળ વધે છે. ચાર પત્નીઓ તો રાજમાર્ગ કહેવાય, પણ બાજુમાં પગદંડીનો બીજો રસ્તો પણ હોય છે.

અહીં લગભગ બધી આરબ સ્ત્રીઓ બુરખો પહેરે છે. મોટા ભાગે તેઓ બહાર ઓછું નીકળે છે. કદાચ નીકળે તોપણ પરપુરુષો સાથે વાત કરતી નથી. તેઓ ઘણી મર્યાદામાં જીવન જીવે છે, તેથી તેમને સાચવવી સરળ થઈ જાય છે. સ્ત્રીઓને સાચવવી બહુ જ કઠિન કામ હોય છે. જેમની સ્ત્રીઓ ગમે ત્યારે ગમે ત્યાં રખડતી ફરતી હોય છે અને ગમે તેની સાથે ટોળટપ્પાં—ગમ્મત—હસી–મજાક કરતી રહે છે તેમને સાચવવી સરળ નથી હોતી. તે સ્વતંત્રતાના નામે બહુ જલદી સ્વચ્છંદી થઈ જઈ શકે છે. જોકે તેઓ જીવનનો બીજો છેડો છે, તો ઘરમાં ગોંધી રાખવી અને બુરખામાં જ બહાર નીકળવું, લોકસંપર્કથી સદંતર મુક્ત રાખવી તે જીવનનો બીજો છેડો છે. તે પણ યોગ્ય નથી. એક તરફ ગુલામી છે તો બીજી તરફ સ્વચ્છંદતા છે. આ જીવન નથી. જીવન તો મધ્યમાં છે, જેમાં સ્ત્રીને યોગ્ય સ્વતંત્રતા પણ હોય અને વિકાસ પણ હોય. બન્ને છેડા યોગ્ય નથી. પશ્ચિમનો છેડો જુદો છે અને આમનો છેડો જુદો છે, તેથી બન્ને એકબીજા પ્રત્યે ઘૃણા કરે છે. આવી જ ઘૃણામાંથી તાલિબાની ઇસ્લામનો ઉદય થયો લાગે છે, જે વિશ્વના હિતમાં તો નથી જ, ખુદ ઇસ્લામના હિતમાં પણ નથી.

આ આરબ પ્રજા મહાન પ્રજા છે. ઇસ્લામના ઉદય પછી છેક અડધા યુરોપ પર તેણે રાજ કર્યું હતું. તે પછી પૂર્વમાં ઈરાન અને પશ્ચિમ ભારત સુધી આણ વર્તાવી હતી. તે પહેલેથી જ વહાણવટામાં તથા વ્યાપારમાં કુશળ રહી છે. તેણે જે રાજવ્યવસ્થા કરી છે તેમાંથી આપણે ઘણો બોધપાઠ લઈ શકીએ છીએ.

23–9–08

*

અમે દુબઈ જોવા જઈ રહ્યાં છીએ. અત્યારે આ રાજ્યની આવકના મુખ્ય બે સ્રોત છેઃ 1. ટૂરિઝમ અને 2. વ્યાપાર. અહીં પુષ્કળ પ્રવાસીઓ આવે છે અને વ્યાપારીઓ માટે તો આ સ્વર્ગ છે.

દુબઈમાં જે આરબોનાં જૂનાં ઘરો છે તેના દરવાજા ગુજરાતથી લાવેલા છે. સૌરાષ્ટ્રમાં જેમ ડેલાવાળાં મકાનો હોય છે તેમ અહીં પણ ડેલાવાળાં મકાનો જોવા મળશે. પ્રાચીનકાળમાં અહીં ભારતનું ખૂબ જ સ્થાન હતું. અહીંની કરન્સી જ ભારતીય રૂપિયો હતી. હમણાં સુધી રૂપિયો જ ચાલતો હતો. આજે પણ કોઈકોઈ દુકાનમાં ચાલે છે. આ ભાગ પહેલાં બ્રિટિશ કૉલોની હતો. બ્રિટિશરોએ વહાણવટાની સુરક્ષા માટે આ મથકો કબજે કરેલાં, પણ પછી સમય પાકતાં તેઓ પોતે જ છોડીને ચાલ્યા ગયા હતા. આઝાદી માટે કશું કરવું પડ્યું ન હતું. તેમના ગયા પછી અહીંના લોકોએ આ વિકાસ કર્યો છે–હા, તેલ નીકળ્યા પછી.

લોકો કામ ભલે દુબઈમાં કરે, પણ રહેતા હોય છે શારજાહમાં, કારણ કે અહીં જીવનધોરણ થોડું સસ્તું છે અને વધુ મોકળાશ છે. બન્નેની શાસનવ્યવસ્થા જુદીજુદી છે. અહીંનાં સાત રાજ્યોમાં આવવા–જવા માટે વિઝાની જરૂર રહેતી નથી. ચારે તરફ સિંગાપોર જેવાં ઊંચા–ઊંચાં ભવ્ય મકાનો છે. અહીં રણમાં ચારે તરફ પુષ્કળ જમીન છે તોપણ ડાહ્યા શાસકોએ પ્રથમથી જ ઊંચાં બહુમાળી મકાનો બાંધ્યાં છે, એ તેમની દીર્ઘદૃષ્ટિ અને સારા આયોજનની નિશાની કહી શકાય. આપણે એવું નથી કરી શક્યા, જેથી પ્રત્યેક નાનું–મોટું શહેર દૂરદૂર સુધી પથરાયેલું અને ઘણી જમીન દબાવીને બેઠું છે. સાથે–સાથે ઝૂંપડપટ્ટીઓનો પણ પ્રશ્ન ઊભો કર્યો છે. અહીં ઝૂંપડપટ્ટી છે જ નહિ. આ બધાં ભવ્ય અને ઊંચાંઊંચાં મકાનો રહેણાક માટેનાં છે. અહીં વ્યાપારી તથા ઔદ્યોગિક મકાનો જોવા નહિ મળે. તેનો ઝોન અલગ હોય છે. શારજાહ ભારત જેવું દેખાય છે. શારજાહના શેખ છે સુલતાન બીન મુહમ્મદ અલ ખાતમી.

આ શેખે ડૉક્ટરી કરી છે અને આર્કિટેક્ટ પણ છે જેથી તેઓ આ મકાનોની ડિઝાઈનમાં મહત્ત્વનો રસ લે છે. ધ્યાનથી જોઈએ તો જણાશે કે પ્રત્યેક બિલ્ડીંગમાં કાંઈ ને કાંઈ નવીનતા અને ભિન્નતા છે અને પ્રત્યેક બિલ્ડીંગને આરબ–રૂપ આપવાનો પ્રયત્ન થયો છે. અબુધાબીમાં વિશ્વના તેલઉત્પાદનનું 90% તેલ ઉત્પન્ન થાય છે. આ સાતે રાજ્યોમાં અબુધાબી સૌથી વધુ સમૃદ્ધ છે. દુબઈ–શારજાહમાં પણ તેલ નીકળે છે, પણ તે પોતાની આવશ્યકતા પૂરતું જ નીકળે છે. જ્યારે આ સાતે રાજ્યોનું ફેડરેશન થવાનું હતું ત્યારે નાનાં રાજ્યોના શેખોએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે આવા ફેડરેશનથી અમને શો ફાયદો? ત્યારે અબુધાબીના શેખે કહ્યું કે મારા રાજ્યનું તેલ તમને માલામાલ કરી દેશે. આપણે સાતે મળીને શક્તિશાળી થઈશું. આ રીતે આ એકમ થયેલું. હવે અત્યારે અબુધાબીની તેલની આવક સાતે રાજ્યોમાં વહેંચાય છે.

પૂર્વે કહ્યું તેમ અત્યારે પવિત્ર રમજાન મહિનો ચાલે છે. રોજું રાખવાની સાથેસાથે પ્રત્યેક મુસલમાનની ફરજ થઈ જાય છે કે તે પોતાની કમાણીની અઢી ટકા રકમ જકાત–રૂપમાં આપે. જકાત એટલે ટૅક્સ જ કહેવાય, પણ આવી જકાત કોઈ સરકારી કાર્યાલયમાં જમા કરાવવાની નથી હોતી, પોતાની મેળે જ માનવતાના હિતમાં વાપરવાની હોય છે, જેમ કે અનાથ બાળકો, વિધવા સ્ત્રીઓ, અપંગો, ગરીબો, લાચારો, વૃદ્ધો, વગેરેના હિતમાં વાપરવાની હોય છે. આને આપણે માનવતાની ધર્મપ્રવૃત્તિ કહી શકીએ. મને લાગે છે કે જેવી સેવાપ્રવૃત્તિઓ ખ્રિસ્તી મિશનરીઓ કરે છે તેવી સેવાપ્રવૃત્તિ કરનારી મિશનરી ઇસ્લામમાં જોવા નથી મળતી. કદાચ હશે તો બહુ થોડી હશે, મારા જોવામાં નથી આવી, તેથી તેમની આ જકાતની રકમ વ્યક્તિગત રીતે ખર્ચાતી હશે. મોટા ભાગે તે મુસલમાનો માટે જ વપરાતી હશે તેવું લાગે છે. જેમ જૈનોની સાધર્મ્ય ભક્તિ પોતાના ધર્મસમાજ પૂરતી જ હોય છે, જૈનેતરોને તેનો લાભ નથી મળતો હોતો. જોકે હવે ઘણા સુધારાવાદી જૈનો માનવતાનાં ઘણાં કાર્યો કરવા લાગ્યા છે, તે ઉત્તમ છે. મોટા ભાગે પ્રત્યેક સંપ્રદાયના ધર્મગુરુઓ એવો ઉપદેશ આપતા હોય છે, જેથી દાન પોતાના ધર્મસમાજ પૂરતું જ સીમિત રહે. પણ હવે નવી પેઢી વધુ વિશાળ બની છે, જેથી માત્ર પોતાના પૂરતું જ દાન આપવાની જગ્યાએ તે સૌના માટે દાન આપતી થઈ રહી છે. આ ઉત્તમ નિશાની છે.

પૂર્વે કહ્યું તેમ અહીંની કુલ વસ્તીમાં 17% જ આરબો છે જે બધા જ મુસ્લિમો છે. બહારના મુસ્લિમોને ઉમેરીએ તો કુલ વસ્તીના 50% વસ્તી મુસ્લિમોની થઈ જાય. બાકીની 50% વસ્તીમાં હિન્દુ, ખ્રિસ્તી, વગેરે આવી જાય. અહીંની કુલ વસ્તી 45 લાખ છે–માત્ર અમદાવાદ જેટલી. જરા વિચાર કરો, 17 ટકા વસ્તી 83 ટકા વસ્તી ઉપર યાવચ્ચન્દ્રદિવાકરૌ રાજ કરવાની છે. છે ને રાજ કરવાની આવડત! કોણ ખરા રાજનેતા–આરબો કે આપણે?

અહીં ક્રાઇમ ઝીરો છે. અપરાધો થતા જ નથી. તેનાં બે કારણો છે. પૂરી પ્રજા સુખી છે. સૌને રોજી–રોટી મળી રહે છે. બીજી તરફ કાયદો સખત અને જીવંત છે, તેથી કોઈ અપરાધ કરવાનો વિચાર પણ નથી કરતું. આરબોમાં પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ વધારે છે, પણ કારીગરો—કામગારો બહારથી આવતા હોવાથી પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓ ઘણી ઓછી છે. અહીં માણસોની ઘણી જરૂર છે. કારણ કે બાંધકામ વગેરે ઘણું કામ ચાલતું રહે છે. દુબઈ કરતાં શારજાહમાં ભાવ થોડા ઓછા હોય છે, સમુદ્રના જળમાંથી અહીં પીવાનું પાણી બનાવે છે. જેથી પેટ્રોલ કરતાં પાણી મોંઘું મળે છે. પેટ્રોલ દોઢ દિરહમનું લિટર મળે છે, જ્યારે પાણીનો બે દિરહમ ભાવ છે. પણ અહીં પાણીનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં આવે છે. પ્રથમ વીજળી તથા બીજાં કારખાનાંઓમાં વપરાય છે. પછી એ જ પાણી પીવા માટે અપાય છે. પછી એ જ પાણી સંડાસ–બાથરૂમ વગેરેમાં વપરાઈને ખેતરોમાં જાય છે, જ્યાં શાકભાજી વગેરે થાય છે.

અહીં ગટરયોજના નથી. પ્રત્યેક મકાનને પોતાનો કૂવો હોય છે, જ્યાં સંડાસ વગેરે ભેગું થાય છે અને પ્રત્યેક દિવસે સરકારી ગાડી આવીને એ મળમૂત્રને લઈ જાય છે. તે ખેતરો વગેરેમાં ખાતર તરીકે વપરાય છે, જેથી સારી ઉપજ થાય છે. આ રીતે પાણીનો પૂરેપૂરો ઉપયોગ કરાય છે. આરબ અમીરાતની વસ્તી 45 લાખ છે. અહીં શિક્ષણ તથા તબીબી સારવાર ફ્રી છે, પણ તે માત્ર સરકારી સંસ્થાઓમાં. ખાનગીમાં પૈસા આપવા પડે. કૉલેજો વગેરેમાં આરબો માટે ફ્રી શિક્ષણ છે. આરબ સિવાયની પ્રજાએ ચાર્જ આપવો પડે છે. આ રીતે ઉચ્ચ શિક્ષણ પર આપોઆપ નિયંત્રણ આવી જાય છે. માત્ર આરબોનાં જ બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી શકે છે. બાકીનાં બધાં પૈસા આપીને ભણી શકતાં નથી. કદાચ કોઈ ભણે તો ભણે. આ સાત રાજ્યોમાં યજમાન રાજ્ય સૌથી નાનું છે. તે અહીંથી ડાબા હાથે આવ્યું છે. ત્યાં એક નવું હવાઈ મથક બની રહ્યું છે.

અમે બધાં બસમાંથી નીચે ઊતરીને રણમાં થોડું ચાલીને સમુદ્રના બીચ પર ગયાં. હજી તો દશ જ વાગ્યા છે, પણ ગરમી ઘણી છે. અહીં બીચ પર કોઈ સ્નાન વગેરે કરી શકતું નથી. સ્ત્રીઓ તો આવી પણ શકતી નથી. તેમના માટે થોડે દૂર નારી–ક્લબની બંધિયાર જગ્યા છે, જ્યાં તેઓ આમોદ–પ્રમોદ કરી શકે છે. બીચ ખાલી પડ્યો છે. અહીં ખારવાઓની જગ્યા છે તેથી ઘણી નાવો માછીમારોની છે. ચારે તરફ સમુદ્ર હોવાથી સમુદ્રી ફૂડ વધારે થાય છે. જરા વિચાર કરોઃ માણસ–પશુ–પક્ષી, વગેરે બેત્રણ વર્ષે એકાદ બાળકને જન્મ આપે, જ્યારે માછલી પ્રતિવર્ષ હજારો નહિ લાખો બાળકોને જન્મ આપે છે, તેથી સમુદ્રમાં કદી ન ખૂટે તેટલી માછલીઓ જોવા મળે છે. નજીકમાં જ એક નાનું ઝાડવું છે. એની છાયામાં બે ઊંટ લઈને તેનો માલિક બેઠો છે. કદાચ તે ભાડાથી સવારી કરાવતો હશે. આ ઝાડવા સિવાય ક્યાંય છાંયો નથી.

અમે બધાં વહેલાંવહેલાં પાછાં બસમાં આવી ગયાં. હાશ! ગરમીથી છૂટ્યાં! બસમાં A.C. છે. પૂરું આરબ અમીરાત A.C.માં જીવી રહ્યું છે. બધાં મકાનો, બધાં વાહનો–બધું જ A.C.વાળું હોય છે. આ સગવડો છે અને સૌને ગમે છે. કદાચ આત્માને જરૂર ન હોય પણ દેહને તો જરૂર હોય જ છે. જીવનની આ વાસ્તવિકતા સીધી રીતે ન સ્વીકારો તોપણ આડકતરી રીતે તો સૌને સ્વીકારવી પડે છે, કારણ કે દેહ વાસ્તવિક છે, કાલ્પનિક નથી. અહીં 50 ડિગ્રી સુધી ગરમી પડે છે, પણ ભારત જેવો ઘામ ઓછો હોય છે. રાત્રે 10 ડિગ્રી જેટલી ઠંડક થઈ જાય છે.

અમારા જમણા હાથે શારજાહના સુલતાનનો ભવ્ય પૅલેસ દેખાય છે. આ બાજુ ભવ્ય મસ્જિદ છે, જેમાં બારી–બારણાં પર ઘણું સોનું વાપર્યું છે. સોનું સમૃદ્ધિનું પ્રતીક છે. પ્રજાની સમૃદ્ધિ તેનાં ધર્મસ્થાનોમાં પણ પહોંચતી હોય છે, તેથી ધર્મસ્થાનો વધુ ભવ્ય બનતાં હોય છે. તુર્કીના અતાતુર્ક કમાલ પાશાને અહીં તુચ્છતાથી જોવાય છે, કારણ કે તે સુધારાવાદી હતા. તેમણે દાઢી–બુરખો વગેરે કઢાવી નાખ્યું હતું.

અહીંની પ્રજા ચુસ્ત જુનવાણી છે, તેથી સુધારાને સહન કરતી નથી.

આ બાજુ આરબોનાં જૂનાં—માટીનાં ભીંતડાંવાળાં ઘરો દેખાય છે, જેના દરવાજા ગુજરાતથી લાવવામાં આવ્યા હતા. આ સામે મીઠું પાણી બનાવવાનું કારખાનું છે. પ્રતિદિન લાખો લિટર સમુદ્રી પાણીને મીઠું બનાવીને લોકોને અપાય છે.

ટ્રાફિક ઘણો હોવાથી ગાડીઓ ધીમી પડી ગઈ છે. શક્તિસિંહનું કહેવું છે કે કોઈ હૉર્ન તો મારતા જ નથી. ચાર–પાંચ લાઇનો જવાની એટલી જ આવવાની છે, પણ બધા શાંતિથી ધીમેધીમે આગળ વધી રહ્યા છે. કદાચ અહીંનાં વાહનોને કંપની હૉર્ન જ નહિ લગાવતી હોય!!! અમારી ડાબી તરફ બસનું મથક છે, જ્યાં ઘણી બસો ઊભી છે. અને જમણી તરફ ફિશ માર્કેટ છે. અમારો ગાઇડ મુસ્તફા પાકિસ્તાનથી આવે છે. 30–40 વર્ષથી અહીં રહે છે અને ગાઇડિંગ કરે છે. તેની ભાષા પરથી જ મેં તેને કહ્યું કે તે પઠાણ છે. તેને નવાઈ લાગી. તે કોઈકોઈ વાર પાકિસ્તાન જાય છે અને ત્યાંની દશાથી ભારે દુઃખી થાય છે. અહીં ડ્રાઇવરો વગેરે દ્વારા પૂરો વાહનવ્યવહાર પાકિસ્તાની નાગરિકો કરે છે. સંતોકીનું કથન છે કે આપણે ત્યાં એક જ લાઇનમાં થોડોક પણ ટ્રાફિક અટકે તો હૉર્ન વગાડીને માથું ચઢાવી દે. મેં કહ્યું કે એટલાં બધાં હૉર્ન વગાડ્યા પછી પણ ટ્રાફિકમાં તો કશો ફરક પડતો નથી. જ્યાં હતા ત્યાં ને ત્યાં જ બધાં રહી જાય છે. ખરી વાત તો એ છે કે તમારા જેટલી જ ઉતાવળ છેક આગળના માણસને છે, પણ આગળ જગ્યા થાય તો તે આગળ ચાલે ને?

આ જુઓ, દુબઈનું હવાઈ મથક દેખાય છે. અધધધ! કેટલાં બધાં વિમાનો ઊભાં છે! આ હવાઈ મથક વિશ્વનું કેન્દ્ર બન્યું છે. લગભગ બધાં વિમાનો જતાં–વળતાં અહીં ઊભાં રહે છે. કારણ કે અહીં તેલ સસ્તું મળે છે.

આ એક્સપ્રેસ રસ્તો છે, એટલે ટોલ–ટૅક્સ ભરવો પડે છે. પણ લગભગ બધાં જ વાહનો રોકાયા વિના સડસડાટ આગળ ચાલ્યાં જાય છે. પ્રત્યેક વાહનના માથે એક નિશ્ચિત પ્રકારનો ટૅગ લાગ્યો હોય છે જેને જોઈને ઇલેક્ટ્રૉનિક સાધન ટૅક્સ કાપી લે છે. પ્રત્યેક વાહનનું ખાતું હોય છે. બહુ સરળતાથી કર કપાય છે અને વાહનો ચાલે છે. અબુધાબીના સુલતાનના નામે આ રોડ છે. તેમણે જ આ સાત રાજ્યોને સંયુક્ત કર્યાં હતાં. છેલ્લાં દશ વર્ષમાં જ આ બધા ટાવર બન્યાં છે. પહેલાં અહીં કશું જ ન હતું. દસ–વીસ માળના અનેક ટાવર દેખાય છે. પેલું બિલ્ડીંગ જુઓ, 160 માળનું બની રહ્યું છે. 130 માળ તો થઈ જ ગયા છે. હજી બીજા 30 માળ થવાના છે. મુસ્તફા ભલો માણસ છે. તેણે રોજું રાખ્યું છે, પણ અમને બધાંને પૂછે છે કે તમારે પાણી પીવું છે? બસમાં ઠંડા પાણીની વ્યવસ્થા છે. તેણે બધાંને પાણી પિવડાવ્યું.

જોકે અહીં વસ્તી ન હોવાથી પડદા ન પાડવા પડ્યા. ધાર્મિકતા કટ્ટરતાથી નથી શોભતી, ઉદારતાથી શોભે છે. તમને શું ગમે છે તે મહત્ત્વનું નથી, બીજાને શું ગમે છે તે મહત્ત્વનું છે. મુસ્તફાનું કથન છે કે તમારે કોઈને પ્રૉપર્ટી લેવી હોય તો અહીં લઈ શકો છો. અહીં છૂટ છે. પણ પટ્ટા પર મળે. કાયમી માલિક ન થઈ શકો. અહીં 30 ટકા ભારતીયો રહે છે. અમે બધાં આખી રાત પ્લેનમાં જાગીને સીધાં જ ટૂરમાં આવ્યાં છીએ એટલે ઘણાંને ઝોકાં આવે છે. નિદ્રા કોઈને પણ છોડતી નથી. બધાં ભવ્ય ટાવરમાં કાચ બહુ વપરાયો છે. તેનાથી મકાનનું વજન હલકું થઈ જાય છે. આ કાચ ગરમીરોધક છે. પેલાં બધાં એપાર્ટમેન્ટ્સ છે, જ્યાં મોટા ભાગે ભાડૂઆતી માણસો રહે છે. અહીંનો કાયદો છે કે જ્યારે કોઈ કંપની બીજા દેશથી કામગારોને બોલાવે તો સર્વપ્રથમ તેમના રહેવાની વ્યવસ્થા કરે, પછી જ બોલાવે. આ કાયદાના કારણે બધા લોકો મકાનોમાં રહે છે. ફૂટપાથ કે ઝૂંપડામાં કોઈ રહેતું નથી. આ બધાં મકાનો સમુદ્ર પૂરીને બનાવ્યાં છે. મુસ્તફાનું કહેવું છે કે અમિતાભ તથા શાહરુખે પણ અહીં વીલા બનાવ્યા છે. બીજાએ પણ ઘણા બનાવ્યા છે. જેની પાસે વધારાના ઘણા પૈસા હોય તે અહીં રોકાણ કરી શકે છે. અહીં કોઈ પૂછતું નથી કે આ પૈસા ચોપડાના છે કે બહારના છે. અહીં બંગલાને વીલા કહેવાય છે. અહીં ભવ્ય વીલાઓ બંધાયેલા છે. પ્રત્યેકની ડિઝાઈન જુદીજુદી છે. તેની કિંમત ઓછામાં ઓછી પાંચ કરોડ રૂપિયા કહી શકાય. અમે બધે ફરી રહ્યાં છીએ.

સંતોકીનું કહેવું છે કે “આ લોકો ભારત આવે અને નરોડાની ગાયો જુએ તો કેવું લાગે? અહીં ક્યાંય ઢોર–ઢાંખર કે પોદળા વગેરે દેખાતું નથી. આપણે કેમ આવા થતા નથી?” મેં કહ્યું કે “જ્યાં સુધી આપણને નશો નહિ ઊતરે ત્યાં સુધી આપણે સુધરવાના નથી. ‘હમ

મહાન હું'નો નશો આપણને સુધરવા દેતો નથી. આ નશાના કારણે બીજાના ગુણો અને પોતાના દોષો આપણને દેખાતા નથી. ખરી જરૂર નશો ઉતારવાની છે."

આ આખો ભાગ નૉલેજનો અર્થાત્ વિદ્યાસંસ્થાઓનો છે. આ બધાં મકાનો તોડી પાડીને યુનિવર્સિટી માટે બનેલા નવા ક્ષેત્રમાં બધું પરિવર્તન થવાનું છે. અહીં આવનારા કામગારો મોટા ભાગે ભારત—પાકિસ્તાન—બાંગ્લાદેશ—નેપાળ—શ્રીલંકા, વગેરે દેશોના હોય છે. અહીં મજૂરને મહિને ૪૦૦ દિરહમ અપાય છે. ભારતના દશેક હજાર રૂપિયા થયા. આ દેશ પ્રમાણે ઓછા કહેવાય. આ હોટલ જુઓ, તેની ઊંચાઈ 321 મીટર છે. તેના છેક ઉપર હેલિપેડ છે. એક માળ માત્ર પાર્કિંગ માટે છે. આ હોટલ બહુ મોંઘી છે. તેમાં ફાલતુ માણસોને આવવા દેવાતા નથી. તેનો માલિક એમ કહે છે કે મારા મોંઘા મહેમાનોને એમ ન લાગવું જોઈએ કે અહીં વાંદરાં ક્યાંથી ઘૂસી આવ્યાં છે? સંપત્તિનો પણ એક મદ ચઢતો હોય છે. તે જ્યાં સુધી ઊતરે નહિ ત્યાં સુધી માણસ નશામાં જીવતો હોય છે, જેથી તે બીજાને તુચ્છ માનતો થઈ જતો હોય છે. સત્સંગ કરનારા શ્રીમંતો જ આવા નશામાંથી બચી જતા હોય છે.

આ હોટલમાં ત્રણ પ્રવેશદ્વાર છેઃ 1. જમીનથી, 2. પાણીમાંથી નાવ દ્વારા અને 3. હવાથી–હેલિકૉપ્ટર દ્વારા. અમે એક બીચ પર પહોંચી ગયાં. પાણી બહુ જ સ્વચ્છ છે. અહીં ગોરાઓને ધૂપમાં શેકાવાની છૂટ છે, એટલે થોડાક ગોરાઓ દેખાય છે. હવે મુસ્લિમ દેશોમાં આવતાં ગોરાઓ ડરે છે, કારણ કે ક્યારે કોને કિડનૅપ કરી લેવાય તે કહેવાય નહિ. આતંકવાદનો ભય વિશ્વવ્યાપી થઈ ગયો છે, પણ મુસ્લિમ દેશો તો આતંકવાદથી ભડભડ સળગી રહ્યા છે. પોતે જ પોતાના આતંકવાદથી બળી રહ્યા છે. જોકે અહીં તેવો ભય નથી, તોપણ લોકો ડરે છે.

સામે જ વિશ્વનો સૌથી ઊંચો ટાવર થઈ રહ્યો છે. મારી દૃષ્ટિએ આ એન્જિનિયરિંગની ભવ્ય કરામત જ કહેવાય, પણ સૌંદર્યની દૃષ્ટિએ તે બેડોળ છે. આવું ઊંચું અને ભવ્ય મકાન આટલું બધું બેડોળ મેં જોયું નથી. મારી દૃષ્ટિએ આટલું બધું ઊંચું મકાન ન બાંધવું જોઈએ. તેનાથી ઘણા પ્રશ્નો ઊભા થવાના છે. આજે સારું છે કે કાંઈ ખવાતું–પિવાતું નથી, નહિ તો અમારાં બધાનાં મોઢાં ચાલતાં જ હોય. અનિચ્છાએ પણ અમારાં રોજાં જેવું ચાલી રહ્યું છે, જે સારું છે.

મુસ્તફાએ મને મારાં વસ્ત્રોના કલર માટે પૂછ્યું. મેં તેને સમજાવ્યું કે અમે પ્રિસ્ટ છીએ, મૌલાના જેવા. મેં તેને સમજાવ્યું કે મારે પાકિસ્તાન આવવું હતું. ત્યાં બલૂચિસ્તાનમાં હિંગળાજમાતાનું તીર્થ છે. તેનાં દર્શન કરવાનાં હતાં. બધું તૈયાર થઈ ગયું પણ છેલ્લી ઘડીએ ખબર પડી કે પાસપૉર્ટ પર જો પાકિસ્તાનનો સિક્કો લાગી ગયો તો પછી કોઈ દેશ વિઝા નહિ આપે. આતંકવાદના કારણે પાકિસ્તાન દુનિયાભરમાં બદનામ થઈ ગયું છે. મુસ્તફાએ કહ્યું કે તમારી વાત સાચી છે. અમે બધા દુઃખી છીએ. શું કરીએ? અહીં રહેનારા ઘણા પાકિસ્તાનીઓ પોતાના દેશની આતંકવાદી સ્થિતિથી દુઃખી છે.

અહીં દોઢ લાખથી અઢી લાખ જેટલું આ ક્ષેત્રના વીલાઓનું ભાડું થાય છે. અહીંનાં બધાં બસ–સ્ટૉપમાં A.C.ની વ્યવસ્થા હોય છે, જેથી બસની પ્રતીક્ષામાં બેઠેલાં માણસોને ગરમી ન લાગે. પૂર્વે કહ્યું તેમ અહીં 50 ડિગ્રી સુધી ગરમી પડતી હોય છે.

આ બધા બંગલાઓ નવાં દંપતીઓ માટે બાંધેલા છે. નવાં પરણનાર આરબ વરકન્યાને સરકાર આ બંગલા મફત રહેવા આપે છે. આ યોજના એટલા માટે કરવી પડી કે લોકો બહારથી પરણીને કન્યાઓ લાવવા લાગ્યા હતા. આ બંગલાની યોજના માત્ર અહીંના આરબો માટે જ છે, તે પણ પ્રથમ લગ્ન માટે જ. અમારામાંથી એક ભાઈ બોલ્યા કે "અમે અહીં લગ્ન કરીએ તો અમને બંગલો મળે ખરો?" બધાં હસી પડ્યાં.

અમે બધાં એક મસ્જિદ પાસે પહોંચ્યાં. દુબઈમાં માત્ર આ એક જ મસ્જિદ છે જેમાં બિનમુસ્લિમોને પ્રવેશ મળે છે તથા ફોટો લેવાની છૂટ છે. અત્યારે બપોરના સાડાઅગિયાર વાગ્યા છે, જેથી મસ્જિદ બંધ હોવાથી પ્રવેશ ન કરી શકાયો, બહારથી જ જોઈ. અહીં અરબ અને અજબ એમ બે ભેદ છે. મુસ્લિમોમાં જેઓ અહીંના વતની છે તેઓ અરબ છે અને જેઓ બહારથી આવેલા મુસ્લિમો છે તેઓ અજબ છે. બન્નેમાં શારીરિક, ભાષાકીય, પોશાક અને કલ્ચરમાં ભિન્નતા છે. આ દૃષ્ટિએ ભારત–પાકિસ્તાનના મુસ્લિમો જેટલા નજીક છે

તેટલા આરબો નજીક નથી.

મુસ્તફાનું કથન છે કે રમજાનના 30 દિવસોમાં પૂરું કુરાન પૂરું કરવું પડતું હોય છે. રોજના એક સિપારા પ્રમાણે 30 સિપારા પઢવાના હોય છે.

બધે ફરીને હવે હોટલ પર આવી ગયાં.

24–9–08

*

વિદેશ જવું, વિદેશ વસવું અને વિદેશ રહીને પોતાને તથા દેશને સમૃદ્ધ કરવો એ બધાથી થઈ શકતું નથી. જે પ્રજા સાહસિક હોય છે તે જ આ કાર્ય કરી શકે છે. ગુજરાતની પાટીદાર પ્રજા આ દૃષ્ટિએ બહુ સાહસિક કહેવાય. કદાચ 'ઓવર'–સાહસિક કહીએ તોપણ ચાલે. પૂર્વે કહ્યું તેમ અહીં દુબઈમાં 30 ટકા પ્રજા ભારતીય છે. વ્યાપારીઓ તો પ્રથમથી જ સોના વગેરેના વ્યાપારમાં પડેલા છે. શેખ તેમને માનથી જુએ છે. ભલે તેઓ મૂર્તિપૂજક રહ્યા પણ દુબઈને સમૃદ્ધ કરવામાં આ વ્યાપારીઓનો મહત્ત્વનો ફાળો રહ્યો છે તેમ તેઓ માનતા હતા. તેઓ કહેતા કે અમને ગધેડા અને ઊંટની સવારીમાંથી સીધા મર્સિડીસની સવારીએ તમે જ પહોંચાડ્યા છે. ઉત્તમ પ્રજાનું લક્ષણ અહેસાન–સ્વીકાર છે. જોકે ગુજરાતી વ્યાપારીઓ તો વ્યાપાર કરવા આવ્યા હતા, પણ તોપણ શેખ તેમને માન આપતા. આ વ્યાપારીઓમાં મોટા ભાગે વૈષ્ણવ ભાટિયા વગેરે હતા. તેમણે શેખને કહ્યું કે અમારી સ્ત્રીઓ મંદિર વિના રહી ન શકે. ઠાકુરજીનાં દર્શન કરીને પછી જ કેટલીક તો પાણી પણ પીએ, તો અમને એક મંદિર બાંધવા દો. ઇસ્લામિક આરબ પ્રજા મૂર્તિપૂજાને જરાય સહન કરતી નથી તોપણ શેખે વૈષ્ણવોને મંદિર બાંધવાની છૂટ આપી, જેથી અહીં એક શ્રીનાથજીનું મંદિર છે. એક શિવાલય પણ છે. સાથેસાથે એક વાત પણ કરી દઉં કે રાજ કેવી રીતે કરી શકાય.

જ્યારે ભારતમાં અયોધ્યાની બાબરી મસ્જિદના ઢાંચાનો ધ્વંસ થયો ત્યારે અહીંના પાકિસ્તાની—હિન્દુસ્તાની મુસ્લિમોમાં રિઍક્શન આવ્યું. 30–40 મુસલમાનોનું ટોળું શ્રીનાથજીના મંદિરને તોડવા "અલ્લા હો અકબર" બૂમો પાડતું મંદિર નજીક પહોંચી ગયું. મંદિરના ટ્રસ્ટીએ શેખને ફોન કર્યો કે "અમારું મંદિર તોડવા એક ટોળું ચઢી આવ્યું છે. તમે બચાવો." શેખે તત્કાળ સેના મોકલી, બધાને ગિરફતાર કરી લીધા, એટલું જ નહિ, તે તો 30–40 માણસો જ હતા, પણ બીજા જ દિવસે શેખે 500 જેટલા આવા તોફાની મુસલમાનોને દેશ બહાર ખદેડી મૂક્યા અને કહ્યું કે "તમારા દેશમાં ગમે તે થાય, મારા દેશમાં કશું થવું ન જોઈએ." અહીં કાયદાનું બરાબર પાલન કરે તે જ રહી શકશે. બીજા જ દિવસે 500 માણસોના વિઝા કૅન્સલ કરીને હકાલપટ્ટી કરી દીધી. ચાણક્યે કહ્યું છે કે રાજામાં બત્રીસ લક્ષણો હોવાં જોઈએ, જેમાંનું એક લક્ષણ તત્કાળ સાચો નિર્ણય કરવાની ક્ષમતા બતાવ્યું છે.

અહીં કોઈ માનવહક્ક પંચ નથી કે કોઈ લૉબી નથી, જે શેખના નિર્ણયને બદલી શકે. કોઈની લાગવગ નહિ, કોઈની શેહશરમ નહિ. નિર્ણય એટલે નિર્ણય. તે દિવસ પછી ભારત–પાકિસ્તાનમાં ગમે તે થાય પણ તેની જરા પણ પ્રતિક્રિયા અહીં ન થાય. સૌ શાંતિથી રહે અને કામ કરે. કદાચ આટલા જ માટે લોકો કહેતા હશે કે "રાજ તો કાં તો રાણીજાયો કરે, કાં પછી બીબીજાયો કરે." જે હોય તે, આવું કઠોર પગલું ભારતમાં વગર કાયદે રહેતા બાંગ્લાદેશી કે પછી સંતાઈને રહેતા પાકિસ્તાનીઓ માટે પણ ભારત સરકાર ભરી શકતી નથી. પગલાં ભરવાં કે નહિ તેના વિચારમાં જ વર્ષો નીકળી જાય છે. વર્ષો પછી પણ હતા ત્યાં ને ત્યાં. પશ્ચિમનાં ઘણાં રાજ્યોમાં રાજાશાહી નથી તોપણ ઘૂસી આવેલા અને ગદ્દારી કરનારા લોકો માટે એ તરત જ પગલાં ભરે છે, વર્ષો નથી લાગતાં. આપણે હવે તો કદાચ કોઈ રાણીજાયાની તપાસ કરવી પડશે. શાહી સવારી માણકી ઘોડી ઉપર જ શોભે. ટાંગાનાં ટટ્ટુ આવી સવારીમાં ન ચાલે.

અહીં અમીરાતમાંથી જે ભાઈઓ મળવા આવ્યા તેમાં એક ચેતનભાઈ પટેલ સંડેરના અને બીજા દિનેશભાઈ પટેલ ટુંડાવના છે. અમારા ઊંઝા આશ્રમમાં વર્ષોથી સેવા આપનાર કાન્તાબહેન ટુંડાવનાં છે. તેઓ દિનેશભાઈનાં ફોઈ થાય એટલે તેમને ખબર પડી કે હું અહીં આવ્યો છું કે તરત બધું કામ પડતું મૂકીને બન્ને ભાઈઓ પરિવાર સાથે આવી પહોંચ્યા. લાગણીથી જીવન જિવાય છે, એકલા પૈસાથી નહિ. જેને કોઈની પણ લાગણી મળી જ નથી તે દુર્ભાગી છે. બધું થવું પણ લાગણીહીન ન થવું. આવી લાગણી જ આ ભાઈઓને અહીં દોડતા લઈ આવી છે. ખૂબ પ્રેમથી બધાં મળ્યાં અને ખૂબ વાતો કરી. દિનેશભાઈએ કહ્યું કે "હમણાં જ ગણેશવિસર્જનનો ઉત્સવ ગયો. પરમિશન માગી અને તરત મળી. તેમણે કહ્યુંઃ તમે કારમાં ગણપતિની પ્રતિમાને સમુદ્રમાં લઈ જઈને પધરાવી શકો છો. અમે તેમ જ કર્યું. પણ જાહેર રસ્તા પર સરઘસ ન કાઢી શકાય. અમે બધાએ આવી રીતે ગણેશજીને સમુદ્રમાં પધરાવ્યા. કોઈ ટેન્શન નહિ." મને થયું કે ભારતમાં પણ આ રીત સ્વીકારાય તો કેટલાં અનિષ્ટોથી બચી શકાય! હિન્દુ–મુસ્લિમ બધા જ પોતપોતાનાં પર્વો પોતપોતાનાં

ધર્મસ્થાનોમાં ઊજવે, જાહેર રોડ પર કોઈ ન આવે, તો ધર્મને કશો વાંધો આવવાનો નથી. આ વાત હું વર્ષોથી કહું છું, પણ લોકો ક્યાં માનવાના હતા? લોકોને ઉત્સવ ઊજવવાના ઉમળકા કરતાં ઝનૂન વધારે ચઢતું હોય છે. પરિણામે ઘણી વાર મોટા અનર્થો થઈ જતા હોય છે. કોણ રોકે અને કોણ બચાવે!

દિનેશભાઈનું કહેવું છે કે આમ તો અહીં ક્રાઇમ ખાસ નથી, પણ કોઈકોઈ વાર પાકિટની તફડંચી થઈ જાય છે. પોતાને જ આવો અનુભવ થયેલો. જોકે પછીથી પાકિટ તો મળી ગયું હતું, પણ અંદર પૈસા ન હતા. તેમણે એક ચોંકાવનારી વાત પણ કરીઃ "આપણા જ લોકો ભારત–પાકિસ્તાનમાંથી કુશળ પાકિટમારોને બોલાવતા હોય છે અને પછી કામ પતાવીને મોકલી દેતા હોય છે. જો આ વાત સાચી હોય તો ખરેખર શરમજનક કહેવાય.

અહીં કોઈ પ્રકારની અનામત નથી–હા, આરબ પ્રજાને જ બધા હક્કો છે. બાકીના બધાને આ લોકો "મિસ્કીન" કહે છે. "મિસ્કીન" એટલે ગરીબ ભિખારી જેવાં હલકાં માણસો. આ મિસ્કીનમાં હિન્દુ–મુસલમાન બધા જ આવી ગયા. માત્ર આરબો જ 'સુપર' પ્રજા છે. આ કારણે આરબો મિસ્કીનો સાથે વધુપડતા ભળતા નથી. સૌ પોતપોતાના વીલામાં પડ્યા રહે છે. સ્ત્રીઓ તો બહાર આવતી જ નથી, કદાચ આવે તો કોઈની સાથે વાત કરતી નથી, કામ પતાવીને જલદીથી પોતાના વીલા ભેગી થઈ જાય. ટોળટપ્પાં મારતી કે રખડતી–ભટકતી કોઈ આરબ સ્ત્રી જોવા નહિ મળે, કારણ કે તે પોતાને સુપર પ્રજા માને છે.

એક વાર એક મુસ્લિમ સજ્જને મને ભારતમાં કહેલું કે ભારતમાંથી જો સંપૂર્ણ અનામત હટાવી દેવી હોય તો તેનો એક જ રામબાણ ઉપાય છે અને તે છે પૂરો દેશ મુસલમાન થઈ જાય. ઇસ્લામમાં કોઈ ઊંચનીચ નથી, સૌ સરખા છે. એટલે કોઈના માટે અનામત રખાય નહિ. એ ભાઈને મેં પૂછ્યું, "તો પછી તમે શિક્ષણમાં અને નોકરીઓમાં અનામત કેમ માગો છો?" તેમનું કહેવું હતું કે "અમે માગનાર નથી. સરકાર વગર માગ્યે સામે ચાલીને અનામત આપવા આવે છે અને ખુશામત કરે છે." મેં કહ્યું કે "પણ સરકાર આવું કેમ કરે છે?" તો કહે કે "અમારા વોટ મેળવવા માટે." હવે આગળ શી વાત કરવી? આપણને રાજ કરતાં નથી આવડતું–ભવિષ્ય દેખાતું નથી એમ જ કહી શકાય.

અહીં ઇસ્લામિક કાયદા ચાલે છે, પણ કોઈનાં કાંડાં કાપી નાખવાં કે માથાં કલમ કરી નાખવા જેવી ક્રૂર સજા થતી નથી. આ બધું સાઉદી અરેબિયામાં થાય છે, અહીં નથી થતું. આ લોકો સ્ત્રીઓને ભલે બુરખો પહેરાવે, પણ અહીં સ્ત્રીઓનું જેટલું રક્ષણ થાય છે તેટલું બીજે ક્યાંય નહિ થતું હોય. સ્ત્રીઓ અહીં સંપૂર્ણ સુરક્ષિત છે. બળાત્કારના પ્રસંગો ભાગ્યે જ બનતા હોય છે–એમ કહો કે બનતા જ નથી.

આરબો બે કે ત્રણ પત્નીઓ કરતા હોય છે. ચાર પત્નીઓ તો ભાગ્યે જ કરતા હોય છે. આટલી પત્નીઓ પણ મોટા ભાગે રૉયલ ફૅમિલીવાળા કરતા હોય છે. સામાન્ય માણસ તો એકમાં જ થાકી જાય છે.

અત્યારે અહીં 158 દેશના લોકો મૂડીરોકાણ કરે છે. લાભ આરબોને મળે છે. અહીં ઇન્કમના ત્રણ ગ્રેડ છેઃ 1. હજાર–બારસો કમાનારા મજૂરો, 2. 8–10 હજાર કમાનાર કારીગરો અને 3. 30થી 40 હજાર દિરહમ કમાનારા એન્જિનિયરો વગેરે. દુબઈમાં 70–80 માણસો પોતાનાં હૅલિકૉપ્ટર રાખે છે. આ સાત રાજ્યોમાં યજમાન રાજ્ય પાકિસ્તાન–તરફી છે. ત્યાં ઘણા પાકિસ્તાનીઓ રહે છે. અહીં બધું અનાજ વગેરે બહારથી આવે છે. અહીં ઘઉં નથી મળતા પણ લોટ મળે છે. બાકીનું કરિયાણું મોટા ભાગે ભારતથી આવે છે.

સાંજના સાડાસાત વાગી ચૂક્યા છે. અમારે જમવાનું એક ક્રુઝ પર છે ત્યાં જવાનું છે. બધાં ત્યાં પહોંચ્યાં. ક્રુઝ જમવાની સાથે ભ્રમણ પણ કરાવે છે. બન્ને તરફની દુબઈ જોઈ શકાય છે. હું વહેલો સૂઈ જાઉં છું, પણ આજે મારે જાગવું પડે છે. મને ક્યારનાંય ઝોકાં આવવાં શરૂ થઈ ગયાં છે. મને ગમ્યું નહિ, પણ સમૂહમાં રહેવું હોય તો સૌને સાથ આપવો પડે.

દિનેશભાઈ તથા ચેતનભાઈ બન્ને પ્રતિભાશાળી યુવાનો છે. તેઓ અહીં ઘણી ઊંચી જગ્યા પર કામ કરે છે. ખરેખર તો આવી પ્રતિભાશાળી વ્યક્તિઓની દેશને જરૂર છે. પ્રત્યેક રાષ્ટ્રની સર્વોત્તમ મૂડી પ્રતિભા હોય છે. અમેરિકા વિશ્વભરમાંથી પ્રતિભાઓને આકર્ષે

છે, આમંત્રે છે અને તેના ભરપૂર ઉપયોગથી વૈજ્ઞાનિક સર્વોપરિતા પ્રાપ્ત કરે છે. આપણે વિશ્વભરની પ્રતિભાઓને આકર્ષી તો નથી શકતા, પણ પોતાના ઘરની પ્રતિભાઓને પણ પચાવી નથી શકતા, તેથી આપણી પ્રતિભાઓ વિદેશોમાં ચાલી જાય છે. આપણી રાજકારણીય અનામત નીતિના કારણે કેટલીક પ્રતિભાઓની અકાળે જ હત્યા થઈ જાય છે.

એક બ્રાહ્મણ વિધવાનો મારા પર પત્ર હતો: 90% મેળવેલો તેનો પુત્ર મેડિકલમાં તો દાખલ ન થઈ શક્યો, એન્જિનિયરીંગ કૉલેજોમાં પણ તેને પ્રવેશ ન મળ્યો. થાકીને છેવટે તે કરિયાણાની દુકાને પડીકાં વાળવા કામે લાગ્યો છે. ખાનગી ક્ષેત્રમાં મોટો ખર્ચ બ્રાહ્મણ વિધવા ક્યાંથી લાવે? બ્રાહ્મણ હોવું એ અપરાધ થઈ ગયો. આવા તો કેટલાય પ્રતિભાશાળીઓની કરિયરની હત્યા થતી હશે. સારું થયું હવે બે નવાં ક્ષેત્રો ઊઘડ્યાં છે. એક તો ખાનગી કંપનીઓ અને બીજું વિદેશ. આ બે ક્ષેત્રો ન ખૂલ્યાં હોત તો આ યુવાનોની શી દશા થાત? એવી કોઈ નીતિ ન અપનાવાય કે જેમાં કોઈને અન્યાય ન થાય, કોઈનો હક્ક છીનવાય નહિ અને યોગ્યતા પ્રમાણે સૌનો વિકાસ થાય! જરૂર આવી નીતિની જ હોય. પણ પ્રતિભાના ક્ષેત્રમાં રાષ્ટ્ર રાજકારણ મુક્ત થઈ જાય તો પોતાના શત્રુનો પુત્ર પણ જો પ્રતિભાશાળી હોય તો તેને પ્રથમ પસંદગી આપવી જોઈએ અને પોતાનો સગો પુત્ર પણ જો પ્રતિભાહીન—અયોગ્ય હોય તો તેને સામે ચાલીને દૂર રાખવો જોઈએ. જે દિવસે આવી વૃત્તિનો ઉદય થશે તે દિવસે રાષ્ટ્ર સાચા અર્થમાં મહાન થશે.

અમે હોટલે પહોંચી ગયાં છીએ અને હવે સૂઈ જવાનું છે.

24–9–08

*

આપણી સંસ્કૃતિમાં એક શબ્દ છેઃ પધરામણી. પધારવા ઉપરથી પધરામણી શબ્દ બન્યો લાગે છે. પ્રત્યેક સદ્‌ગૃહસ્થની ઇચ્છા હોય છે કે મારે આંગણે—મારે ઘરે કોઈ મહાપુરુષ પધારે. તમારા જીવનની લાઇનનું માપ તમારા ઘરે કોણ આવ–જા કરે છે તેના પરથી નીકળતું હોય છે. જેના ઘરે વ્યસનીઓ—દારૂડિયાઓ કે ખટપટિયા લોકોની અવરજવર વધુ હોય તો સમજવું કે તે ઘર બરબાદ થવાનું છે, પણ જેના ઘરે જ્ઞાની, ગુણી અને શ્રેષ્ઠ પુરુષોની અવરજવર વધારે થતી હોય તો સમજવું કે આ ઘર અને ઘરવાળાં માણસોનો યશ વધવાનો છે. યશ પણ મોટું ધન છે. સંસ્કૃતમાં “યશોધના” કહેવાય છે. ધન હોય પણ યશ ન હોય તો તે ધન સુગંધ વિનાના ફૂલ જેવું છે. કેટલાક ધનવાન પણ લોભિયા માણસો કદી કોઈને પોતાનું ઘર બતાવતા નથી, કારણ કે ચા–પાણીનો ખરચો કરવો પડે. આવા લોકો ધનવાન હોય તોપણ અળખા થઈને જીવતા હોય છે. તેમની સ્મશાનયાત્રામાં ટોળેટોળાં નથી ઊમટતાં. ખરેખર તેઓ ખાલી હાથે જ વિદાય થતા હોય છે. પણ કેટલાક ઉદાર માણસો શોધીશોધીને મહાપુરુષોને પોતાને ઘેર બોલાવતા હોય છે અને સન્માનપૂર્વક આતિથ્ય કરતા હોય છે. તેમનાં કમાણી અને જીવન ધન્ય થઈ જતાં હોય છે.

શ્રી દિનેશભાઈનો આગ્રહ છે કેઃ “સમય કાઢીને પણ ગમે તેમ કરીને મારે ઘેર પધારો!” કાન્તાબહેનનો પણ આગ્રહ છે, કારણ કે બન્ને ટુંડાવનાં છે. અંતે અમે તેમના ત્યાં જવાનું ગોઠવ્યું. શ્રી દિનેશભાઈ પોતાની મોટી ગાડી લઈ આવ્યા. અમે 5–7 માણસો ગોઠવાયાં. શ્રી દિનેશભાઈ સારા પ્રવક્તા પણ છે, માહિતીનો ભંડાર છે. જેટલો સમય તમારી સાથે રહે તેટલો સમય સતત નવીનવી માહિતી આપ્યા જ કરે. પ્રથમ કહ્યું કે પટ્ટો લગાવવો જરૂરી છે. પોલીસ કડક છે, ચલાવી નથી લેતી. હું પોતે પણ પટ્ટાનો સમર્થક છું. દેશમાં પણ હું આગળની સીટ ઉપર બેસું તો પટ્ટો જરૂર લગાવું છું. તે આપણા હિતમાં છે. તેનાથી રક્ષા થાય છે. પણ ઘણા લોકો તેને ત્રાસ સમજે છે. પટ્ટો લગાવતા જ નથી. પોલીસ પણ ઉદાર છે. કાંઈ વાંધો નહિ, હાંક્યે રાખો.

અમારી જમણી બાજુ મીનાબજાર છે. મીનાબજાર અહીંનું સૌથી વધુ આકર્ષક બજાર છે. અહીં સોનાના દાગીના વગેરે મોટા પ્રમાણમાં વેચાય છે. બહેનો દુબઈ આવે અને મીનાબજારમાં ન જાય તેવું બને નહિ. લોકો ભલે ગમે તે કહે, પણ નર–નારીની ખરીદીનાં ક્ષેત્રો સાવ જુદાં છે. ઓછામાં ઓછું આ બાબતમાં તો સમાનતા નથી. આમ જુઓ તો વિશ્વભરનાં શૉપિંગ સેન્ટરો બહેનોથી જ ચાલતાં હોય છે. હા, ઑફિસો અને પેઢીઓ પુરુષોથી ચાલતી હોય છે. અમારી હોટલથી ચાલતાં આવી શકાય તેટલું નજીક મીનાબજાર છે. અહીં ગુજરાતીઓ વધારે જોવા મળશે. મીનાબજાર અને રોમાં સ્ટ્રીટમાં ગુજરાતીઓ વધુ વસે છે. મોટા ભાગે વ્યાપારીઓ છે. આ બજારમાં દુકાનનું ભાડું જ બાર મહિને બાર લાખ જેટલું થાય છે.

અમે બધાં દિનેશભાઈના ત્યાં પહોંચી ગયાં. મીનાબજારની નજીક જ તેમનો ફ્લૅટ છે. આજે શુક્રવાર હોવાથી બજારો 1 વાગ્યે ખૂલશે. મુસ્લિમો ધર્મચુસ્ત હોય છે એટલે પહેલાં ધર્મ અને પછી વ્યાપાર. શુક્રવાર પવિત્ર વાર છે. આજે જામા મસ્જિદમાં વિશાળ સમૂહમાં નમાજ પઢાશે. આપણે હિન્દુઓ આવી એકતા અને સમાનતા સાથે પ્રાર્થના નથી કરતા, તેથી મુસ્લિમો જેવી એકતા આપણે મેળવી શકતા નથી. દિનેશભાઈનું ઘર મોટું છે. એક રૂમ–રસોડું પણ એકાદ કરોડમાં મળે, તો આ તો ઘણું મોટું છે. કદાચ 3–4 કરોડનું હશે. પણ પૈસા આપીને પણ તમે 99 વર્ષના પટ્ટે જ ખરીદી શકો, યાવચ્ચંદ્રદિવાકરૌ નહિ. અહીં મીનાબજારમાં એક જ ભાવે સોનું મળે છે, કશો જ ફરક નહિ. વજનમાં કે કૅરેટમાં છેતરવાની વાત જ નહિ. સખત કાયદા છે, અને તેનું પાલન કરાવનારા પણ સખત ગજવેલના પગવાળા છે, માટીપગા નથી. અહીંની પ્રામાણિકતા પૂજાય છે, તેથી બજારો ધમધમે છે અને તેથી બધા સમૃદ્ધ થયા છે. અહીં ઇલેક્ટ્રૉનિક્સ વસ્તુઓ થોડી સસ્તી મળે છે. અહીં લોકો છેતરાતા નથી કે ચોરી નથી કરતા, કારણ કે ટૅક્સ જ નથી. અહીં બધા ટૅક્સીવાળા મર્સિડીસ ચલાવે છે. અહીં દૂધ નથી થતું પણ આઇસક્રીમ સસ્તો છે. બહારથી આવે છે. મોટા ભાગે ન્યુઝીલૅન્ડ—ઑસ્ટ્રેલિયાથી આવે છે. ઘરમાં તુલસી પણ છે.

દિનેશભાઈનાં ધર્મપત્ની નીતાબહેન તુલસી વાવે છે, ઉછેરે છે અને પછી વૈષ્ણવોને આપે છે. નીતાબહેન દિનેશભાઈ જેટલું ભણેલાં

નથી પણ દિનેશભાઈ તેમનાં વખાણ કર્યા જ કરે છે. પતિપત્નીનાં જાહેરમાં વખાણ કરે તો પત્ની ધન્યધન્ય થઈ જાય. પણ આવું બહુ ઓછું થતું હોય છે. વઢકણી પત્નીનાં વખાણ ન હોય. નીતાબહેન દોડીદોડીને પતિની ઇચ્છા પ્રમાણે કામ કરે છે. અમને બધાંને આગ્રહથી ચા–નાસ્તો કરાવ્યાં. જોકે અમે તો નાસ્તો કરીને જ આવ્યાં હતાં, તોપણ ગરમાગરમ પકોડાં કરી નાખ્યાં. વાનગી કરતાં ઉમળકાનો સ્વાદ વધારે હોય છે. ઉમળકા વિનાની વાનગીઓ ફિક્કી થઈ જતી હોય છે. આ ઘર વીસ માણસો સમાઈ જાય તેટલું મોટું છે.

દિનેશભાઈ વર્ષમાં હજારેક મહેમાનોને આમંત્રતા હોય છે. નીતાબહેનના સહયોગ વિના તે થઈ ન શકે. બધાં પ્રસન્ન થયાં અને વિદાય થયાં. પૂર્વે કહ્યું તેમ પહેલાં અહીં આપણો રૂપિયો ચાલતો, પછી આ લોકોએ પોતાનું નાણું બનાવ્યું જેને દીનાર—દિરહામ કહે છે. પહેલાં રૂપિયો અને દિરહામ સરખા જ હતા, એક દિરહામનો એક રૂપિયો, પણ હવે એક દિરહામના બાર રૂપિયા મૂલ્ય થઈ ગયું છે. કરન્સીની વધઘટ તે–તે દેશના અર્થતંત્રની સધ્ધરતા કે નિમ્નતા બતાવે છે. ઝિમ્બાબ્વેએ હમણાં અઢી કરોડ ડૉલરની નોટ છાપી છે. કલ્પના કરો– તેની સધ્ધરતા કયા રસાતળે પહોંચી હશે? આપણે જેમ શ્રી લખીએ છીએ તેમ અહીં મહત્ત્વનાં નામો આગળ “ચીલ” લખાય છે.

આજે ફરી પાછાં ટૂર કરવા નીકળ્યાં છીએ. આજે ગાઇડ બદલાઈ ગયો છે. મુસ્તફાની જગ્યાએ સુલતાન આવ્યો છે. આજે અમે અબુધાબી જઈ રહ્યાં છીએ. અબુધાબી અમીરાતની રાજધાની છે. શહેર મોટું છે. સુલતાન ગમ્મતી માણસ છે. તે પણ પખ્તુનિસ્તાનનો પઠાણ છે. તેણે કહ્યું કે “આ ઊંચું ચાર માળનું બિલ્ડીંગ દેખાય છે તે સૌ પહેલાં અહીં થયું હતું. ત્યારે આટલું ઊંચું મકાન બીજું એકે ન હતું. બધાં જોવા આવતાં અને નવાઈ પામતાં. હવે અત્યારે તે બધાં મકાનો કરતાં નાનું અને નીચું થઈ ગયું છે.” મેં કહ્યું કે “માણસોનું પણ એવું જ હોય છે. ઊંચો નીચો અને નીચો ઊંચો થઈ જતો હોય છે. સમયસમયની વાત હોય છે. કદાચ તેને જ કિસ્મત કહેતા હશે.” અમે જે રોડ પર ચાલી રહ્યાં છીએ તે સીધો સાઉદી અરેબિયા જાય છે, તેથી આને ઇન્ટરનૅશનલ રોડ કહેવાય છે.

સુલતાન ભલો માણસ છે. તેનું કહેવું છે કે “જેવી રીતે આ સાત રાજ્યો એક થયાં તેવી રીતે ભારત–પાકિસ્તાન–બાંગ્લાદેશ ત્રણે એક થઈ જાય તો સારું.” આપણે ત્યાં પણ કેટલાક લોકો અખંડ ભારતની ઇચ્છા રાખે છે. તેઓ 15મી ઑગસ્ટને નહિ પણ 14મી ઑગસ્ટની તિથિ ઊજવતા હોય છે. મેં આવા એક ભાઈને પૂછ્યું હતું કે “આ અખંડતા લાવશો કેવી રીતે? યુદ્ધ કરીને?” મારી દૃષ્ટિએ પાકિસ્તાનના નેતાઓ મૂર્ખા છે. જો તેઓ અખંડ ભારતની કલ્પના સ્વીકારી લે તો થોડા જ સમયમાં અખંડ પાકિસ્તાનનું નિર્માણ થઈ જાય, કારણ કે અત્યારે જ્યારે પ્રચંડ બહુમતી હોવા છતાં પણ હિન્દુ પ્રજા પોતાનાં મહોલ્લા અને કન્યાઓને સાચવી શકતી નથી તો પછી તો કહેવું જ શું?

સુલતાનખાંએ રોજું રાખ્યું નથી. તે કહે છે કે આખો દિવસ કામ કરવાથી મારાથી રોજું રખાતું નથી. તેણે પાણી પીવાની છૂટ આપી. ધર્મ એક જ છે, પણ માણસેમાણસે વ્યાખ્યા જુદી છે. ધર્મ તો ખૂણામાં રહી જાય છે. માણસોની વ્યાખ્યા જ ધર્મ બની જાય છે. તેમાં પણ જે વધુ બળવાન માણસ હોય છે તે સૌથી વધુ પૂજાતો હોય છે. બન્ને તરફનાં ભવ્ય મકાનો તથા દશ લાઇનનો રોડ જોઈને એવું લાગે છે કે આપણે જાણે કોઈ પશ્ચિમના દેશમાં ફરી રહ્યાં હોઈએ. હા, અહીં વૃક્ષો નથી, રણ જ રણ છે. આ રોડને શેખ જાહીદ કહે છે. શેખ જાહીદ મહાન હતા. તેમણે જ સાત રાજ્યોને એક કર્યાં હતાં. ચાર વર્ષ ઉપર તેમનું અવસાન થયું હતું. અત્યારે તેમનો પુત્ર શેખ છે. અહીં ત્રણ બંદરો છે.

હવે અમે અબુધાબીની સીમામાં આવી ગયાં છીએ. સુલતાનનું કહેવું છે કે પહેલાં આ ભૂમિને ગલ્ફ કહેવાતી હતી. ત્યારે આ સાત દેશો હતા. ત્યારે આરબો અહીં મોતીનો વ્યાપાર કરતા હતા. માછીમારીમાંથી તેમને મોતી મળી રહેતાં. આમ તો બહુ પ્રાચીનકાળમાં આરબોની ચાંચિયાગીરી પણ જાણીતી હતી. યુરોપમાં તો ચાંચિયા લોકોનું મોટું સામ્રાજ્ય હતું. કેટલાક ટાપુઓ પર તેમનાં થાણાં હતાં. તેઓ ઘણાં જહાજો પણ રાખતા અને સમુદ્રમાં લૂંટફાટ કરતા. આરબોનું પણ પૂર્વજીવન એવું હતું. ત્યારે અહીં 45થી 50 ડિગ્રી ગરમી પડતી. તેનાથી બચવા લોકો ઉપાયો કરતા. જેમ કે કપડાંનો પડદો કરીને તેના પર ખાસ પ્રકારનું ઘાસ પાથરીને તેના પર પાણી છાંટીને હવા આવવા દેતા જે ઠંડી થઈ જતી. આપણે ત્યાં પણ ખસની ટટ્ટી કે સંગતરાની ટટ્ટી બનાવીને તેમાંથી હવા આવવા દેતા, જેથી ઠંડક

રહેતી. સૌકોઈ પોતપોતાની આવડત અને શક્તિ પ્રમાણે સુખ–સગવડો કરતા રહ્યા છે, કારણ કે સગવડો બધાને ગમે છે. તે જ ખરું સુખ આપે છે. પશ્ચિમે વૈજ્ઞાનિક છલાંગ ભરી અને A.C. બનાવ્યું. અત્યારે આખું દુબઈ A.C.માં જીવે છે. A.C. માટે વીજળી જોઈએ, એટલે મબલક વીજળી ઉત્પન્ન કરાય છે. અહીંથી રોજીઓ શરૂ થાય છે. સગવડો બંધ કરો, રોજીઓ બંધ થઈ જશે. ગરીબી આવી જશે. એમ કહી શકાય કે સગવડના દ્રોહીઓ ગરીબીને આવકારે છે અને અર્થતંત્રને દુર્બળ બનાવે છે.

1971માં શેખ જાહીદે બાકીનાં છ રાજ્યોના શેખોને ભેગા કરીને એક એકમ બનાવ્યું. ડાહ્યા માણસો જલદી વાતને સમજી શકતા હોય છે, મૂરખાઓ વાતને સમજતા નથી. તેમને સમજાવી શકાતું નથી, તેથી તેમની એકતા કરી શકાતી નથી. તેમને તો દબાવીને જ રાખો તો એકતા રહે. ન દબાવી શકો તો ઉપદ્રવ કરે. ન શાંતિથી રહે, ન રહેવા દે. મૂર્ખા તો દબાવેલા જ સારા.

સુલતાનખાનનું કહેવું છે કે શેખ જાહીદને 19 દીકરાઓ અને 12 દીકરીઓ છે. આમ કુલ 31 સંતાન છે. તેણે કહ્યું કે તેમને કાયદાકીય રીતે ચાર બેગમો છે. બાકી તો કાંઈ કહેવાની શક્તિ નથી. સુલતાને બધાંને બહુ હસાવ્યાં. હું વર્ષોથી એક વાત કરું છું કે આર્થિક રીતે સશક્ત લોકોએ સંતતિનિયમન ન કરવું જોઈએ. તેમણે વધુમાં વધુ ઉત્તમ બાળકો સમાજને આપવાં જોઈએ, કારણ કે તેમને ઘર–નોકરી–ધંધાની કશી ચિંતા નથી. પણ જે લોકોને ઘર ન હોય, નોકરી–ધંધો ન હોય તેમણે ફરજિયાત સંતતિનિયમન કરવું જોઈએ, કારણ કે ઘણાં બાળકોને તે ભણાવી શકશે નહિ, ઘર કે નોકરી આપી શકશે નહિ. તેનાથી ઝૂંપડપટ્ટી, બેકારી અને અપરાધ વધશે. તેમને વધુ બાળકો પેદા કરવા ન દેવાય. શેખ જહીદને 31 બાળકો છે તે તેના પૌરુષનું પણ પ્રતીક છે. માણસો પૌરુષવાન હોવા જોઈએ. આપણે ત્યાં ઊલટું ચાલે છે. જેમને વધુ બાળકોની જરૂર હોય છે તેઓ સંતતિ–નિયમન કરે છે અને જેમને બાળકોનું પોષણ કરવાની ક્ષમતા જ નથી તેમને ત્યાં ડઝનબંધ બાળકો હોય છે. એક ગુપ્ત ક્રાન્તિ દ્વારા ભારત ધરમૂળથી બદલાઈ રહ્યું છે. આવનારાં વર્ષોમાં આ ભારે પરિવર્તન જોવા મળશે.

પૂર્વે કહ્યું તેમ અહીં આરબ પતિ અને આરબ કન્યા લગ્ન કરે તો તેને એક બંગલો અને સિત્તેર હજાર દિરહમ મળે છે. પણ જો પતિ દ્વારા તલાક અપાય તો બંગલો અને દિરહમ પેલી કન્યાને મળી જાય, પુરુષને કાંઈ ન મળે. આ કાયદાથી લોકો તલાક આપતા નથી. આથી સ્ત્રીઓ રક્ષિત રહે છે. અહીં આરબ સ્ત્રીઓ બુરખો જરૂર પહેરે છે. બુરખા નીચે જે વસ્ત્ર પહેરે છે તેને ‘અબાયા’ કહે છે. કોઈ પણ રીતે સ્ત્રીનું અંગ દેખાવું જોઈએ નહિ. પુરુષોના તંદુરા પણ એવા હોય છે કે અંગો ઢાંકેલાં રહે. આ દૃષ્ટિએ આપણી સ્ત્રીઓ જે રીતે સાડી પહેરે છે અને પેટ તથા બરડો વગેરે દેખાય છે તેને અહીં અસભ્યતા કહેવાય છે. સુલેમાન મારાથી બહુ ખુશ છે. તેનું માનવું છે કે “તમે મહાન પુરુષ છો. મારા સારા નસીબે આજે તમને ફેરવવાનો મોકો મળ્યો છે.”

પૂર્વે કહ્યું તેમ અહીંની આરબ પ્રજા આંતરિક જીવન ધર્મ પ્રમાણે જીવે છે, પણ બાહ્ય જીવન પશ્ચિમી વ્યવસ્થાથી જીવે છે. બધે જ પશ્ચિમી વ્યવસ્થા જોવા મળે છે. “ટૉઇલેટ સ્ટૉપ” આવ્યો. આ પશ્ચિમી વ્યવસ્થા છે. દર દોઢ કલાકે બસને ફરજિયાત ઊભી રાખવાની અને પ્રવાસીઓને ટૉઇલેટ માટે ઊતરવાની સગવડ આપવાની. આપણે ત્યાં આવી કોઈ વ્યવસ્થા નથી. તમે કાર દ્વારા મુંબઈ જાઓ કે દ્વારકા જાઓ, રસ્તામાં આવી ક્યાંય વ્યવસ્થા આવતી નથી. હા, કોઈ ખાનગી હોટલવાળો સગવડ આપે તો વાત જુદી, નહિ તો ખુલ્લામાં જવાનું. જેનાથી બેસી શકાતું ન હોય તેની કેવી દશા થાય? ટૉઇલેટ સ્ટૉપ પૂરો કરીને અમે ચાલ્યાં. આ વ્યવસ્થાથી ક્યાંય ગંદકી થતી નથી.

આ દેશના ઝંડામાં ચાર કલર છેઃ લાલ, કાળો, સફેદ અને લીલો. લાલનો અર્થ છે રક્ત, કાળાનો અર્થ છે તેલ–ક્રૂડ, સફેદનો અર્થ છે સાદું જીવન અને લીલાનો અર્થ છે ઇસ્લામ. આમ, ચાર રંગના ઝંડા ઘણી જગ્યાએ લહેરાય છે. અબુધાબીનો મૂળ આવકસ્રોત તેલ છે. જ્યારે દુબઈનો મુખ્ય સ્રોત ટૂરિઝમ છે. શારજાહમાં ઉદ્યોગો ઘણા છે. અબુધાબીનું પ્રથમ નાનું ગામ આવ્યું “સહામા”. ગામ નાનું છે અને વસ્તી થોડી જ છે. મકાનો ભવ્ય છે. ડાબી તરફ હવાઈ મથક છે. અહીંનું વિમાન દુબઈમાં અને દુબઈનું અહીં ઊતરી–ચઢી શકતું નથી. સૌનાં પોતપોતાનાં હવાઈ મથકો છે. એક નવો પુલ થઈ રહ્યો છે, જે ઘણો ઊંચો છે. તૈયાર થતાં હજી ચાર વર્ષ લાગશે. બીજો ઓવરબ્રિજ

પણ તૈયાર થઈ રહ્યો છે. એક હોટલનું માળખું તૈયાર થયું છે, પણ ભવ્ય લાગે છે. ભવ્ય ભવનોથી નગર શોભતાં હોય છે, ઝૂંપડપટ્ટીઓથી લજ્જિત થતાં હોય છે. અહીં ક્યાંય ઝૂંપડપટ્ટી નથી. પૂર્વે કહ્યું તેમ પહેલાં રહેણાકની વ્યવસ્થા કરો, પછી કામગારોને બોલાવો. આવો કાયદો ફૅક્ટરીમાલિકો માટે છે.

અહીંની વસ્તી 70 લાખની છે, જેમાં આઠ પ્રતિશત વસ્તી રૉયલ ફૅમિલીની છે, અર્થાત્ આરબોની છે.

આનું ક્ષેત્રફળ 83 હજાર ચો. કિલોમીટર છે. અમે એક વિશાળ મસ્જિદ જોઈ રહ્યાં છીએ, જેમાં 85 હજાર માણસો એકસાથે નમાજ પઢી શકે છે. આને "ગ્રાન્ડ મૉસ્ક" કહેવાય છે. વિશ્વની આ બીજા નંબરની સૌથી મોટી મસ્જિદ છે. પ્રથમ નંબરની સાઉદી અરેબિયામાં છે. આ મસ્જિદ શેખ જાહીદે બનાવી હતી—હા, 31 બાળકોના પિતા શેખ જાહીદ બીન સુલતાન અલ નાહ્યાતે બનાવી હતી. આ ઇન્ટરનૅશનલ રોડ પણ તેમનો જ બનાવેલો છે. મસ્જિદમાં અંદર તો જવાનું નથી, પણ બહારથી જોઈ શકાય છે. આ મસ્જિદમાં સાચાં મોતી જડેલાં છે. નીચે બિછાવેલા ગાલીચા ઈરાનથી ખાસ લાવવામાં આવેલા છે. તેમનું વજન હજારો ટન છે. તેમને ટુકડાટુકડા કરીને હૅલિકૉપ્ટરમાં લવાયા છે અને અહીં એવી રીતે જોડી દેવાયા છે કે સાંધાની ખબર જ ન પડે. મસ્જિદ બહુ જ ભવ્ય છે, સુંદર પણ છે. ખરેખર જોવા લાયક ઇમારત બની છે. અમે અબુધાબીના નગરમાં ફરી રહ્યાં છીએ, પણ રમજાન મહિનો હોવાથી સન્નાટો છે. ખાસ માણસો દેખાતાં નથી. અહીં વારંવાર ઇસ્લામિક બૅન્કનાં બૉર્ડ આવે છે. મેં પૂછ્યું કે ઇસ્લામમાં તો વ્યાજ હરામ છે તો પછી આ બૅન્કો કેવી રીતે ચાલે છે? સુલતાનનું કહેવું છે કે બધી કહેવાની વાતો છે. અંદરખાને તો બધું ચાલે છે. આમ નહિ તો આમ કરીને કામ કરી લેવામાં આવે છે.

શેખ જાહીદના નામે વિશ્વવિદ્યાલય પણ છે. આ રહ્યું તેનું બિલ્ડીંગ. બધાં મકાનો ભવ્ય છે. કાચ વધુ વપરાયો છે. અહીં એક મોટી તોપ મૂકવામાં આવી છે. એ રેતી–સિમેન્ટમાંથી બનાવી છે. અહીં ઘણી હરિયાળી છે. અહીં વરસાદ થતો જ નથી. કદાચ થાય તો એકાદ ઇંચ માંડ થાય. તો પછી આટલી બધી હરિયાળી કેવી રીતે? પૂર્વે કહ્યું તેમ બધાં મોટાં મકાનોનાં સંડાસોનો મળ એક નિશ્ચિત ટાંકીમાં ભેગો થાય છે. પછી આ મળને દરરોજ અથવા અઠવાડિયામાં એક વાર સરકારી વાહન ભરી લઈ જાય છે. તેના પર પ્રક્રિયા કરીને પછી તેનું પાણી અહીં વપરાય છે, જેથી ખાતરની સાથે પાણી પણ મળી રહે છે. આ રીતે સુએજનો સદુપયોગ થાય છે. મને થયું કે આ પદ્ધતિ આપણે શીખીએ તો? પ્રત્યેક સોસાયટી કે ગામનાં મળ–મૂત્ર એક જગ્યાએ ભેગાં થાય અને પછી રોજેરોજ અથવા અઠવાડિયામાં એક વાર તેને ભરીને ખેતરોમાં છાંટી દેવાય તો ઘણું ખાતર મળી રહે. કુદરતી ખાતર કહેવાય. કદાચ શરૂઆતમાં લોકોને ન ગમે, પણ પછી આવો લીલોછમ પાક જોઈને સ્વયં ખેડૂતો પૈસા આપીને મળ–મૂત્ર ખરીદે. ક્યાંક શરૂઆત તો થાય! ભારત પાસે કુદરતી ખાતરની કેટલી મોટી શક્યતા છે—જો ઉપયોગ કરી શકાય તો! દુબઈ કરતાં અબુધાબી ઘણું બધું સમૃદ્ધ છે, કારણ કે અહીં તેલની આવક ઘણી છે. ચારે તરફ રણ જ રણ છે. પણ પ્રત્યેક ભવ્ય બિલ્ડીંગ પાસે ખૂબ જ હરિયાળી છે—સુએજના પાણીના કારણે.

આ એ ભવન છે જ્યાં બેસીને સાતે રાજાઓએ એકતાની સહી કરી હતી. એ સંધિના કારણે આરબો એક થઈ શક્યા છે. એક કલાક માટે અમે બધાં મૉલમાં ગયાં. લોકોએ જરૂરિયાતની વસ્તુઓ ખરીદી. પાછાં આવી ગયાં. આ શેખનો પૅલેસ છે. પણ સુલતાને ચેતવ્યા કે જોજો, ફોટો પાડતાં નહિ, નહિ તો પેલો ચોકીદાર તમારો કૅમેરો પડાવી લેશે. આ ભાગમાં માત્ર રૉયલ ફૅમિલી જ રહે છે. હવે એક એવો વિશાળ પૅલેસ આવ્યો કે જ્યાં 19 દીકરાઓ અને 12 દીકરીઓ રહે છે. શેખોની મસ્જિદ પણ જુદી છે. જે અહીં છે, તેમાં સામાન્ય લોકો આવી શકે નહિ. શેખ જાહીદનો આ પૅલેસ પણ ભવ્ય છે. અમે જે મસ્જિદ જોઈ હતી તે ખરેખર સૌંદર્યની દૃષ્ટિએ પણ અતિસુંદર હતી. અબુધાબી ફરીને બધાં હોટલે આવી ગયાં, પણ હજી સૂર્યાસ્તને ઘણી વાર હોવાથી બધાં મીનાબજારે પહોંચ્યાં. અમે દિનેશભાઈની રાહ જોઈને ઊભાં છીએ, ત્યાં બાંગ્લાદેશનો એક મુસલમાન આવ્યો. તેણે કહ્યું કે હું ભૂખ્યો છું. નોકરી–ધંધો નથી. જગડુશાએ ઝટ દઈને તેને પાંચ ડૉલર આપ્યા. મને આ માણસ સાચો ન લાગ્યો, કારણ કે અત્યારે રોજાં ચાલે છે. સાંજે ઇફતારનું જમણ ઘણા શ્રીમંતો આપે છે, પછી ભૂખ્યા રહેવાનો પ્રશ્ન જ ક્યાંથી આવ્યો? મને લાગે છે કે જગડુશાએ ઉતાવળ કરી દીધી. વાણિયા આવી ઉતાવળ ન કરે, જુએ, તપાસે, વિચારે અને પછી આપે.

*

# 13

સાંજ પડી ચૂકી છે. અમારે સાંજે જમવા માટે શારજાહમાં રહેતા ચેતનભાઈ પટેલને ત્યાં જવાનું છે. દિનેશભાઈ તો સવારના ચા–નાસ્તાથી માની ગયા, પણ સંડેરના ચેતનભાઈ અને તેમનાં ધર્મપત્ની સુરેખાબહેનનો આગ્રહ હતો કે ના–ના, અમારે ત્યાં તો તમારે જમવું જ પડશે. અમારી હોટલથી શારજાહ દૂર છે તેથી દિનેશભાઈએ જ અમને લઈ જવા અને લાવવાનો કાર્યક્રમ ગોઠવ્યો. અહીં દુબઈમાં નહિનહિ તોય 25 ગુજરાતી લૉજ હશે, જે જમાડે તો છે, ટિફિન પણ મોકલે છે. એક ટિફિનમાં ત્રણ ગુજરાતીઓ સારી રીતે જમી શકે તેટલું હોય છે. અમારે આવતી કાલનું ગોઠવવું છે. અહીં દક્ષિણ ભારતીય લોકો ગુજરાતીઓ કરતાં વધારે વસે છે. તેમની રેસ્ટોરાં પણ ઘણી છે. પણ તેઓ મોટા ભાગે બધી બિનશાકાહારી હોય છે, જ્યારે ગુજરાતી ચુસ્ત શાકાહારી હોય છે. બન્ને દુબઈ વચ્ચે ક્રીકની નીચે એક ટનલ બનાવી છે, જેમાંથી વાહનો આરપાર થાય છે. દિનેશભાઈ જે બિલ્ડીંગમાં રહે છે તેનો ચોકીદાર પાકિસ્તાની અલી છે. દિનેશભાઈ તેનાં વખાણ કરે છે. બહુ સારો છે.

મારો અનુભવ છે કે ભારતના મુસ્લિમોની તુલનામાં બહારના મુસ્લિમો વધુ મળતાવડા હોય છે. ગોધરાકાંડ પછી ભારતના મુસ્લિમોનાં વલણ–વ્યવહાર બદલાયાં છે. મોટું દુઃખ તો એ છે કે તેમની પાસે કોઈ ગાંધી નથી, જે બળતા ઉપર ગંગાજળ છાંટે. હા, તેમની પાસે પૅટ્રોલ છાંટનારા ઘણા છે, જેથી તેમનું માનસ સળગતું રહે છે. પ્રતિક્રિયાસ્વરૂપ હવે હિન્દુઓમાં પણ સામનો કરનારો એક વર્ગ તૈયાર થઈ રહ્યો છે. જે પહેલાં ન હતો, આ વર્ગ હવે વધુ સહન કરવા તૈયાર નથી. જો બન્ને પક્ષે આવું ને આવું ચાલ્યું તો કદાચ આ દેશ ગૃહયુદ્ધમાં પટકાઈ શકે છે. મોટું કારણ દુષ્ટ રાજકારણ છે, જે સમસ્યાઓને ધધકતી રાખે છે. આ હલકું રાજકારણ દેશને બરબાદ કરી રહ્યું છે અને વધુ બરબાદ કરશે.

હવે અહીં કાંદા–બટાકાં થવા લાગ્યાં છે. અહીં ખજૂર પુષ્કળ થાય છે. પહેલાં અહીં ખજૂર જ ખાતા. ખજૂરમાં હિમોગ્લોબિન મોટા પ્રમાણમાં રહે છે. બહારથી આવેલા કામગારોને ત્યારે જ ફૅમિલી લાવવાની છૂટ મળે છે, જ્યારે તેમની આવક 4000 દિરહામથી વધારે હોય અને કંપની રહેવાનું મકાન આપતી હોય. જો આ બે શરતો પૂરી ન થાય તો પરિવારને લાવી શકાય નહિ. અહીં કોઈ ગરીબીમાં રહે તે શેખને પસંદ નથી. ઘણા મુસ્લિમો રોડ પર જ નમાજ પઢી રહ્યા છે. આવું દશ્ય 3–4 જગ્યાએ જોયું. આરબ સિવાય બધાને આરબ લોકો ‘મિસ્કીન’ કહે છે. મિસ્કીન એટલે ગરીબ–ભિખારી–હલકો માણસ. દિનેશભાઈનું કહેવું છે કે ભલે અમે બધા પૈસાદાર હોઈએ, પણ આરબોની દૃષ્ટિએ તો મિસ્કીન જ છીએ. લગભગ બધે જ આવું થતું રહ્યું છે. વિજયી પ્રજા પોતાને શ્રેષ્ઠ માને છે અને પરાજિત પ્રજાને હલકી માને છે. પરાશ્રિત પ્રજા માટે આવું જ કહી શકાય, એટલે આરબો બહારની બધી પ્રજાને મિસ્કીન કહે તે સ્વાભાવિક છે. અંગ્રેજોના સમયમાં બંગાળીઓ, બિહારીઓને કૂલી કહેતા અને દક્ષિણ આફ્રિકાના ગોરાઓ પણ ભારતીયોને કૂલી કહેતા હતા.

આરબોની પાસે ઘણાં ખજૂરનાં વૃક્ષો હોય છે. રસ્તામાં તમે જાતે તોડીને ખાઓ કે થોડી લઈ જાઓ તોપણ કોઈ કશું બોલે નહિ. આવી ઉદારતા હોય છે. અમે બધા ચેતનભાઈ પટેલ અને સુરેખાબહેનના ઘરે પહોંચી ગયાં. સુરેખાબહેન બાલીસણાનાં છે. આ ગામો મારાં પરિચિત છે. દંપતીના આનંદનો પાર નથી. સરસ રસોઈ બનાવી રાખી છે. પ્રવાસમાં ગુજરાતી ભોજન મળ્યું નથી એટલે વધુ સ્વાદ આવે. અમે બધાં ખૂબ પ્રેમથી જમ્યાં. મારા માટે સરસ શાલ લાવ્યાં હતાં તે મેં પાછી ચેતનભાઈને ઓઢાડી દીધી. સુરેખાબહેનનું કહેવું છે કે અહીં કોઈ ગુજરાતી પરિવાર નથી એટલે ભાષાનો પ્રશ્ન રહે છે, પણ ઇશારા કરીકરીને કામ ચલાવીએ છીએ. બધાં નોકરિયાતો શ્રીલંકાના, ફિલિપિન્સના, વગેરે રહે છે. અમને વિદાય થતાં પહેલાં અહીંની પ્રસિદ્ધ ખજૂરોનાં પૅકેટ આપ્યાં અને તેની મહત્તા બતાવી. ખૂબ જ ભાવથી અમે બધાં વિદાય થયાં.

દિનેશભાઈએ અહીંના કાયદા અને ડિસિપ્લીન વિશે એક વાત સંભળાવીઃ “એક વાર હું મારી કારમાં જતો હતો. ઍપલ ખાતાં–ખાતાં તેનો વચ્ચેનો બિયાંવાળો ભાગ મેં કાગળમાં લપેટીને એક વાડ જેવી જગ્યાએ ફેંકી દીધો, જે પાછળ આવતા આરબે જોઈ લીધો. આગળ સ્ટૉપ આવ્યો ત્યાં હું ઊભો રહ્યો, આરબ પણ ઊભો રહ્યો. તેણે મને હૉર્ન માર્યો. હું સમજી ગયો. તેની પાસે ગયો અને નમસ્કાર કર્યા,

પછી કહ્યું કે ઍપલનાં 2–4 બિયાં મેં કાગળની ચબરકીમાં લપેટીને ફેંક્યાં હતાં. સૉરી, આ દુબઈ પ્રત્યે મને પ્રેમ છે, આ દુબઈ મારું છે, તમારું છે. તેને સ્વચ્છ રાખવું એ મારી જવાબદારી છે. સૉરી! જે કાંઈ થઈ ગયું તે માટે. મારી વાત સાંભળીને આરબે કહ્યું કે કાંઈ વાંધો નહિ, હવે આવું ન કરતો. જો મેં કડકાઈથી વાત કરી હોત તો આ આરબ પોલીસને ફોન કરી દેત અને મને દંડ થઈ જાત. અહીં આરબની વાતને પોલીસ તરત જ સાચી માની લે છે.”

શ્રી દિનેશભાઈની વાત સાંભળ્યા પછી મને થયું કે આવું આપણે ગુજરાતમાં કરી શકીશું? નિર્મળ ગુજરાત કે સ્વચ્છ ગુજરાત આ રીતે જ થઈ શકે. દંડ વિના વ્યવસ્થા ન ચાલે. શ્રી દિનેશભાઈ આપણા દેશના ડ્રાઇવિંગ વિશે વાત કરે છે. ક્યાંય કોઈ નિયમનું પાલન નહિ. જેને જેમ ફાવે તેમ ઘૂસી જાય. બાજુનાં દર્પણ કાં તો બંધ કરી દે કે પછી તેમાં જુએ જ નહિ. મન ફાવે તેમ પાછળની પૉઝિશન જોયા વિના ગાડી મરડ્યા કરે. ભગવાન તોબા! મેં કહ્યું કે એટલે તો વિશ્વમાં સૌથી વધુ અકસ્માતો આપણે ત્યાં થાય છે. હું જ્યારે પણ ક્યાંય જવા નીકળું ત્યારે 2–4 વાર તો ચીસ નીકળી જાય તેવી ઘટના ઘટે. શું થાય? કોણ સમજાવે કે આ રીતે ડ્રાઇવિંગ ન કરાય? નશો ઊતરે તો સમજે ને? ભૂલ કરનારા પણ ખુમારીથી ડોળા કાઢે, પછી કહેવું જ શું? પેટ્રોલ કરતાં ડીઝલ અહીં મોંઘું છે. સાઉદી અરેબિયામાં ટૅક્સી ચલાવનારાઓને મફત ટાંકી ભરી આપવાની, પૈસા લેવાના નહિ. ત્યાં પેટ્રોલ બહુ જ સસ્તું છે. અહીં દર વર્ષે ગાડીને ચેક કરાવવી પડે. વધુમાં વધુ દશ વર્ષ જ વાપરી શકાય. પછી ગાડીને કૅન્સલ કરવી પડે. મને લાગે છે કે આવી કૅન્સલ થયેલી મર્સિડીસ જેવી ગાડીઓ ભારતમાં લાવતા હશે.

અહીં કોલસો નથી એટલે વીજળીનું ઉત્પાદન ડીઝલથી કરાય છે. સૂર્યશક્તિ તરફ હવે ધ્યાન અપાય છે. આરબો બહુ જ ખર્ચાળ જીવન જીવે છે. પૈસા હોય ત્યાં સુધી વાપર્યા જ કરે. મેં કહ્યું કે પૈસા તો આપણે જ બચાવીએ છીએ, બાકી બધી પ્રજાઓ છૂટથી વાપરનારી છે. આ દેખાય તે હૉસ્પિટલ છે. કોઈ ભારતીય ડૉક્ટરની છે. અહીં ખાનગી સારવાર બહુ જ મોંઘી હોય છે. આ કારણે ઘણા આરબો ભારતમાં દવા કરાવવા જાય છે. ભારતમાં દવાખાનાં સારાં હોય છે. અહીં પણ આરબ અને બિનઆરબમાં તથા મુસ્લિમ અને બિનમુસ્લિમમાં થોડોક ભેદ ચાલે છે. ઉપરથી ખબર ન પડે. બિનઆરબો રોડ ઉપર નમાજ પઢી રહ્યા છે. અહીં બધાં જ A.C.માં રહે છે તેથી કોઈને પરસેવો વળતો નથી. બીજી તરફ ભારે કૅલરીનો ખોરાક ખાય છે તેથી બધાંનાં શરીર પર ચરબી વધી જાય છે. ખાસ કરીને આરબો અને આરબ સ્ત્રીઓ વધુ ભારે શરીરવાળાં થઈ જાય છે. આ ઍક્સપ્રેસ માર્ગ પર ઘણા અકસ્માત થાય છે. એક ગાડી અટકે તો તેની પાછળની અનેક ગાડીઓ ટકરાઈ જાય અને ઘણાં માણસો મરી જાય. ખાસ કરીને જ્યારે ધુમ્મસભર્યું વાતાવરણ હોય ત્યારે આવું વધારે બને છે.

અહીંના મીડિયા પર સરકારનો સખત કંટ્રોલ છે. નેગેટિવ સમાચારો છાપી શકાય નહિ, માત્ર પ્રગતિના જ સમાચારો છપાય. તેથી ઘણાં અનિષ્ટોથી પ્રજા બચી જાય છે. કલમ કે વાણીની સ્વતંત્રતા હોવી જોઈએ, પણ તે બેફામ ન હોય તેની કાળજી સરકારે રાખવી જરૂરી છે. આપણે ત્યાં મીડિયા બેફામ થઈ ગયો છે. ગમે ત્યારે કોઈ કરોડના માણસને કોડીનો બનાવી દેતા હોય છે. અહીં પ્રત્યેક વ્યક્તિએ આઈ. ડી. કાર્ડ પાસે રાખવું જોઈએ. તેના વિના ન ચાલે. તેના નંબર પરથી વ્યક્તિનો પૂરો ડેટા કમ્પ્યૂટરમાંથી ઉપલબ્ધ થઈ જાય છે. પૂરો દેશ કમ્પ્યૂટરાઇઝ્ડ છે. પૂર્વે કહ્યું તેમ આંતરિક જીવનપદ્ધતિ ઇસ્લામિક છે, પણ બાહ્ય જીવનવ્યવસ્થા પૂરેપૂરી પશ્ચિમી છે. આમ જુઓ તો પૂરા વિશ્વનું બાહ્ય જીવન પશ્ચિમી વ્યવસ્થા પ્રમાણે ચાલી રહ્યું છે, કારણ કે તેમણે જે વ્યવસ્થા કરી છે તે બધા અપનાવે છેઃ ઊભું રસોડું, સંડાસ–બાથરૂમ, બારીબારણાંવાળાં ઘર, ટેબલ–ખુરશીઓ વગેરે. આ આરબો પહેલાં ગાદીતકિયા પર બેસતા, પણ હવે બધા સોફા ઉપર બેસે છે. લોકો સગવડો ઇચ્છે છે. જે પદ્ધતિમાં સગવડો હશે તેનો તેઓ આપોઆપ સ્વીકાર કરશે.

**26–9–08**

*

આજે તા. 13–9–2008 છે. સવારે ચા–નાસ્તો કરીને બધાં બસમાં ગોઠવાયાં છે. આજે અમારો ગાઇડ બાબર છે. તે પણ પાકિસ્તાનના ઇસ્લામાબાદનો છે. મજાનો માણસ છે. મને ભારતનો પ્રથમ મુગલ બાદશાહ બાબર યાદ આવી ગયો. તે પહેલાં તોપો લઈ આવ્યો હતો અને થોડી જ સેના દ્વારા ઇબ્રાહીમ લોદીની મોટી સેનાને તેણે હરાવી દીધી હતી. તેણે મોગલ સામ્રાજ્યની સ્થાપના કરી. તેનો પુત્ર હુમાયુ, તેનો અકબર, તેનો જહાંગીર, તેનો શાહજહાં, તેનો ઔરંગઝેબ અને પછી 2–4 પ્રભાવહીન બાદશાહો થયા. છેવટે બહાદુરશાહ ઝફર અને પછી અંગ્રેજો ગાદીએ આવી ગયા. અંગ્રેજો ગયા અને પછી આપણે દેશને સંભાળ્યો. મને ચિંતા છે કે બહાદુરશાહ ઝફર જેવો કોઈ ઢીલો નેતા દિલ્હીની ગાદીએ ન આવે તો સારું. મજબૂત માણસ જ દેશને નિયંત્રિત કરી શકતો હોય છે.

બાબરનું કહેવું છે કે અહીંના આરબોને લીમડો વૃક્ષ બહુ ગમે છે. ઊંટનો ચારો થાય અને છાંયો મળે. અમે બધા સ્નો પાર્ક જોવા આવ્યાં છીએ. આ બળબળતા રણમાં પણ બરફનો અનુભવ કરાવવા એક પાર્ક બનાવ્યો છે, જેમાં એકદમ સ્વિટ્ઝર્લૅન્ડનું વાતાવરણ બનાવ્યું છે. માઇનસ ચાર ડિગ્રી તાપમાન થઈ જાય છે. થોડી જ વારમાં ધ્રુજારી છૂટે તેવું વાતાવરણ બનાવ્યું છે, જેથી યુરોપ ગયા વિના પણ ત્યાંનો અનુભવ આરબો કરી શકે. અમે જ્યારે સ્નો પાર્કમાં પહોંચ્યાં ત્યારે ખબર પડી કે આજે રિપેરિંગ કામ ચાલી રહ્યું છે તેથી બંધ છે. કાલે ખૂલશે. બધાં પાછાં ફર્યાં.

દિનેશભાઈનું કહેવું છે કે મિસ્કીન લોકો (આરબ સિવાયના બધા લોકો) દુબઈને છોડવા માગતા નથી. અહીં જે સુખશાંતિ છે તે ક્યાંય નથી. ભારતીય લોકો પૈસા કમાઈને દેશમાં મોકલે છે. દેશના લોકો પણ ખુશ છે. આ હજારો માણસો જો અહીં ન આવ્યા હોત તો તેઓ અને તેમનો પરિવાર ક્યાં હોત? આરબો આપણું સારું માન રાખે છે. કંપનીવાળા પણ પહેલો ચાન્સ આપણને આપે છે, કારણ કે હિન્દુ પ્રજા ઝઘડાળુ નથી અને પૂરી મહેનત કરે છે. દિનેશભાઈનું કથન છે કે "હું જ્યારે જર્મનીમાં હતો (દિનેશભાઈ જર્મન કંપનીમાં સર્વિસ કરે છે) ત્યારે મને પાકિસ્તાની મુસ્લિમે બહુ મદદ કરેલી. તે કટ્ટરવાદી ન હતો." હવે કટ્ટરવાદ તો ભારતીય મુસ્લિમોમાં દેખાવા લાગ્યો છે.

ચીન 120 માળનું બિલ્ડીંગ કરવા માગે છે, તો અહીં 200 માળનું બિલ્ડીંગ બનાવવાની તૈયારી ચાલે છે. 130 માળ તો થઈ પણ ગયા છે. આવી સ્પર્ધા સારી ન કહેવાય. પણ દુનિયા તો આ રીતે જ ચાલતી હોય છે. પૈસો આવે અને ખર્ચે નહિ તો સ્પર્ધામાં ખર્ચાવા લાગે. મકાનની ઊંચાઈ વધારતાં ધરતીકંપનો પણ વિચાર કરવો જોઈએ. આરબો ઓછું બોલે છે. ઓછું બોલનારી અને ધીમું બોલનારી પ્રજા વધુ મહાન હોય છે. જે લોકો વગર જોઈતું બડબડ કરતા હોય અને જોરજોરથી બોલતા હોય તેઓ મહાન નથી હોતા. આરબો પોતાના છોકરાને પણ ગુનામાં આવ્યો હોય તો દંડ દેતાં વાર નથી કરતા. તેમની આવી છાપના કારણે બધા ડિસિપ્લિનમાં રહે છે. જે પ્રજા ન્યાયપ્રેમી અને સત્યપ્રેમી હોય છે તે જ મહાન હોય છે. જે પ્રજા ન્યાયપ્રેમી નથી હોતી, ન્યાયના ક્ષેત્રમાં વહાલાંદવલાં કરતી હોય છે તે કદી મહાન નથી હોતી. સગવડ પ્રમાણે તે વારંવાર પલટી ખાતી રહે છે. તે ભીંસ સહન કરી શકતી નથી. જે લોકો વારંવાર ધર્મ બદલે તે ભરોસાપાત્ર નથી હોતા. પલટી ખાનારા તે પલટુરામ હોય છે. તેમને સત્ય અને ન્યાય સાથે કશી લેવાદેવા નથી હોતી. આવી પ્રજા ઇતિહાસ વિનાની હોય છે. ઇતિહાસ મૉરલમાંથી આવતો હોય છે. વાતો કરતાંકરતાં અમે બધાં હોટલે પહોંચી ગયાં.

આજે શ્રી દિનેશભાઈને ત્યાં જમવાનું છે. આમ તો અમારે ટિફિન મંગાવવાં હતાં પણ દિનેશભાઈ માન્યા નહિ. તેમને આજે રજા છે. બધાંએ મળીને સરસ જમવાનું બનાવ્યું છે. બધાં ભાવપ્રેમથી જમ્યાં. અમે 1–2 જણાંએ હોટલે આવીને આરામ કર્યો. બાકીના લોકો મીનાબજારમાં ખરીદી કરવા ગયાં. અહીં સોનાની ઘણી અને મોટી દુકાનો છે. અહીં અપેક્ષાકૃત સસ્તું અને ચોખ્ખું સોનું મળે છે. સરકારના સખત કાયદા છે, જેથી વ્યાપારીઓ કશી ગડબડ કરી શકતા નથી. એમ કહેવાય કે અહીં પ્રામાણિકતા પૂજાય છે. પ્રામાણિકતાના કારણે લાખો રૂપિયાના દાગીના વેચાય છે. લોકો આંખ મીંચીને ખરીદે છે. આપણે ત્યાંથી છેતરપિંડી ચાલી જાય અને પ્રામાણિકતા આવી જાય તો લોકો અહીંથી શા માટે ખરીદે? મોટા ભાગના સોનાના વ્યાપારીઓ ભારતીય જ દેખાય છે. તો પછી આ લોકો

ભારતમાં આટલી પ્રામાણિકતા કેમ નથી બતાવતા? વાત સમજવા જેવી છે. અહીં જે પ્રામાણિકતા દેખાય છે તે અહીંના શાસક શેખમાંથી આવે છે. અહીંના શેખ જેવા પ્રામાણિક અને દૃઢ નેતા આપણી પાસે નથી તે સ્વીકારવું જ રહ્યું. રાજા પ્રજાનું ઘડતર કરે છે. દિનપ્રતિદિન લોકસભા અને વિધાનસભાઓમાં જનારા પ્રતિનિધિઓનો સ્તર નીચો ઊતરી રહ્યો છે. આવી લોકશાહી ભવિષ્યમાં ભારતની કેવી સ્થિતિ કરશે તે કહેવું કઠિન છે.

સાંજના સમયે અમારે રણમાં ગાડીની સફર કરવા જવાનું છે. દુબઈ આવે અને આ સફર ન કરે તો પ્રવાસ અધૂરો લાગે. ક્વૉલિસ જેવાં વાહનોમાં અમે બધાં વિદાય થયાં. અમે ડિસિપ્લિન માટે એક નિયમ રાખ્યો છે. જો કોઈ પ્રવાસી બસમાં ઘણો મોડો આવે અને લોકો રાહ જોઈને બેસી રહે તો તે પ્રવાસીને "રાજા–મહારાજા"નો ઇલકાબ આપવામાં આવે છે. રાજા–મહારાજા બધાને આઇસક્રીમ ખવડાવે છે. પ્રથમ રાજા–મહારાજા થયાં સીતાબહેન અને જયંતીલાલ પટેલ. સીતાબહેને સૌને હરખાતાં–હરખાતાં આઇસક્રીમ ખવડાવ્યો. આજે શ્રી અરવિંદભાઈ ઘણા મોડા પડ્યા એટલે રાજા–મહારાજા થયા. હવે આઇસક્રીમનો વારો તેમનો છે. અમે તો પાંચ વાહનો લઈને રણના કિનારે પહોંચી ગયાં. રોજા હોવા છતાં પણ દુકાનદારોએ દુકાનમાં આઇસક્રીમ ખાવાની વ્યવસ્થા કરી દીધી.

ડ્રાઇવરોએ પોતપોતાની ગાડીનાં ટાયરોમાંથી હવા અડધી કરી નાખી. રણમાં ગાડી દોડાવવાની એટલે ઓછી હવા રાખવી જરૂરી છે. હવા ઓછી કરીને બધાં વાહનો ચાલ્યાં રણમાં. દૂરદૂર સુધી રણ જ રણ છે. કેટલા બધા ટીલા છે! ક્યાંય વૃક્ષ નથી. હા, પહેલાં આટલામાં આરબો ઊંટ પર આવતા–જતા, એક–એક ટીપા પાણી માટે વલખાં મારતા તે જ આ રણ છે. અમને પટ્ટા બંધાવીને ડ્રાઇવરોએ ગાડીઓ દોડાવવા માંડી. અહીં કોઈ સીધી સપાટ ભૂમિ પર ગાડી દોડાવવાની નથી. એક પછી એક રેતીના ટેકરા ચઢી છેક મથાળે જઈને પછી એકદમ નીચે કૂદકો મારવા જેવું હોય છે. આ માટેના સ્પેશિયલ ડ્રાઇવર હોય છે. બધાને લાઇસન્સ ન મળે. જેને બી.પી. હોય કે હાર્ટનું દરદ હોય તેને આ પ્રવાસની મનાઈ છે, કારણ કે કેટલીક વાર શ્વાસ અધ્ધર થઈ જાય. લગભગ અડધો–પોણો કલાક આ રીતે વાહનો દોડાવ્યા પછી બધાં ભેગાં થયાં અને અહીં રણમાં જ બનેલા એક કૅમ્પમાં ઊભાં રહ્યાં. અમારે બધાંને અહીં જ જમવાનું છે. પૂરું આરબી વાતાવરણ છે. ગાદીઓ પર બેસીને સામેના ડેસ્ક પર થાળી મૂકીને જમવાનું છે.

અહીં સાંજના છ વાગ્યા છે. ભારતમાં સાડાસાત થયા હશે તેમ સમજીને મેં રેડિયો ચાલુ કર્યો. B.B.C. પર સમાચાર આવતા હતા કે દિલ્હીમાં પાંચ જગ્યાએ બૉમ્બ–ધડાકા થયા છે અને ઘણાં માણસો માર્યાં ગયાં છે તથા ઘણાં ઘવાયાં છે. મેં સૌને બોલાવી રેડિયો સાંભળવા કહ્યું. હજી દોઢ કલાક પહેલાં જ ધમાકા થયા છે. B.B.C.એ તરતજ સમાચાર આપી દીધા. ભારે દુઃખ અને ચિંતા થયાં. હવે ભારત સુરક્ષિત રહ્યું નથી. સરકારનું કથન હતું કે 'સિમિ' ઉર્ફે ઇન્ડિયન મુજાહિદ્દીન સંસ્થાએ આ ધમાકા કર્યા છે. પ્રશ્ન થતો હતો કે શા માટે કર્યા છે? આ સંસ્થાની શી માગણી છે? એક વાત સારી થઈ કે આ ધમાકા દિલ્હીમાં કરવામાં આવ્યા, ગુજરાતમાં નહિ. જોકે ગુજરાત અને દિલ્હી અથવા વિશ્વના કોઈ પણ ભાગમાં ધમાકા થાય તે સરખું જ નિંદનીય કૃત્ય છે, તોપણ છેલ્લા કેટલાય સમયથી દિલ્હી સરકાર આતંકવાદીઓ પ્રત્યે બહુ જ ઢીલી નીતિ અપનાવી રહી હતી. 'પોટા' જેવો કાયદો રદ કરીને આતંકવાદી ગ્રૂપને જાણે કે રાજી કર્યું હતું. નવો કાયદો કરતી નથી કે કરવા દેતી નથી. ગુજરાતે "ગુજકોક" કાયદો બનાવીને મોકલ્યો છે પણ પાસ કરાતો નથી. દિલ્હીનો આરોપ છે કે આ કાયદાનો દુરુપયોગ થશે. વાત સાચી છે. કાયદામાત્રનો સદુપયોગ–દુરુપયોગ બન્ને થતા રહેતા હોય છે. એટ્રૉસિટી અને ઘરહિંસાના કાયદાનો ક્યાં ઓછો દુરુપયોગ થાય છે? કોઈ ઘરમાં કોઈ સ્ત્રી જરા ફરિયાદ કરે કે મારી પાસે દહેજ માગે છે તો આખા ઘરવાળાંને જેલમાં ભરી દેવાય છે–ભલે ને તે સાવ ખોટી જ ફરિયાદ કેમ ન હોય! આવા તો કેટલાય કાયદા છે જેમનો દુરુપયોગ થાય જ છે. એક પક્ષના નેતાએ કહ્યું કે ગુજરાત સરકાર (ભાજપ) એક ખાસ ધર્મના માણસોને હેરાન કરવા માટે આ કાયદાનો દુરુપયોગ કરવાની છે. આવા નેતાઓને પ્રશ્ન પુછાય કે તો પછી એવું શું કારણ છે કે એ ખાસ ધર્મના માણસોમાંથી જ બધા આતંકવાદીઓ પકડાય છે? તેમનું તુષ્ટિકરણ કરીને તમે દેશને આતંકવાદીઓનાં ચરણે ધરી દેવા માગો છો? અરે, આવા બર્બર આતંકવાદીઓ માટે તો 'ગુજકોક' કરતાં પણ વધુ સખત કાયદાની જરૂર જણાય છે.

આ ધમાકાથી ઠંડી દિલ્હીમાં ભારે ગરમાવો આવી ગયો છે. આના પહેલાં અમદાવાદમાં અને સુરતમાં બૉમ્બ મુકાયા હતા.

અમદાવાદ તો રક્તમાં તરબોળ થઈ ગયું હતું. હા, સુરત બચી ગયું હતું. બૉમ્બની સરકીટમાં કાંઈક ગડબડ થવાના કારણે સુરતના બૉમ્બ ફૂટ્યા ન હતા. અમુક હીન લોકોએ આક્ષેપ કરવા માંડ્યો હતો કે આ તો મોદીએ પોતે જ આવું કર્યું હતું. નીચતાની પણ હદ હોય છે. ગુજરાતની બાહોશ પોલીસે વીસ જ દિવસમાં હત્યારાઓને પકડી પાડ્યા. છેક યુ.પી.થી શેતાનોને લાવવામાં આવ્યા ત્યારે ફરી પાછી નીચતાનાં દર્શન થયાં. જે મુખ્ય હત્યારાને પકડ્યો હતો તેને ત્યાં બે મંત્રીઓ આશ્વાસન આપવા ગયા. દિલ્હીના મોટા ધર્મગુરુએ ખુલ્લંખુલ્લા મુખ્ય હત્યારાનો પક્ષ લેતું પ્રવચન કર્યું અને સાથ આપવાની અપીલ કરી. ગુજરાત પોલીસને ધન્યવાદ આપવાની જગ્યાએ દિલ્હીવાળા ચૂપ રહ્યા અને શંકા કરતા રહ્યા.

આ સમયે એક વાત બહુ સારી થઈ કે હિન્દુ પ્રજામાં પ્રતિક્રિયા ન થઈ. બધા શાંત રહ્યા. કોઈ કોમી તોફાનો ન થયાં. પકડાયેલા શેતાનો પાસેથી બહુ જલદી પોલીસે માહિતી કઢાવવા માંડી અને એક પછી એક કેટલાય લોકોને પકડ્યા. હજી તોય દિલ્હી ઠંડું જ રહ્યું. આવા સમયે દિલ્હીમાં પાંચ ધમાકા થયા અને આંખ ઊઘડી. હવે દોડાદોડી થવા લાગી. ગુજરાતમાંથી મુખ્ય ષડ્યંત્રકારીને પકડીને દિલ્હી લઈ ગયા. તેની માહિતીના આધારે પોલીસે દરોડા પાડ્યા. પ્રથમ તો સ્થાનિક લોકોએ પોલીસનો વિરોધ કર્યો, ટોળાં ભેગાં થયાં, પણ પછી સામેના મકાનમાંથી જ ગોળીબાર થવાથી વાત બદલાઈ ગઈ. બાહોશ પોલીસ ઇન્સ્પેક્ટરે સામનો કર્યો. થોડી અફરાતફરી થઈ. પણ પાંચમાંથી બેનું ઍન્કાઉન્ટર કર્યું. એકને પકડી લીધો. બીજા બે ભાગી ગયા. ક્યાં ગયા હશે? પેલું ટોળું ભેગું થઈ ગયું હતું તેમને જ પૂછો ને? મહિનાઓથી મકાન ભાડે રાખીને આ લોકો બૉમ્બ બનાવતા હતા. સ્થાનિક લોકોને તદ્દન ખબર જ ન પડી? આ આખા ઍક્શનમાં પોલીસ ઇન્સ્પેક્ટરનું મોત થઈ ગયું અને બીજા બે ઘાયલ થઈ ગયા. એક મહાન જાંબાજને આપણે ખોઈ દીધો. મારી વર્ષોથી ફરિયાદ રહી છે કે આપણી પોલીસ તથા આર્મીને આતંકવાદીઓથી નીપટતાં હજી બરાબર ફાવતું નથી. આપણે ઇઝરાયેલ કે અમેરિકા પાસેથી શીખવું જોઈએ. આવા કેસમાં પોતાના પક્ષે જરા પણ જાનહાનિ ન થવી જોઈએ અને કામ પતી જાય તેવું થઈ શકે છે.

પ્રથમ તો શર્મા ઇન્સ્પેક્ટરે બુલેટપ્રૂફ જાકીટ પહેર્યું ન હતું. આ મોટી ભૂલ હતી. બીજું, કોઈ ઘરમાં સંતાઈને આતંકવાદીઓ બેઠા હોય ત્યારે તે ઘરનાં બારણા પાસે જઈને બારણું ખખડાવવાનું ન હોય. અરે! બારણાની સામે પણ ન જવાય. ઝડપથી બારણાને જોરથી લાત મારીને તરત જ બાજુમાં 2–4 સશસ્ત્ર પોલીસે સંતાઈ જવાનું હોય. આતંકવાદી દેખાતાં જ નિશાનબાજી કરવાની હોય. પણ આવું કશું ન કરાયું. એવું લાગે છે કે જાણે સામે ચાલીને પોલીસ ગોળી ખાવા ગઈ. તેમને એમ કે અંદરના માણસો હથિયાર વિનાના હશે અને તરત જ તાબે થઈ જશે. આવી રીતે ઍક્શન ન લેવાય. આ તો વારંવાર થનારી ભૂલ છે. કાશ્મીરમાં લગભગ આવું જ થાય છે. શર્માજી શહીદ થઈ ગયા. પકડાયેલો એક આતંકવાદી અને બેની લાશો લઈને પોલીસે સંતોષ માન્યો.

હવે કરુણતા જુઓ. મીડિયાએ જ્યારે મહોલ્લાવાળાઓને પૂછ્યું તો એક જ જવાબ આવ્યો–ઍન્કાઉન્ટર ફર્જી (બનાવટી) હતું. આ છોકરાઓ આવા હતા જ નહિ. લ્યો, કરો વાત! માનો કે આ ધમાકા કરનારા મુઠ્ઠીભર ગુમરાહ છોકરાઓ હતા, પણ તેમની આગળ–પાછળ કોનું ટોળું છે? આ ટોળું એમ કેમ નથી કહેતું કે એ આતંકવાદીઓને ફાંસીએ ચઢાવો, અમે રાષ્ટ્રની સાથે છીએ. આવા જ કોઈ ગુનેગારે ધર્મપુસ્તકનું કે ધર્મનું અપમાન કર્યું હોત અને કોઈ પકડાયો હોત તો ટોળું શું કરત? જાતે જ ન્યાય આપવા કાયદો હાથમાં લઈ લીધો હોત. આવી માનસિકતા રાષ્ટ્રના ભવિષ્ય માટે બહુ જ ચિંતાજનક નિશાની છે.

પકડાયેલા આતંકવાદીએ બધું ઓકવા માંડ્યું અને જોતજોતાંમાં આઝમગઢમાંથી અને મુંબઈ વગેરે નગરોમાંથી કેટલાય આતંકવાદીઓ પકડાયા. લોકોએ આઝમગઢને આતંકગઢ નામ આપી દીધું. જો આ ઍન્કાઉન્ટર ગુજરાતમાં થયું હોત તો મોદીવિરોધીઓએ માછલાં ધોવામાં બાકી ન રાખ્યું હોત. ઍન્કાઉન્ટર દિલ્હીમાં થયું તેથી બધા ચૂપ રહ્યા.

હવે બીજી કરુણતા જુઓ. એક પક્ષના મોટા નેતાએ 'સિમિ'નો બચાવ કર્યો. બીજા પણ કેટલાક નેતાઓએ બચાવ કર્યો, તેના ઉપર મૂકેલા પ્રતિબંધને અયોગ્ય કહ્યો અને કહ્યું કે બજરંગ દળ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. આ બીમાર મનના લોકોને પ્રશ્ન પૂછી શકાય કે બજરંગ દળે આવા ધડાકા કર્યા છે? તેનાં મૂળ બીજા દેશમાં છે? તે રાષ્ટ્રને છિન્નભિન્ન કરવા માગે છે? બેશક હવે હિન્દુઓમાં એક

ઉગ્રવાદી વર્ગ તૈયાર થઈ રહ્યો છે, કારણ કે માર ખાઈખાઈને અને અન્યાય સહન કરીકરીને લોકો થાકી ગયા છે. વર્ષોથી હિન્દુઓને બધી રીતે દબાવવામાં આવે છે, કારણ કે આ પ્રજા હિંસક નથી, સામનો કરી શકતી નથી. પણ હવે તેમાં પણ ગરમાવો આવવા લાગ્યો છે. જોકે કોઈ પણ પ્રકારની હિંસાનું હું સમર્થન નથી કરતો, તોપણ તેનાં કારણોમાં તો જવું જ જોઈએ. બદલો લેવાનું એક જ વર્ગને આવડે છે, તો બીજો વર્ગ ક્યાં સુધી સહન કર્યા કરશે? હિન્દુઓ પાસે ગાંધી હતા, જે બદલો ન લેવાનું શિખવાડતા હતા. મુસ્લિમો પાસે ગાંધી નથી, જે છે તે ઉશ્કેરનારા છે. હવે હિન્દુઓ પરથી ગાંધીજીનો પ્રભાવ સમાપ્ત થઈ ગયો છે, કારણ કે માર ખાઈ લેવાની વૃત્તિથી નુકસાન જ નુકસાન થયું છે. હવે રોડાનો જવાબ ઈંટથી આપવાનો રસ્તો ગ્રહણ કરવા તરફ લોકો વળ્યા છે. બન્ને હાથોમાંથી ઈંટો મુકાવી દેવી જોઈએ. તો જ શાંતિ થાય. અપરાધીઓ અને તેમના સમર્થકો ગમે તે વર્ગના હોય, તેમનું તુષ્ટિકરણ ન જ હોય. આ આરબ શેખો પાસેથી તે શીખવું જોઈએ. આતંકવાદીઓ દિલ્હી કરતાં પણ વધારે મોટો આતંક મુંબઈમાં મચાવવાના હતા, પણ પકડાયેલા લોકો પાસેથી માહિતી મળતાં હાલ તો મુંબઈ બચી ગઈ છે. હા, ધમકીઓ રોજ આવ્યા કરે છે.

થોડા જ દિવસો થયા હશે કે પાકિસ્તાનના ઇસ્લામાબાદમાં એક હોટલ પર બહુ મોટો ધમાકો થયો. આખી હોટલ સળગી ગઈ. ભારે નુકસાન થયું. આતંકવાદીઓની યોજના તો નજીકમાં જ આવેલા પાર્લમેન્ટ ભવનને ઉડાવી દેવાની હતી, પણ બચી ગયું.

ભારત કરતાં પણ વધારે આતંકવાદ પાકિસ્તાનમાં ફળ્યોફૂલ્યો છે. વિશ્વમાં લગભગ બધાં મુસ્લિમ રાષ્ટ્રોમાં આ સ્થિતિ છે. ઇસ્લામનો અર્થ શાંતિ છે તેમ ભલે લોકો સમજાવતા હોય, ઇસ્લામિક રાષ્ટ્રમાં પણ અત્યારે કોઈ પણ શાંતિ નથી.

મેં જ્યારે બાબરને ધમાકાના સમાચાર આપ્યા તો તે બહુ દુઃખી થયો. તેનું કહેવું હતું કે અમે આવા શેતાનોને મુસલમાન પણ માનવા તૈયાર નથી. વાત સાચી છે. ઘણા મુસલમાનો બાબરના મતના છે. તેઓ સાચા છે, પણ પેલું ટોળું ઘણું મોટું છે, જે આતંકવાદીઓને સંતાડી દે છે. આઝમગઢમાં આવી જ વાત. છોકરાઓ ઘણા સારા હતા. આ બધું એન્કાઉન્ટર ફર્જી થયું છે. આપી દીધી ક્લીન ચિટ! જજમેન્ટ આવે ત્યારે ખરું. અહીં તો જજમૅન્ટ તૈયાર જ છે.

અમે બધાં જમ્યાં–ન–જમ્યાં અને વિદાય થયાં. સૌને ચિંતા હતી કે આ રોગને ઊગતો જ ડામી દે તેવો શાસક ક્યાંથી આવે! માનો કે યુદ્ધના સમયે જ આવા વિસ્ફોટ કરવામાં આવે તો શું થાય?

26–9–08

*

પ્રત્યેક રાષ્ટ્રવાદીને રાષ્ટ્ર અને રાષ્ટ્રના ભવિષ્યની ચિંતા થવી જ જોઈએ. આવી ચિંતા ન કરનારા કર્તવ્યભ્રષ્ટ જ કહેવાય. જે રાષ્ટ્ર આપણને અન્ન–પાણી અને સુરક્ષા આપે છે તેના માટે ચિંતા કરવી જ જોઈએ. છેલ્લા કેટલાય સમયથી વિશ્વભરમાં ફેલાયેલો આતંકવાદ ભારતમાં વધુ જોર કરી રહ્યો છે. ઢીલી અને નમાલી સરકાર તેને કચડી શકતી નથી. કેટલીક વાર તો જાણતાં અજાણતાં તેનો પક્ષ લેતી હોય તેવું પણ લાગે છે. આથી વધારે ચિંતાનો વિષય બીજો કોઈ હોઈ શકે નહિ.

અમે બધાં પાછાં આવ્યાં અને સૂઈ ગયાં. આજે તા. 14–9–08 છે. આ પ્રવાસનો છેલ્લો દિવસ છે. ગઈ કાલે જે સ્નો પાર્ક જોવાનો રહી ગયો હતો તે જોવા બધાં રવાના થયાં. ટિકિટો લીધી. સૌને ખાસ પ્રકારના ડ્રેસ પહેરવા પડ્યા. બૂટ પણ બહુ ભારે. અંદર બરફ જ બરફ છે. એક નવો અનુભવ કરવા બધાં અંદર ગયાં. માઇનસ ચાર ડિગ્રી ઠંડક છે. કેટલાંક ધ્રૂજવા લાગ્યાં. અહીં ઘણીબધી આઇટમો છે. પણ હું તો થોડું રોકાઈને પાછો આવી ગયો. લોકો પણ થોડી વારમાં પાછાં આવી ગયાં.

શ્રી દિનેશભાઈ ઉદાર માણસ છે. તેઓ 28 પેનો લઈ આવ્યા. બધાંને એકએક આપી. સૌને આનંદ થયો. સૌને ભેટ લેવી ગમતી હોય છે. આ લખાણ તેમની જ પેનથી લખાઈ રહ્યું છે.

હોટલમાં અસલ કાઠિયાવાડી ખીચડી, કઢી, વગેરે અજિતે બનાવડાવ્યું હતું. બધાંને મજા પડી ગઈ. કોઈ માને કે ન માને, જેમ ભેટ બધાંને ગમે છે તેમ રુચિકર ભોજન પણ સૌને ગમે છે. બધાં તૃપ્ત થયાં અને પહોંચી ગયાં હવાઈ મથક પર. બધી વિધિ પતાવીને 127 નંબરના ગેટ પાસે બેઠાં છીએ. સ્વામીનારાયણ સંપ્રદાયના ત્રણ સંતો બેઠા છે. હું તેમની પાસે જઈને બેઠો. મને સંતો ગમે છે. ભલે ગમે તે સંપ્રદાયના હોય. જો તેઓ બહુ કટ્ટર ન હોય તો વાતો કરવાની મજા આવે. હું સુધારક છું, આલોચક છું, પણ મને કોઈની ઍલર્જી નથી. સંતો લંડનથી આવી રહ્યા હતા. વિમાન બદલીને તેઓ અમારી સાથે જ અમદાવાદ આવવાના છે. ભૂખ્યા હશે તેમ સમજીને મેં મારી પાસે જે કોરો નાસ્તો હતો તે આપવા પ્રયત્ન કર્યો, પણ તેમની પાસે પણ ખાવાનું હતું જ. વૃદ્ધ સંત વધુ અનુભવી અને મળતાવડા લાગ્યા.

સમય પાકી ગયો છે કે હવે બધા પંથો–સંપ્રદાયો એક થાય, વિખવાદ ન કરે. આગળ કપરો કાળ આવી રહ્યો છે. એમાં હિન્દુ ધર્મને ભારે આંચ આવવાની છે. કેટલાક કહે છે કે મુસ્લિમ–શાસનના કપરા કાળમાં પણ આપણું અસ્તિત્વ બચી ગયું તો હવે તો આપણું પોતાનું શાસન છે, કશું થવાનું નથી. મને યાદ છે કે એક વાર એક હિન્દુવાદી પક્ષના નેતાએ ભાષણ કરેલું કે એકવીસમી સદી એ હિન્દુ ધર્મની સદી છે. બધા હિન્દુત્વ તરફ વળવાના છે. મને થયું કે આ માણસને નશો ચઢ્યો છે. તેને વાસ્તવિકતા દેખાતી નથી. પહેલાં આપણે ટકી શક્યા, કારણ કે સામે જે વર્ગ હતો તે મૂર્તિભંજક અને અત્યાચારી હતો, તેથી તેના પ્રત્યે સૌને ભયંકર નફરત હતી. આ નફરતે રક્ષણ કર્યું. સ્ત્રીઓ જૌહર કરી બળી મરી, હજારો પુરુષો કેસરિયાં કરીને શહીદ થયા, કેટલાય દીવાલોમાં ચણાઈ ગયા, પણ ધર્મ ન બદલ્યો. હવે વાત ઊલટી થઈ ગઈ છે. હવે બાહ્ય વર્ગથી એટલો ભય નથી જેટલો અંદરના માણસો અને વર્ગોથી ભય ઊભો થયો છે. સદીઓથી જેમને તદ્દન પછાત રાખેલા તે લોકો હવે ભણ્યાગણ્યા છે અને પોતાના ભૂતકાળને ભય અને ઘૃણાથી જુએ છે. "અમારી સાથે આવો વ્યવહાર થતો હતો?" તેવું યાદ કરીને તેઓ દૂર ખસી રહ્યા છે, કેટલાક કટ્ટર વિરોધી થઈ રહ્યા છે તો કેટલાક હજી પણ વળગી રહ્યા છે. આપણા ધર્મગુરુઓ ભૂતકાળની ભૂલો સુધારીને પશ્ચાત્તાપ કરવાની જગ્યાએ હજી પણ ગૌરવગીતો ગાતા રહે છે. તેમને આવનારાં 25–50 વર્ષો દેખાતાં નથી, માત્ર ભૂતકાળ જ દેખાય છે અને તે પણ કાલ્પનિક.

ગઈ કાલનો જ દાખલો લઈએ. દિલ્હીમાં જે પાંચ વિસ્ફોટ થયા તેનું પગેરું છેક યુ.પી.ના આઝમગઢ પહોંચ્યું, પાંચ–સાત આતંકવાદીઓ પકડાયા. આઝમગઢના મુસ્લિમો અપરાધીઓની પડખે થઈ ગયા. તેઓ નિરપરાધી છે, કેસ બનાવટી છે. ઍન્કાઉન્ટર ફર્જી છે તેવું બુમરાણ ચાલુ થયું. પ્રશ્ન એ છે કે ફર્જી એન્કાઉન્ટરમાં પોલીસ ઇન્સ્પેક્ટર મોહનચંદ શર્માને કોણે ગોળી મારી? જો ફર્જી હોય તો પોલીસ પોતે પોતાને ગોળી મારે ખરી? બીજા બે પોલીસમૅનો પણ ઘવાયા છે. થોડાક પણ એવા ન નીકળ્યા કે જેઓ છાતી ઠોકીને

કહે કે હા, આતંકવાદીઓ હતા અને તેમને અદાલતમાં ઊભા કરી કડકથી કડક સજા કરો. અમે રાષ્ટ્ર અને ન્યાયની સાથે છીએ.

સૌથી વધુ આઘાતજનક વલણ તો જામિયા–મિલિયા યુનિવર્સિટીનું દેખાયું. તેણે ખુલ્લેઆમ આતંકવાદીઓમાંથી બે છોકરા પોતાની યુનિવર્સિટીના હોવાથી તેમનો કેસ લડવા પૂરી મદદ કરવાનો ઠરાવ કર્યો. ખરેખર તો યુનિવર્સિટીએ શરમાવું જોઈએ કે આવા આતંકવાદી છાત્રો પોતે પેદા કર્યા; પણ બધા છાતી કાઢીને આતંકવાદીઓને સાથ આપી રહ્યા છે. તેમનું કહેવું છે કે જ્યાં સુધી કેસ સાબિત ન થાય ત્યાં સુધી તેમને આતંકવાદી કહેવાય નહિ. માનો કે કેસ સાબિત થયો પછી કરેલી મદદ પાછી લેશો? ખરેખર તો આ મદદના બહાને યુનિવર્સિટી એક ખોટો મેસેજ આપે છેઃ "આગે બઢો, હમ તુમ્હારે સાથ હૈં. તુમ અકેલે નહિ હો, હમ તુમ્હારે સાથ હૈં." બોલો, કેટલી મોટી ચિંતાનો વિષય કહેવાય? જો બધી યુનિવર્સિટીઓ પોતપોતાના અપરાધી છાત્રો માટે આવું વલણ બતાવે તો શું થાય આ દેશનું? કદાચ કોઈ દેશ માટે લડતો હોય કે શહીદ થતો હોય અને કોઈ વિદ્યાસંસ્થા મદદ કરે તો વાત સમજાય, પણ કોઈ નિર્દોષ નાગરિકોની હત્યા કરવા, હત્યારી સંસ્થાનો સદસ્ય થઈને બૉમ્બ–ધડાકા કરે અને તેને કેસ જિતાડવાની પેરવી થાય તો–તો આ દેશનું આવી જ બન્યું સમજો. બીજા કોઈ દેશમાં આવું થઈ શકે? અરે! પાકિસ્તાનમાં કોઈ યુનિવર્સિટી બૉમ્બ ફોડનારાને ખુલ્લેઆમ આવી મદદ કરી શકે?

હજી વાત બાકી છે. જામિયા–મિલિયા યુનિવર્સિટીના વલણના સમર્થનમાં બે–ત્રણ કેન્દ્રીય મંત્રીઓ આવી ગયા, અર્થાત્ એમ જ કહો ને કે જે વલણનું સમર્થન કેન્દ્રીય મંત્રીઓએ ખુલ્લેઆમ કરવા માંડ્યું, એટલે કેન્દ્રીય સરકારે જ સમર્થન કર્યું કહેવાય. જો કેન્દ્રીય સરકારને આ વલણ સ્વીકાર્ય ન હોય તો તરત જ આવા વલણવાળા મંત્રીઓનાં રાજીનામાં લેવાં જોઈએ, તેમને બરતરફ કરવા જોઈએ. ઓછામાં ઓછું એટલું તો કહો કે અમે આ વલણ સાથે સંમત નથી! પણ કાંઈ નહિ. ચૂપ રહ્યા. એટલે એક તરફ કેન્દ્ર સરકાર અને તેની પોલીસ આતંકવાદીઓ સામે કેસ કરે અને બીજી તરફ એ જ સરકારના હિન્દુ–વિરોધી હિન્દુ મંત્રીઓ આરોપીઓને મદદ કરવાનું સમર્થન કરે. છે ને વિચિત્રતા? પ્રધાનમંત્રી વિશ્વભરમાં ફરી–ફરીને આતંકવાદને કચડી નાખવાનાં પ્રવચનો આપે છે. કોઈ એમને પૂછે કે પહેલાં ઘરમાં તો કચડી બતાવો! એક પાર્લમેન્ટનો અપરાધી ફાંસીની સજા મેળવીને પણ જીવે છે અને લીલાલહેર કરે છે. તેને બચાવી લેવાના પ્રયત્નો ચાલે છે. બીજી તરફ અનેક ધમાકા અને હત્યાઓમાં સંડોવાયેલી વ્યક્તિઓને મદદ કરવા યુનિવર્સિટી આગળ આવે છે. તેના સમર્થનમાં કેન્દ્રીયમંત્રીઓ રણે ચઢે છે. બોલો, હવે શું થશે આ દેશનું? વિશ્વભરમાં આતંકવાદ–વિરોધી પ્રવચનો કરનારા પ્રધાનમંત્રીનો કોઈ પ્રભાવ ખરો? અરે! પોતે તો કચડી શકતા નથી, પણ જે કોઈ કચડે છે તેને દુશ્મન માને છે. એટલે હવે હિન્દુઓ અને રાષ્ટ્રવાદીઓની સામે હિન્દુ ગદ્દારો જ વધુ ભયાનક થઈ રહ્યા છે, એટલે વધુ ચિંતા થાય છે.

*

# આરબ અમીરાત વિશે કેટલીક જાણવા જેવી માહિતી

1. અમીરાતનું કુલ ક્ષેત્રફળ 3885 ચો. કિ.મી. છે.

2. દુબઈ મધ્યએશિયાનું બીજા નંબરનું મોટું પ્રવાસકેન્દ્ર છે.

3. અહીં માનવનિર્મિત સૌથી મોટું બંદર છે જેમાં 71 બર્થ છે, જ્યાં 125 જહાજો ઊભાં રહીને માલસામાનની ચઢ–ઊતર કરાવી શકે છે. અહીં 70 લાખ કન્ટેનરો ચઢ–ઊતર કરે છે.

4. પ્રતિવર્ષ એક કરોડ પચાસ લાખ પ્રવાસીઓ અહીં આવે છે. ટૂરિઝમ તેની મુખ્ય આવક છે.

5. અહીં વધુમાં વધુ ગરમી 48થી 50 ડિગ્રી પડે છે.

6. અહીં ઘણા મૉલ છે, પણ “દુબઈ મૉલ” નામનો મૉલ 8936000 ચો. મીટરમાં ફેલાયેલો છે.

7. બુર્જ દુબઈ નામનો વિશ્વનો સૌથી ઊંચો ટાવર (2300 ફૂટ) અહીં છે.

8. પ્રતિદિન ચારેક લાખ બેરલ ક્રૂડનું ઉત્પાદન થાય છે. (અબુધાબી)

9. પ્રત્યેક આઠ માણસે એક જ આરબ હોય છે. સાત બહારના હોય છે.

10. 1894માં શેખ મક્તુમ બીન હશરે પરદેશના વ્યાપારીઓને દુબઈ આવી વ્યાપાર કરવાની છૂટ આપી. અહીંના બંદરને કસ્ટમ–મુક્ત ફ્રી ઝોન બનાવ્યું.

11. 1966માં અહીં તેલ શોધાયું અને 1969માં વ્યાપારી ધોરણે તેલનું ઉત્પાદન શરૂ થયું.

12. 1971માં UAE–સંયુક્ત આરબ અમીરાતની સ્થાપના થઈ. પ્રથમ પ્રમુખ અબુધાબીના શેખ જાહીદ બીન સુલતાન અલ નાહ્યાને થયા.

13. 1967માં દુબઈનું ઉત્પાદન 59000 ડૉલર હતું તે વધીને હવે 15 લાખ ડૉલર થઈ ગયું છે.

14. વિશ્વનો સૌથી ઊંચો ટાવર “બુર્જ દુબઈ”(700 મીટર) તૈયાર થઈ રહ્યો છે.

## મોરિશિયસ વિશે થોડી માહિતી

1. 40થી 200 ઈંચ વરસાદ થાય છે.

2. વિશ્વનું સર્વોત્તમ સીસમ લાકડું અહીં થાય છે, જેના માટે ગોરાઓ લડતા હતા.

3. અહીં એક મહાન ફ્રેંચ ગવર્નર માહ ડ. લેબર્ડો થયો હતો, જેણે નૌકા–બંદર બનાવ્યું.

4. 1833માં ગુલામપ્રથા બંધ થઈ.

5. 1869માં સુએઝ નહેર ચાલુ થવાથી બંદર તરીકે મોરિશિયસનું મહત્ત્વ ઘટવા લાગ્યું.

6. ભારત કરતાં અહીંની માથાદીઠ આવક લગભગ ચાર–પાંચ–ગણી વધારે છે.

* * * * *

આ ગુજરાતી ઈ-બુક ઈ-શબ્દ દ્વારા તૈયાર કરવામાં આવી છે. ગુજરાતી યુનિકોડ ફૉન્ટમાં દુનિયામાં જે ઈ-બુક માટે સર્વમાન્ય છે એવા ePub 2.01 Standardમાં ગુજરાતી સાહિત્યના અનેક પ્રકાશકો, લેખકોના સૌથી વધારે પુસ્તકો ઈ-બુક ફોર્મેટમાં... www.e-shabda.com

ઈ-શબ્દ ઉપલબ્ધ કરાવે છે એક સાથે, એક સ્થળે અનેક પ્રકાશકોની, અનેક લેખકોની ગુજરાતી ઈ-બુક્સ... ભારતની કોઈ પણ પ્રાદેશિક ભાષાઓ અને રાષ્ટ્રભાષા હિન્દીમાં પણ કદાચ નહીં હોય એટલી સંખ્યામાં...

સાથે સાથે આજનો ઈ-શબ્દ પર વાંચો રોજે રોજનું નવું ગુજરાતી વાચન ખ્યાતનામ ગુજરાતી લેખકોની કલમે... સાથે અમૂલ્ય ફોટોગ્રાફ્સ, ઑડિયો ક્લિપ્સ, વિડીયો પણ... See more at: http://www.e-shabda.com/blog/